

કુમાર

સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી · સ્વ. બચુભાઈ રાવત
આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · વર્ષ ૫૭મું · અંક ૯મો · સપ્ટેમ્બર ૧૯૮૦ · સળંગ અંક ૬૮૧
તંત્રી · બિહારીલાલ ટાંક




સ્નાન · ફોટો : રાજેશ ગિ. ભટ્ટ



કામગરી સાહેલીઓ · ચિત્રકાર: દિનેશ શાહ

લીંપી-ધોળીને ચોખ્ખાચણક રાખેલા ઓરડાને ઓટલે નવરાશની વેળાએ ભરતની સળીઓ ઉપર રંગબેરંગી ધાગા ગૂંથીને વીંજણા બનાવતી રાજસ્થાની ગ્રામનારીઓના આ ચિત્રમાં, કલાકારે ગામડાનાં ઓબડખોબડ ઓરડાંના જેવી, વાંકીચૂંકી સંયોજનરેખાને ગ્રામગીતોની લયકારી સમી સુંદર રીતે વણી લીધી છે. ઘર અને ભૂમિના રંગની સાદગીને પડછે ગ્રામનારીઓનાં વસ્ત્રોની રંગભભક એક દૃષ્ટિમધુર સમતોલન રચે છે.



કુમાર

સપ્ટેમ્બર ૧૯૮૦ · અંક ૬૮૧

આદ્યતંત્રી: બચુભાઈ રાવત — તંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલ અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત (મૅનેજર) - મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

બનાવ્યો. નદીઓમાં અવરજવર માટે હોડીઓ બનાવરાવી અને વસાહતીઓને સતત કાર્યરત રાખીને એમને આળસી જતા અટકાવીને તેમનામાં શિસ્ત સ્થાપી. ૧૬૦૮માં એની અહીંના ગવર્નર તરીકે નિમણૂક થઈ. અમેરિકામાં અંગ્રેજ વસાહતના સૌપ્રથમ એ ગવર્નરની વય ત્યારે માત્ર ૨૮ વર્ષની હતી.


અંગ્રેજોની એ પહેલી જ છતાં સ્મિથના લીધે એક નમૂનારૂપ વસાહત હતી. કંઈ ને કંઈ ત્યાં સતત ચાલ્યા જ કરતું. સ્વાભાવિક જ સ્મિથના તેજોદ્વેષીઓ લંડનમાં તેની વિરુદ્ધ કાનભંભેરણી પણ કરતા જ રહેતા. એટલે નવા વસાહતીઓ સાથે કંપનીએ નવો ગવર્નર પણ મોકલ્યો. અને કોલંબસની માફક માનહાનિ સાથે એને વતન પાછા ફરવું પડ્યું. વખત જતાં એના કાર્યનું મહત્ત્વ સૌને સમજાયું. નવા પ્રદેશો ખેડવા ફરી વાર એને અમેરિકા મોકલવામાં આવ્યો.

આ વખતે એ જે પ્રદેશમાં ઘૂમ્યો તેને એણે ન્યૂ ઈંગ્લૅન્ડ નામ આપ્યું. અહીંના સાગરકંઠારની મોજણી કરીને એણે તેના બહુ ચોક્કસ અને વિગતવાર નકશા પણ બનાવ્યા. મૅસેચ્યુસેટ્સ ઉપસાગરને એ નામ પણ એણે જ આપેલું. આ સફર બાદ એ લંડનમાં સ્થાયી થઈને રહ્યો હતો.

લંડનની એક ઘટના પણ નોંધવા જેવી છે. ૧૬૧૬માં એક દિવસ બજારમાં એને એક રેડ ઇન્ડિયન ભેટી ગયો. નજર એક થઈ અને બંને એકબીજાને ઓળખી જતાં નવાઈ પામ્યા. પૉહેટનનો એ એક યોદ્ધો હતો. તેના દ્વારા સ્મિથને ખબર પડી કે પૉકેહોન્ટાસ પણ તેના પતિ તથા પુત્ર સાથે લંડન આવી હતી. પૉહેટને એ યોદ્ધાને બને તો સ્મિથને ખોળી કાઢી તેના દ્વારા અંગ્રેજોનાં રાજારાણીને મળવા સૂચના આપી હતી.

પછી તો સ્મિથ પૉકેહોન્ટાસને પણ મળ્યો. સ્મિથ લંડન આવ્યા પછી પૉકેહોન્ટાસને એવું જાણવા મળેલું કે એ મરી ગયો છે. વળી, પૉહેટાન સાથે પણ વસાહતીઓ બાખડી પડયા હતા, અને એ એમને વધુ ન સતાવે એટલા સારુ તેઓએ પૉકેહોન્ટાસને જેઈમ્સ ટાઉનમાં બાન રાખી હતી. પણ તેઓએ એને રાજકુમારીની જેમ સાચવી હતી, એને અંગ્રેજી ભાષા શીખવી હતી અને જ્હૉન રૉલ્ફ સાથે તેણે લગ્ન કર્યું હતું. અહીં એ પતિ તથા પુત્ર સાથે સાસરિયાંને મળવા આવી હતી. સ્મિથે ઈંગ્લૅન્ડની રાણી સાથે એની મુલાકાત કરાવી આપી અને પૉકેહોન્ટાસને ત્યાં રાજકુંવરી જેમ માન અપાયું. પણ અહીંની આબોહવા પૉકેહોન્ટાસને માફક ન આવી. એ ક્ષયનો ભોગ બની, અને ૧૬૧૭માં એનું અવસાન થયું. ગ્રેવસેન્ડના પૅરિશ ચર્ચમાં એનો દફન-વિધિ થયો. જ્હૉન રૉલ્ફ અને તેનો પુત્ર એકલા પાછા ફર્યા. અમેરિકાના પ્રેસિડેન્ટ વિલ્સનની પત્ની આ જ્હૉન રૉલ્ફ અને પૉકેહોન્ટાસના વંશની હતી.

કૅપ્ટન જ્હૉન સ્મિથનાં સાહસો અને પરાક્રમો તથા વર્જિનીઆ ને ન્યૂ ઈંગ્લૅન્ડમાં એણે કરેલાં કાર્યો આ બેત્રણ પાનાંમાં વર્ણવવાં અશક્ય છે. એના વિનાનો ઉત્તર અમેરિકાનો ઇતિહાસ કંઈક જુદો જ હોત. સ્મિથના નકશાઓના આધારે હેન્રી હડસને પોતાની શોધસફરો કરી હતી. પિલ્ગ્રિમ ફાધર્સને માટે એણે જ અમેરિકામાં માર્ગ મોકળો કરી આપ્યો હતો. મૅસેચ્યુસેટ્સ ઉપસાગર પ્રદેશની વસાહતોએ સ્મિથના નકશા ના જ આધાર લીધો હતો. એની ઇચ્છા તો ફરી એક વાર અમેરિકા જવાની હતી પણ એ બની શક્યું નહિ. પણ વસાહતીઓને માર્ગદર્શન આપે એવું એણે ઘણુંઘણું લખ્યું હતું. પોતાનું જીવનવૃત્તાંત પણ એણે લખ્યું. 'ઍડમિરલ ઑાવ ન્યૂ ઈંગ્લૅન્ડ'નો એને ખિતાબ પણ અપાયો. ઈ. ૧૬૩૧ના જૂન માસમાં લંડનમાં એનું અવસાન થયું. માત્ર એકાવન વર્ષના આયુષ્યમાં એના જેટલું વૈવિધ્યસભર્યું સાહસ અને પરાક્રમપૂર્ણ જીવન એ કાળના ઇતિહાસમાં ભાગ્યે જ જોવા મળશે. કેવળ આપબળે જ એણે એ ઘડયું હતું અને છેક સુધી સફળતા-નિષ્ફળતાની પરવા કર્યા વિના હિંમતથી એ જીવ્યો હતો. □



આકાશદર્શન

આ નકશાના આધારે હાલમાં દેખાતા આકાશના ઉત્તર ગોળાર્ધમાં જોશો તો, નકશામાં ટપકાંટપકાં વડે દર્શાવેલી આકાશગંગાના પટ ઉપર ઊડતા 'હંસ અને ગરુડ' જેવાં બે તારામંડળો ધ્યાન ખેંચશે. એમનાં એ જ નામ છે. હંસ તારામંડળમાં કલ્પેલી ઊડતા હંસની આકૃતિમાં મસ્તકના સ્થાન પરનો તારો 'હંસમુખ' અને પૂછડીના સ્થાન પરનો 'હંસપૃચ્છ (Deneb Arided) તારો સૂર્ય કરતાં ૬૦,૦૦૦ ગણો તેજસ્વી છે, અને આપણાથી ૧૫૦૦ પ્રકાશવર્ષ દૂર છે. હંસમુખ એ યુગ્મતારો છે. આ તારામંડળ જ્યાં દેખાય છે તે આકાશી વિસ્તારમાં સંખ્યાબંધ યુગ્મતારા છે. નકશામાં હંસપુચ્છની નીચે ગોળ વર્તુળની વચ્ચે જે તારો બતાવ્યો છે એ આમ તો નરી આંખે બહુ તેજસ્વી નથી લાગતો પણ તેનું મહત્ત્વ એ છે કે તે ઉત્તર આકાશમાં આપણી સૌથી વધુ નજીકનો–માત્ર ૧૦.૬ પ્રકાશવર્ષ દૂરનો તારો છે.

હંસ તારામંડળના તારાઓની ગોઠવણમાં ખ્રિસ્તના ક્રૉસનો આકાર બંધબેસતો આવતો હોઈ તેને 'નૉર્ધન ક્રૉસ' પણ કહે છે. 'નૉર્ધન' એટલા માટે કે દક્ષિણાકાશમાં 'સધર્ન ક્રૉસ' નામે ઓળખાતું આવા આકારનું એક મંડળ છે, જેને આપણે 'સ્વસ્તિક' નામે ઓળખીએ છીએ.

હંસ પછી અહીં બીજું તારામંડળ 'ગરુડ'નું છે. ઊડતા ગરુડની આકૃતિની તેમાં કલ્પના છે. તેમાં બે ડાંખા અને તેની વચ્ચે ચળકતા જે ત્રણ તારા ધ્યાન ખેંચે છે તેને આપણે શ્રવણ અને તેનાં માતાપિતા તરીકે ઓળખીએ છીએ.

ગરુડની બાજુમાં જ 'શર' અને 'ધનિષ્ઠા' નામનાં બે નાનાં તારામંડળો છે જેમાં શર એટલે કે બાણ તથા 'ડૉલ્ફિન' જળચરની આકૃતિ કલ્પી છે.

આકાશગંગાના એક કાંઠે 'શ્રવણ', સામે કાંઠે 'અભિજિત' એટલે કે દશરથ અને એ બંનેની વચ્ચે 'શર'. આ ત્રણેનાં નામકરણની સાર્થકતા તો સમજી શકાય તેવી છે. દશરથથી અજાણતાં શ્રવણનો વધ થયાની કથા યાદ હશે.

પણ સૌથી વધુ ધ્યાન ખેંચે છે 'અભિજિત' તારો. 'વીણા' નામે ઓળખાતા નાના તારામંડળનો એ મુખ્ય તારો ઉત્તર આકાશમાં સૌથી વધુ તેજસ્વી દેખાય છે. વીણા નામ આપણે પશ્ચિમે આ મંડળને આપેલા તેમના જાણીતા તંતુવાદ્ય 'લાયર' (Lyre)ના નામ પરથી ઉપજાવ્યું છે, બાકી આપણી વીણાનો આકાર તેમાં જરાય બેસતો નથી.

આગામી માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

તા. ૨ (૧૪૫૨) શેક્સપીઅરના જગવિખ્યાત નાટક પરથી ઇંગ્લૅન્ડના સૌથી વધુ ગણતરીબાજ



કાવતરાખોર અને ખૂની તરીકે જેને ઘણી બદનામી મળી છે તે, ઇંગ્લૅન્ડના યૉર્ક રાજવંશના રાજા રિચાર્ડ ત્રીજાનો જન્મ. હકીકતે રિચાર્ડ ત્રીજો તેવો બદનામ ને બદમાશ હતો કે નહિ તે પ્રશ્ન છે.

'ગુલાબોના વિગ્રહ' તરીકે ઇંગ્લૅન્ડના ઇતિહાસમાં જાણીતી યુદ્ધપરંપરાથી ત્રાસેલી પ્રજાને ઈ. ૧૪૮૫માં બૉસવર્થની લડાઈમાં રિચાર્ડ ત્રીજાને મારીને ગાદી પર આવેલા ટ્યુડર રાજા હેન્રી સાતમાના શાસન પછી કંઈક શાંતિ મળી હતી, આથી રિચાર્ડના કંઈ ગુણો હોય તો તે પણ ભૂંસાઈ જાય, અને હેન્રી પણ આ બાબતને ઉત્તેજે તે સમજી શકાય તેવું છે. એ જ કાળના જ્હૉન રાઉસ નામના એક પાદરીએ લખેલા ઇતિહાસમાં પોતે લખેલી રિચાર્ડની પ્રશંસાને એણે પાછળથી ફરી લખેલાં ઇતિહાસમાંથી કાઢી નાખી હતી. એટલું જ નહિ, તેણે તેમાં રિચાર્ડને ખભા સુધી લાંબા વાળ, મોંમાં પૂરા દાંત અને નહોર જેવા તીણા નખ સાથે જન્મેલો તથા ખંધો અને ખૂંધિયો વર્ણવ્યો હતો. અસ્વાભાવિક દેહાકૃતિવાળા માણસનું માનસ પણ વિકૃત જ હોય તેમ એ સમયમાં અજ્ઞાની અને વહેમી લોકો સરળતાથી માની લે તે સ્વાભાવિક હતું. પણ બ્રિટિશ મ્યૂઝિયમમાં સુરક્ષિત રખાએલા જ્હૉન રાઉસના ઇતિહાસની પહેલી અંગ્રેજી પ્રતમાં રિચાર્ડનાં તેણે જ કરેલાં વખાણ આજે પણ વાંચી શકાય તેમ છે.

આ રાઉસ તો ૧૪૯૧માં અવસાન પામ્યો, પણ તેણે લખેલા વિકૃત વર્ણનની છાપ ટકી રહી. એની જ અસર તળે ટૉમસ મૉર, એડવર્ડ હૉલ અને રફાએલ હૉલિનશેડે પણ રિચાર્ડને એવો જ આલેખ્યો. અને આ બધાની અસર તળે રિચાર્ડના મરણ પછી ૧૦૮ વર્ષે શેક્સપીઅરે પણ પોતાના નાટકમાં વધુ રંગો પૂરીને તેને ખંધો, ખૂંધિયો, કાવતરાબાજ, ખૂની, એક પગે લંઘાતો ને વિકૃત હાથવાળો ચીતર્યો. રિચાર્ડ ત્રીજાએ ઓગણીસ વર્ષની વયે દર્શાવેલા યુદ્ધ-કૌશલની જે વિગતો મળે છે તે આવા વિકૃત દેહ સાથે શક્ય નથી લાગતી. બીજી બાજુ રિચાર્ડને નામે ચડેલાં ખૂન ને કાવતરાંની સાબિતી મળતી નથી તેમ જ એની દેહવિકૃતિ દર્શાવતું એ સમયનું કોઈ છબીચિત્ર પણ મળ્યું નથી. હકીકત ગમે તે હશે, પણ રિચાર્ડ ત્રીજા વિષે થએલું વિકૃતિકરણ શેક્સપીઅરના પાત્રાલેખનથી વધુ દૃઢ બની હજી સુધી ટકી રહ્યું છે.

થોડા પણ ચુનંદા તીરંદાજો અને હાથોહાથની લડાઈમાં કુશળ યોદ્ધાઓ સામે પોતાના દસ હજાર સૈનિકો છતાં માત્ર બેએક કલાકમાં જ પરાજય અને મોત પામનાર રિચાર્ડ ત્રીજાના બૉસવર્થના યુદ્ધ પછી ઇંગ્લૅન્ડના ઇતિહાસમાં એક નવું જ પ્રકરણ આરંભાયું હતું.

તા. ૭ (૧૮૬૫) મુંબઈમાં ગૅસલાઈટના દીવાના ઉપયોગનો પ્રારંભ કરવામાં આવ્યો.

તા. ૮ (૧૮૭૩) વેદાન્તજ્ઞાનનો સંદેશો દેશવિદેશમાં પ્રસારનાર સ્વામી રામતીર્થનો જન્મ.

તા. ૧૧ (૧૮૧૧) વરાળયંત્રથી ચાલતી 'સ્ટીમર' ન્યૂયૉર્ક ને હૉબોકેન વચ્ચે પહેલી વાર દોડી.

તા. ૧૪ (૧૦૬૬) ઇંગ્લૅન્ડના ઇતિહાસમાં આખું જ મહત્ત્વનું પ્રકરણ ઉમેરું હતું હેસ્ટિંગ્સની લડાઈએ. ઈ. ૧૦૬૬ની ૧૪ ઑક્ટોબરે આ યુદ્ધમાં નૉર્મનો સામે હૅરોલ્ડની હાર થઈ. વિજેતા વિલિયમ 'ધ કૉન્કરર'નું બિરુદ પામ્યો. ઇંગ્લૅન્ડના રાજકીય ઇતિહાસનો ખરો પ્રારંભ આ હૅસ્ટિંગના યુદ્ધ પછી જ થયો એમ મનાય છે.

તા. ૧૬ (૧૭૯૩) સૌંદર્યમૂર્તિ ફ્રેંચ રાણી મેરી આંત્વાનેતનો ઉદ્દામ લોકમતના હાથે શિરચ્છેદ.

તા. ૧૭ (૧૬૧૨) અંગ્રેજોએ ગુજરાતમાં વેપાર-વાણિજ્ય માટેના સૌપ્રથમ કોલકરાર કર્યો.

તા. ૨૦ (૧૭૭૪) વૉરન હૅસ્ટિંગ્સે હિંદના પ્રથમ ગવર્નર જનરલ તરીકેનો હોદ્દો સંભાળ્યો.

તા. ૨૮ (૧૯૩૪) ભારતના ઉત્કર્ષ માટે રાજકારણમાં નિવૃત્તિ લેવાની ગાંધીજીની જાહેરાત.

તા. ૨૯ (૧૫૦૪) વાસ્કો ડા ગામાએ કાલિકટ બંદર જીતી ૮૦૦ માનવીઓની કતલ કરી.

તા. ૩૧ (૧૯૨૮) સાયમન કમિશનના વિરોધી સરઘસનો મોરચો સાચવતા લાલા લજપતરાય ઉપર લાઠીમાર થયો, જેને કારણે થોડા દિવસમાં તેમનું મૃત્યુ નીપજ્યું.



સ્ટીમરની હોનારતમાંથી બચી ગએલા બે જણા ભર મહાસાગરની વચ્ચે એક નાની હોડીમાં નિરાશ થઈ બેઠા હતા. ક્યાંય કિનારો તો શું પણ નાનો બેટ પણ જણાતો ન હતો.

એક : ત્યાં દૂર શું જુએ છે? કાંઈ દેખાય છે?

બીજો : હા, માત્ર ક્ષિતિજ.

એક : તો પછી ત્યાં હંકારી લે.

જજ : ગુનેગારને છોડી મૂકવાના તમારા નિર્ણયની પાછળ કયું કારણ રહેલું છે.

જ્યુરીનો અગ્રણી : ગાંડપણ નામદાર.

જજ : શું? તમારા બારે બાર સભ્યોનું!

નવાસવા થઈ ગએલા લખપતિ શેઠે તેના શૉફરને ધમકાવીને પૂછ્યું 'એ શાનો અવાજ ગાડીમાં થયો?'

'મેં ગીઅર બદલ્યું, સાહેબ.'

'તો તેં મને પૂછ્યા વિના વસ્તુઓ બદલવા માંડી છે, એમ?' શેઠ બરાડયા.

જેલમાં કેદીઓને સુબોધ આપવા માટે ગએલા પાદરીએ એક નવા કેદીને જોઈ સહાનુભૂતિથી પૂછ્યું : 'અલ્યા જુવાન, તું આટલી ઉંમરે આવા સ્થળે શાથી આવી ચડયો?'

'હું ૧૩ના અપશુકનિયાળ આંકડાનો ભોગ બન્યો, સાહેબ.'

'ખરેખર! એ કેમ બન્યું?'

'બાર જ્યુરી અને એક જજ દ્વારા.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

આપે પ્રતિકૃતિ આરસી જોતાં જનને જેમ,
અંતઃકરણનો ડંખ પણ તન પ્રકટે છે તેમ.

એક જણને કોઈ માણસ વિષે ખૂબ ગ.ળો અને ગુસ્સાપૂર્વક બોલતો સાંભળી લિંકને તેને કહ્યું કે, 'આમ બખાળા કાઢવા કરતાં તમારો રોષ તેને ઉદ્દેશીને એક પત્રમાં લખી કાઢો.' પેલાએ એવો કાગળ લખી લિંકનને વંચાવતાં તેણે તેમાં ઊતરેલી કડકાઈનાં વખાણ કર્યાં. લખનારે ખુશ થઈને પૂછ્યું : 'હવે આ એને મોકલવો કઈ રીતે?' 'મોકલવો?' – લિંકને પૂછ્યું : 'હું તો કદી એવા કાગળ મોકલતો નથી. માત્ર એ રીતે મનનું ઝેર કાઢી નાખું છું, ને એથી ઘણો લાભ થાય છે.'

કહેવતોના અર્થ : 'મૂઈ પાડી તે લાભમાં લેખું.' કોઈ પણ નુકસાનથી નિરાશ ન થતાં તેમાંથી જે કાંઈ બચાવી કે લાભ મેળવી શકાય તેવું હોય તેને ગનીમત ગણવાનું આ કહેવત પ્રબોધે છે, અને મોંઘા મૂલની પાડી મરી ગઈ તેનું દુઃખ લગાડવા ન બેસતાં તેના ચામડાના પૈસા તો ઊલટ મળશે એવી ધરપત ધરનાર ભરવાડનું ઉદાહરણ દાખવે છે. એને મળતાં બીજાં કથન: 'આગ લગતે ઝૂંપડે જે નીકળ્યું તે લાભ.' વગેરે.

એકાકી ચિન્તયેન્નિત્યં
विविक्ते हितमात्मनः ।
એકાકી चिन्तयानो हि
परं श्रेयोऽधिगच्छति ॥

એકાંતમાં એકલાએ જ હમેશ પોતાના ખરા હિતનું ચિંતન કરવું, કારણ કે એકાકી ચિંતન કરતા રહેવાથી જ સદ્દકૃત્યો વધતાં રહી મનુષ્ય પરમ કલ્યાણને પામે છે.

અમેરિકામાં ગુલામીની પ્રથા ઈ. ૧૬૨૦માં જેઈમ્સટાઉન મુકામે શરૂ કરવામાં આવેલી ને ૧૮૬૦સુધીના અઢી સૈકામાં તો ત્યાં ગુલામોની સંખ્યા ૪૦લાખ પર પહોંચેલી અમેરિકામાંથી એ પ્રથા નાબૂદ કરવા લડાએલા યુદ્ધનું કુલ ખર્ચ ૫,૫૫,૦૦,૦૦૦ પૌંડ થએલું એટલે કે દર ગુલામની મુક્તિદીઠ ૧૪૦ પૌંડ!

નડતરો એટલે ધ્યેય પરથી
નજર ખસી ગયા પછી
જે દેખાય તે.

અનેકાર્થી શબ્દ : આડું; સીધું નહિ તેવું, ઊભું નહિ તેવું, વચ્ચે પડતું હોય કે આવે તેવું, હઠીલું, વાંધાખોટિયું, પરોક્ષ, આડકતરું, ખોટું, વાંકું, વિરુદ્ધ, વચ્ચે આવવું, આડી બાજુએ, ગાડાનું ખલવું, મેલું–ભૂત ઇત્યાદિ.

મરી

ખાંસીમાં મરીનું ચૂર્ણ મધ, ઘી ને સાકર સાથે ચાટવું. સળેખમમાં અધોળ દહીં અને ૧ તોલા ગોળ સાથે ૦। તોલો મરીનું ચૂર્ણ લેવું. શરદી અને તાવમાં મરીનો ઉકાળો પીવો. મોળ અને પેટના વાયુમાં મરી આપવાં. મંદાગ્નિમાં મરીનું ચૂર્ણ મધમાં આપવું.

ગણિતગમ્મત

માત્ર આઠડા સિવાયના બધા ક્રમિક અંકની રકમ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૯ને ૯ વડે ગુણવાથી ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ એ જ રકમ આવશે. આ સૂત્રને ખ્યાલમાં રાખીને તમે મિત્રમંડળમાં એક ગમ્મત કરી શકો. પાટિયા ઉપર ઉપલી રકમ લખીને કોઈ પણ મિત્રને ૧ ને ૯ વચ્ચેનો તેનો માનીતો આંકડો કયો તે પૂછવું. પછી એ મિત્ર જે આંકડો કહે તેને ૯ વડે મનમાં ગુણવાથી આવતી રકમ વડે ઉપલી રકમને ગુણવાથી પેલા મિત્રનો કહેલો જ આંકડો સળંગ ગુણાકારમાં આવશે. દા.ત. પેલા મિત્રે ૪નો અંક કહ્યો, તો તમારે (૪×૯=)૩૬ વડે ઉપલી રકમને ગુણી બતાવવી. જવાબમાં બધા ચોગડા જ આવશે!:

```
  ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૯
              × ૩ ૬
  ---------------
  ૭ ૪ ૦ ૭ ૪ ૦ ૭ ૪
૩ ૭ ૦ ૩ ૭ ૦ ૩ ૭
-----------------
૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪
```



કલાકણિકા : રખે માનતા કે આ બારીક કોતરણીવાળી તાસક હશે.
આ તો છે પંજાબ તરફની સોનાના બારીક વારકશીકામવાળી પોલાદની ઢાલ. યુદ્ધસાધન ઉપર પણ કલા.

પણ ભૂલી ગઈ. ગુલામીમાંથી છોડીને તુર્ક ભાષા તથા પોતાની કોમના રસમરિવાજ શીખવવા મરાટકાએ જ્હૉનને પોતાના ભાઈ તેમુર પાસે મોકલ્યો. સાથે આપેલા પત્રમાં એણે જ્હૉનપ્રત્યેની પોતાની કૂણી લાગણી પણ પ્રકટ કરી હતી. પણ તેમુર તો પોતાની બહેન ગુલામના પ્રેમમાં હોવાનું જાણી અત્યંત ગુસ્સે થઈ ગયો. તેણે જ્હૉનની દશા ગુલામોના યે ગુલામ જેવી કરી નાખી, જ્યારે સૂઝે ત્યારે અને તેમ એણે જ્હૉન પર અત્યાચારો કરવા માંડયા. એ રીતે એક દિવસ જ્હૉન જ્યારે એકાંતમાં કૂંડાં ધોકાવતો હતો ત્યારે ત્યાં આવી ચડેલા તેમુરે ક્રૂર રીતે તેને સતાવવા માંડયો. અત્યાર સુધી મમ ખાતા રહેલા જ્હૉને ઉશ્કેરાઇને હાથમાંનો ધોકો ફટકારીને તેમુરની ખોપરી ફાડી નાખી. પછી એ તેમુરનાં જ કપડાં પહેરીને તથા દાણાની એક કોથળી સાથે લઇને એના જ ઘોડા પર ત્યાંથી નાસી છૂટયો.

લપાતોછુપાતો એ લગભગ પંદર દિવસે રશિયાની સરહદે પહોંચ્યો, ત્યાંથી મદદ મેળવીને એ દક્ષિણ રશિયાના માર્ગે પોલૅન્ડ થઈને ટ્રાન્સિલવાનિયા ગયો. આ બાજુ તો સૌ એને લડાઈમાં મરી ગએલો જ માનતા હતા. જ્હૉનને જીવતો જોઈ તેઓ ખૂબ રાજી થયા. રાજા સિજીસ્મંડે એને ઉમરાવ બનાવ્યો અને પંદરસો સોનામહોર ભેટ આપી. અહીંથી એ જર્મનીમાં ધૂમતોધૂમતો ફ્રાંસ પહોંચ્યો, ત્યાંથી મોરોક્કો ને ઉપરટ પોતાને વતન પાછો ફર્યો ત્યારે યે માર્ગમાં એમને આંતરનારાં બે સ્પેનિશ જહાજો સાથે લડીને આવ્યો હતો. ચોવીસ વર્ષના પોતાના આ અદ્વિતીય સાહસિક શૂરવીરને લોકોએ અનેક માનપાનથી નવાજી દીધો. પણ હવે જ્હૉન બહુલડી ચૂકયો હતો. હવે તો નવાં જ સાહસો ખેડવાની તેને આકાંક્ષા હતી. ફ્રાંસિસ ડ્રેઈક જ્યાં જઈ આવેલો અને જેને કારણે વૉલ્ટર રૅલેનું લગભગ બધું રોળાઈ ગયું હતું, એ આટલાંટિકને પેલે પાર નવી શોધાએલી ભૂમિમાં પોતાના વતનનો વાવટો ફરકાવીને ત્યાં વસાહત સ્થાપવાની તેની ઇચ્છા હતી.

વૉલ્ટર રૅલેએ જેને વર્જિનીઆ નામ આપેલું ને જ્યાં જઈને અંગ્રેજ વસાહતીઓ ખોરાકના અભાવે, રોગચાળાથી ચા આદિવાસી રેડ ઇન્ડિયનોના હાથે માર્યા ગએલા, એ ભૂમિમાં વસાહત કાયમ કરવાનું જ્હૉને બીડું ઝડપ્યું. ૧૬૦૬માં કિંગ જેઈમ્સે લંડનની એક કંપનીને આ માટે ચાર્ટર આપ્યો. જ્હૉને પણ તેમાં પોતાની મૂડી રોકી અને એ અંગે સક્રિય રસ લઈને એ જ વર્ષના ડિસેમ્બરમાં અમેરિકામાં નવી વસાહત ઊભી કરવા જતા કંપનીના માણસો સાથે ઊપડયો. અમેરિકા પહોંચ્યા પછી ત્યાંના વહીવટ માટે રચવાની સમિતિ અંગેની સૂચનાનું એક બંધ કવર જહાજના કપ્તાન ન્યૂ પોર્ટને કંપનીએ આપ્યું હતું.

એ લાંબી સફર બહુ ધીરી ગતિએ ચાલતી હતી. આ રીતે વેડફાતો સમય અને ખોરાક બચાવવા માટે સ્મિથે જહાજમાં અવાજ ઉઠાવ્યો. બીજાઓને એ ગમ્યું નહિ, એમણે જ્હૉનને પકડીને બાંધ્યો. એમની તૈયારી તો એને દરિયામાં ફેંકી દેવાની હતી, પણ એ પહેલાં પેલું બંધ કવર ખોલી જોવાનું વિચારાયું. અને તેમાં વસાહતના એક વહીવટકર્તા તરીકે જ્હૉન સ્મિથની નિમણૂકની પણ સૂચના જોતાં તેઓએ સ્મિથને બંધન-મુક્ત કરવો પડયો.

ઈ. ૧૬૦૭ની ૨૫ એપ્રિલે એમનું જહાજ ચેઝપિક ઉપસાગરમાં લાંગર્યું. ૧૪મીના રોજ જેઈમ્સ ટાઉન વસાહતની સ્થાપના થઈ અને બે માસ પછી કૅપ્ટન ન્યૂપોર્ટ વતન પાછો ફર્યો ત્યારે એડવર્ડ વિંગફિલ્ડને આ વસાહતનો મુખી નીમતો ગયો. પણ આ લોકોએ વસવાટ માટે ખોટી જગ્યા પસંદ કરી હતી. અલબત્ત, જેઈમ્સ નદીના પહોળા પટમાં વહાણ લાંગરવાં સરળ હતાં, પણ વસાહતની આસપાસની ભૂમિ ખેતી માટે અયોગ્ય હતી. રોગચાળાનો અને આદિવાસીઓના હુમલાનો પણ સતત ભય રહેતો. અને એમ જ થયું. સાથે આણેલું અનાજ કુગાઈ ગયું. મોટા



પૉકેહૉન્ટાસ-૨૧ વર્ષની વયે. એનું મૂળ નામ તો મૅટોકા હતું. રેડ ઇન્ડિયનો તેને પૉકેહૉન્ટાસ-રમતિયાળ કુંવરી કહેતા. જેઈમ્સ-ટાઉનના વસાહતીઓ માટે તે દયાળુ વનદેવી હતી.

ભાગના વસાહતીઓ માંદગી અને ભૂખથી પિડાવા લાગ્યા. વિંગફિલ્ડના વહીવટથી પણ ઘણા અસંતુષ્ટ હતા. અંતે તેઓએ મુખીને બદલી નાખ્યો. વસાહત વિરુદ્ધ કાવતરાં કરવા બદલ એકને ફાંસી દીધી અને આ બધી અવદશાઓમાં યે ધૈર્ય ધરી રાખનાર તથા અહીં આવીને રેડ ઈન્ડિયનોની ભાષાની થોડીઘણી જાણકારી મેળવી લેનાર જ્હૉન સ્મિથને વસાહતને બચાવવા જે કંઈ કરવું ઘટે તે કરવાની સત્તા આપી. અને આ માટે શક્તિ, હિંમત અને આવડત તથા હૈયાઉકલત બીજા કોઈમાં હતી પણ નહિ. સૂત્રો હાથમાં લેતાં જ એણે જે માણસ કામ કરે તેને જ ખાવા મળે તેવો કાયદો કર્યો અને તેના અમલ માટે કડક બંદોબસ્ત સ્થાપ્યો. આદિવાસીઓમાં હિંમતપૂર્વક રખડીભટકીને એણે પોતાની જે થોડીઘણી સારી છાપ પાડી હતી તેનો લાભ લઈને તથા પોતાની પાસેની નવતર ચીજવસ્તુઓના એમની સાથે સાટાં કરીને એણે ખોરાક મેળવવા આ પ્રદેશમાં ઊંડે સુધી જવા માંડયું. પોતાની ગેરહાજરીમાં આસપાસનાં ઝાડ પાડીને નવાં ઘર અને વસાહતનારક્ષણ માટે કોટ ઊભો કરવાનું કામ કરાવવા માંડયું. એક દિવસ જંગલમાં

(અનુસંધાન પૃ.૩૧૦)



જ્હૉન સ્મિથ, ઍડમિરલ ઑવ ન્યૂ ઇંગ્લૅન્ડ. લંડનમાં ચીપસાઈડમાં સેન્ટ મેરી લ બૉવચર્ચ બહાર પ્રસ્થાપિત કરેલી પ્રતિમા.

એક વિખ્યાત અમેરિકન લેખક ડેમૉન રનિયનની વાર્તા એની મૂળ જેવી અનોખી ભાષાશૈલીમાં

અર્થંક્વેક

—ઉતારનાર ચંદ્રવદન ચી. મહેતા—



◁ **રનિયન, (આલ્ફ્રેડ) ડેમૉન.** અમેરિકન પત્રકાર અને વાર્તાલેખક. જન્મ ૧૮૮૪માં. અખબારમાં એ રમતગમતના વિભાગમાં લખતો, પણ રમતજગત ઉપરાંત બ્રોડવેની અંધારી આલમના કોકસ-બોકસનો પાકો જાણકાર. ત્યાંના ધેરા-ઊજળા બધા રંગોનો પરખંદો, પણ જાતે એ બધાથી અલિપ્ત. માનવ-સ્વભાવનો તલસ્પર્શી અભ્યાસી અને અનોખી લેખનશૈલીનો સ્વામી. ભાષા આમ તો અમેરિકન ઇંગ્લિશ, પણ બ્રોડવેના ગઠિયાઓમાં સહજ એવી અલગારી બરછટ. અતિરેક-ભર્યા રૂપકો અને કોઈ શબ્દકોશમાં ન મળે તેવા શબ્દો અને સમાસો ઘડી તથા પોતાનાં પાત્રોનાં ચિત્ર-વિચિત્ર નામ પાડી તેને ચલણી બનાવવામાં એ ઉસ્તાદ. એનાં પાત્રો 'ગાઈઝ' અને 'ડૉલ્સ' કહેતાં ગઠિયા અને બબુડીઓ પાકાં ભારાડી, પણ જડ. પોતાની ઍંટઆબરૂ માટે વાતવાતમાં ઢુશુમઢુશુમ કરનારા બ્રોડવેના એ બાદશાહોમાં પાછી ખેલદિલી ને ઈમાનદારી પણ એટલી કે એની વાતો વાંચતાં આપણને એમના પ્રત્યે માન ને લાગણી ઊપજે.

અખબારોમાં પોતાની આગવી શૈલીની વાર્તાઓ લખવા માંડયા પછી થોડા જ સમયમાં એ વિખ્યાત બની ગયો. એની એ લેખનશૈલી 'રનિયનીઝ' નામે જાણીતી થઈ. બ્રિન્ટલી જેવા અંગ્રેજ વિવેચકે તેને 'રનિયનિઝમ' નામે ઓળખાવી. 'ગાઈઝ ઍન્ડ ડૉલ્સ' (૧૯૩૨), 'બ્લ્યૂ પ્લેટ સ્પેશ્યલ' (૧૯૩૪), 'એ સ્લાઈટ કેસ ઑવ મર્ડર' (હોવર્ડ લિન્ડ્સ સાથે લખેલું પ્રહસન-૧૯૩૫), 'ટેઈક ઈટ ઈઝી' (૧૯૩૮), 'માય વાઈફ એથિલ' (૧૯૪૦), 'રનિયન અ લા કાર્ટ' (૧૯૪૪), 'ઈન અવર ટાઉન' (૧૯૪૬), 'શૉર્ટ ટેક્સ' (૧૯૪૬) અને 'મોર ધેન સમવૉટ' તથા 'ફર્ધર મોર' વગેરે તેની વિખ્યાત કૃતિઓ છે. એની વાર્તા પરથી બનેલી ફિલ્મ પણ વખણાઈ હતી.

ચોકઠાશાહી બાંધેલી ગૂંથણીમાં લખાએલી એની દરેક વાર્તા સતત વર્તમાનકાળમાં અને પોતાના જ, મતલબ કે 'હું' દ્વારા જ કહેવાતી હોય. બ્રોડવેના 'મિન્ડી' નામના એક રેસ્ટોરાંમાં એ 'હું'ની કાયમ આવનજાવન, ત્યાં એ ખાયપીએ; ત્યાં જ એને ભાતભાતના અને ચિત્રવિચિત્ર નામ અટકવાળા ગુંડા-ગઠિયા મળે. મોટા ભાગના તો એના ઓળખીતા. કયારેક 'કૉપર' કહેતાં પોલીસ પણ આવી ચડે. આ બધાના અજબગજબ કિસ્સા-કરતૂતો, એમની બદમાશી ને ઈમાનદારી, એમની દોંગાઈ ને ખેલદિલી એ રનિયનની વાર્તાઓનું મૂળ વસ્તુ. આ વાર્તાઓમાંથી રનિયન પુષ્કળ ધન કમાયો અને મશહૂર બન્યો. ૧૯૪૬માં કૅન્સરના રોગમાં એનું અવસાન થયું ત્યારે એ સખીદિલ આદમી પોતાની સઘળી દોલત કૅન્સર અંગેના સંશોધન અને સારવારમાં ખર્ચવાનું વસિયતનામું કરતો ગયો હતો.

અગાઉ દસેક વર્ષ પહેલાં રનિયનની ત્રણ વાર્તાઓ—'મીઠાઈનો એક ટુકડો', 'બુઢ્ઢો ભારાડી' અને 'એક દિવસની મહારાણી' 'કુમાર'માં આવી હતી. એવી જ આ એક વધુ. જો કે રનિયનના લખાણને ગુજરાતીમાં ઉતારવું કઠીન છે. શબ્દકોશ તેમાં કામ ન લાગે. પણ લેખકે એની મૂળ શૈલીની વધુમાં વધુ નજીક રહીને એ ઉતારી છે. વાંચશો એમ સમજાશે. વાંચો. બીજી ત્રણ પણ યથાસમય આવશે. —સં.

હું તમને એક અર્થંક્વેકની વાત કહું. અર્થંક્વેકની એટલે ધરતીકંપની જ આ વાત છે. પેલા ઍટલાસનો ફોટો તમે જોયો છે? ફોટો નહિ, એનું ચિત્ર. કાંધ ઉપર પૃથ્વીનો ગોળો ઊંચકીને એ ઊભો છે. પૃથ્વી આખીના બધા દેશ એની કાંધ ઉપર, એટલો બોજ એના ખભે. કોઈ માઈનો પૂત, કોઈ રાજા પણ એવો જન્મ્યો છે જે આમ આવો ભાર ઊંચકીને ઊભો રહી શકે? સશક્ત, ઊંચો, સમર્થ, પહોળી અને બહોળી છાતીવળો સેમ્સન પણ એની આગળ પાણી ભરે! ગજબનું એનું જોર, એકાદ હલકી ફૂલ જેવી એની મુક્કી વાંસે કે ખભે પડી ગઈ તો પાંસળી ન તૂટે તો યે એ આઘીપાછી તો થઈ જ જાય.

લાંબી વાત શું કરું? હું એક દિવસ મિન્ડીના રેસ્ટોરાંમાં બેઠો હતો. ત્યાં મારી કાયમની હાજરી ખરી જ. તે દિવસે ત્યાં મારા જ ટેબલ ઉપર જૉન બ્રેનિગન ઊપસી આવ્યો, બીજે કોઈ ઠેકાણે ખાલી જગ્યા નહિ, એટલે મારા ચોકઠા પર એ ગોઠવાયો. એ 'કૉપર', એટલે કે અફસર, એટલે કે કૉન્સ્ટેબલ, પોલીસની ન્યાત-જમાતનો. મને એનું આગમન જરા પણ ગમ્યું નહિ. એ જમાત સાથે મારી ઓળખાણ સારી, તટસ્થ, પણ એમની સાથે ગાઢ દોસ્તી કરવી ઠીક નહિ. અને બને ત્યાં સુધી હાયસલામનો વ્યવહાર રાખી હસીખુશીથી છૂટા પડવું સારું. એટલે જૉન બ્રેનિગનની મેં 'લાગણીપૂર્વક' ખબર પૂછી, કંઈ મોંઘા થઈ ગયા છો, કૉફી પીશો? એવા ઔપચારિક સવાલજવાબો કર્યા, અને પછી હું ઠાવકાઈથી ચૂપ બેઠો.

હા, એ મોંઘા જેવો તો હતો. અને એનું કામ જ કયાંક લુચ્ચા-લફંગા–ચોરી–લૂટફાટ કરનારા, બૅંકની તિજોરી તોડનારા હાથ આવી જાય તો, એની પાટલૂન બહાર લટકતી મહાકાલી પકડી તરત જ એને રસ્તો બતાવી દે; અને એણે કંઈકને ઠાર કર્યા પણ હશે. છેલ્લે સરવાળે મેં એને ઉડતાલીસ નંબરના મહોલ્લામાં ચાર્લ્સ બર્નસ્ટાઈનની દુકાન આગળ એના જેવા બીજા ત્રણ કૉન્સ્ટેબલો સાથે જોયો હતો. ત્યારે ત્યાં જે રમખાણ થએલું એમાં એક અર્થંક્વેક સામે પક્ષે નેતા અને અહીં આ ચારની સામે. ગોળીઓની રમઝટ બોલી રહી હતી. ત્યાં અર્થંક્વેકે ચાર્લ્સ બર્નસ્ટાઈનની દુકાનમાંથી એક મોટું ટેબલ ઊંચકી બહાર લાવી એની ઢાલ કરીને આ ચારે કૉન્સ્ટેબલની ચોકડીને નાકે દમ લાવી દીધો હતો; એટલું જ નહિ, પણ એમાંના એકને તો ત્યાં જ ઘાયલ કરી ભોંય ભેગો કરી દીધો. અને બાકીના ત્રણમાંથી એકે ય એને પકડે, હાથે કંકણ પહેરાવે, એવી ઘડીની શોધમાં એમને તલપતા મૂકી, એકાએક ટેબલ પાછળથી કૂદકો મારી કયાંક છટકીને કયાંનો કયાં નાઠો તે હજી આજની ઘડી ને કાલનો દહાડો. આ લોકોની આખી જમાત એની શોધમાં તલસે. અને એ નહોતો પકડાતો તે માટે સરકાર આ લોકોને મેણાં મારે, અને આ લોકો શરમના માર્યા પોતાની પકડજાળ વિસ્તારતા રહે, પણ કશું વળતું નહિ. હજીયે વળ્યું લાગતું નથી. મારો, અર્થંક્વેકનો અને જૉની બ્રેનિગનનો એ છેલ્લો મિલાપનો પ્રસંગ—મિલાપ એટલે નજરે જોવાનો પ્રસંગ. અને ત્યાર બાદ છેક આજે, અહીં મિન્ડીના

રેસ્ટોરાંમાં અમે અકસ્માત સામાસામા ટેબલ પર મળી ગયા હતા.

હવે વાત તો કેમ શરૂ કરીએ? પણ જાહેરમાં થતી ચર્ચા પ્રમાણે સરકારના શિકારીઓ હજી અર્થકૂવેકને પકડી-શોધી શક્યા નથી, એ ખયાલ મગજમાં ઊભો થતાં સ્વાભાવિક જ 'અર્થકૂવેકનો કંઈ પત્તો?' એટલું જ મેં પૂછ્યું. અલબત્ત, મને અર્થકૂવેક સાથે વધારે ઘરોબો હતો નહિ, અને રાખવો પાલવે પણ નહિ, પરંતુ પૂછવા ખાતર મેં તો પૂછી નાખ્યું અને હું પાછો મૂગો બનીને બેઠો.

અર્થકૂવેકનાં તોફાન-કરતૂકો જુદી જ જાતનાં. કોઈ દાગીનાની એ પાછળ પડ્યો, ભલેને એ 'કોપર' હોય, પણ જો એના મનમાં એ ના વસ્યો તો એને તણખલાની માફક ઊંચકે, એક હાથે હવામાં ગોળ-ગોળ ફેરવે, અને થાકે ત્યારે એને નીચે ગમે ત્યાં પટકે. છ ફૂટ તો એ ઊંચો અને આ એની સર્વસામાન્ય રમત, મોજ, મજા, ફન. બાકી નાઈટક્લબનો એ ઘરાક નહિ. જુગારનો એને શોખ નહિ. એ સરકસમાં ગયો હોત તો એને ત્યાં ઘી-કેળાં જ હોત. પણ એક દિવસ એ મને કહેતો હતો કે ત્યાં એનું કામ નહિ, કારણ 'ટાઈમ સાચવવો, ઘંટડી વાગે કે તૈયાર, એવા ખેલમાં મજા શી? હું સરકસમાં જાઉં તો સરકસ મારી સગવડે ચલાવું.' પણ એવું તો કદી બન્યું નથી, બનશે પણ નહિ, એટલે એ સરકસિયા જીવનને લાયક, પણ સરકસમાં જોડાયો જ નહિ.

'વેલ, વેલ,' જૉની ધીમેધીમે 'જાવા'નો કપ સિસકારતાં કહે છે: 'હા, તમે તો એને જોયો છે. સ્ટ્રૉંગમૅન! કેટલો બળવાન! ધારે તો એ એક આખું બિલ્ડિંગ પણ ઊંચકી શકે. આમાં થોડી અતિશયોક્તિ ખરી, પણ હું તમને એની પૂરી વાત કરું ત્યારે તમે મારી આ અતિશયોક્તિ-ની કિંમત સમજી શકશો.

'પેલા ચાર્લ્સની દુકાનના ઝીંઝાણામાં એની ગોળીથી મિ. મુલકાહી ઘવાયો અને મર્યો, ત્યારથી અમે એની પાછળ એની શોધમાં ભમતા હતા. ત્રણત્રણ મહિના થયા તોયે કંઈ વાવડ ન મળે. કોઈકે એ ન્યૂ ઓર્લિયન્સમાં છે એમ કહ્યું, એટલે હું ત્યાં ઊપડ્યો. એ ત્યાં હતો ખરો, પણ ત્યાંથી ક્યાંક રફુ થઈ ગએલો. ફૉરવર્ડિંગ સરનામું તો એ શાનો મૂકતો જાય, એટલે ત્યાંથી પણ એ છટક્યો. પણ ત્યાં ફરતાંફરતાં મારા બિત્રણ જૂના ઓળખીતા મળી ગયા. એક તો ન્યૂ યૉર્ક ડાઉન-ટાઉનનો જ રહીશ. એ ત્યાં ધંધો કરે, ધંધે સુખી, વહાણો ચલાવે. ન્યૂ યૉર્કના ઘણાને એ ઓળખે, અને વાતે વમળ ઊકલે એમ અર્થકૂવેકની સ્વાભાવિક રીતે વાત નીકળતાં, એ હસીને કહે, 'એ તો ક્યારનો અહીંથી ચાલ્યો ગયો છે. મારી જ એક સ્ટીમરમાં સેન્ટ્રલ અમેરિકામાં. પહેલાં એ હોન્ડુરાસ જવાનો હતો, પણ મારા કૅપ્ટનો મને કહે છે કે એ તો હવે નિકારાગુઆ પહોંચ્યો છે. એમાં માનાગુઆમાં કોઈ બળવો કરાવવાના કામમાં મદદે ચઢ્યો છે.' 'બળવો?'

'હા, એનિગન. બળવો—આપણા દેશના પ્રમાણમાં અંગૂઠા જેટલા નિકારાગુઆના દેશમાં માનાગુઆ ગામ, દસ સ્ટ્રીટ અને દસમા ભાગની એક ઍવેન્યુ યે ન થાય ત્યાં બળવા શબ્દને પણ તમારી પોલીસ ભાષામાં દસે ભાગી નાખીને વાત સમજવાની. ગામને છેડે તમે સીટી મારો તો બીજે છેડે આરપાર એ સિસોટી સંભળાય, અને સાયરન તો આખા દેશમાં સંભળાય. જરા નકશામાં જોજો. મેક્સિકોને નીચોવતાં આટલું અમથું વાંદરાનું પૂછડું રહે એની નીચે ગ્વાટેમાલા, હોન્ડુરાસ, પછી નિકારાગુઆ, કોસ્ટારિકા અને પનામા ને ત્યાં આપણો ઉત્તર અમેરિકા પતી ગયો. અને ત્યાં આપણે દક્ષિણ અમેરિકાથી કપાયા.'

'ભાઈ, તું સ્ટીમરો ફેરવે એટલે તને એની માપણી મોઢે. ભલે, ભલે.' એમ કહી ન્યૂ ઓર્લિયન્સથી હું ન્યૂ યૉર્ક આવ્યો. પણ અમારા વડા દફ્તરદાર કહે: 'આપણા એક સરકારી સાથીદારનું ખૂન-મિ. મુલકાહીનું. એના ખૂનીને આપણે જેલ ભેગો તો કરવો જ જોઈએ. એ તો કહેશે કે સેલ્ફ ડિફેન્સ, અને ગોળી અજાણતાં વાગી હોય તો કોણ જાણે. પણ એને પકડવામાં તો આબરૂનો સવાલ છે, એટલે તમે નિકારાગુઆ જાઓ; કે ગમે ત્યાં જાઓ, પણ એને પકડીને હાજર કરો.'

હુકમ એટલે હુકમ, અને હું નકશા લઈને ઊપડ્યો. માનાગુઆમાં આશરે દોઢેક લાખની વસ્તી. ખાંડ, કૉફી, સોનાનો વેપાર ને બનાનાના તો ઢગલા. ક્યાંક સારી માહિતી મળી રહે, એટલા સારુ પહેલાં તો ન્યૂ ઓર્લિયન્સ થઈને પેલા મારા ઓળખીતાની સ્ટીમરમાં જ નિકારાગુઆ પહોંચ્યો. હવે માનાગુઆ પેલી બાજુના દરિયાકાંઠે; ત્યાં જતાં મને દોઢ દિવસ લાગ્યો, એવી ત્યાં ખટારા-વ્યવસ્થા. માનાગુઆમાં એક નાનકડી હોટેલમાં ઊતર્યો, ને ત્યાંના પોલીસ ખાતા જોડે એકરાર-કરાર કર્યા.

છ-સાત દિવસ રહ્યો, પણ નસીબની યારી નહિ. ફરવાની એકબે જગ્યા, શાંતિ અને તાપ ભારે. સાંજે ગામ વચ્ચેના નાના એવા એક બાગના બાંકડે જઈને બેસું. એમ સાત-આઠ દિવસ નીકળી ગયા અને મને થયું કે પેલા ન્યૂ ઓર્લિયન્સવાળા મારા મિત્રે મને ડિંગ જ મારી હશે. બે ત્રણ દિવસમાં ત્યાંની પોલીસને લખાણ આપી પાછા ફરવાનો મનસૂબો પણ કર્યો. આ રીતે બીજે દિવસે હું બાગમાં મારા રોજિંદા બાંકડા ઉપર જઈ ગોઠવાયો. બાજુમાં એક ઝાડ, એથી ઠીક ઠંડક હતી. સામે જરા દૂર પથ્થરનું એક જૂનું મકાન હતું. એમાં રોજ થોડી ગરબડ-સડબડ થાય. એ હતું કૉન્વેન્ટનું મકાન, નિશાળ અને ત્યાં સેવિકાઓ—બાળકીઓ ભણે, એમની આવજા. એ જ એક રોજિંદું દૃશ્ય. એ જોવામાં હું મશગૂલ ત્યાં બાજુના જ બાંકડા ઉપર સફેદ સૂટમાં એક કદાવર પુરુષ આવીને બેઠો. મારી નજર જરા મોડી પડી, અને જોઉં છું તો આપણો અર્થકૂવેક. પણ એણે હજી મને જોયો નહોતો. કારણ હું તો તદ્દન સાદાં કપડાંમાં જ હતો. જે હતું તે બધું અંદર. હવે એના સાથે બીજી કોઈ રીતે કામ પણ શી રીતે લેવાય? એટલે જરા ફરાગતથી બેસી એણે થોડો આરામ કરવા આંખો મીંચી કે તરત જ હું ઊઠ્યો, વીજળીની ઝડપે જઈ એક ઝાટકે માથા ઉપર એવી તો દીધી કે પાંચદશ મિનિટ માટે તો એના મગજના સંચા બંધ, અને એની તો અમે કવાયતમાં પૂરી તાલીમ લીધેલી. વળી, શેકહૅન્ડ કરીને કે હલો કરીને એને વાંદરિયાં પહેરાવાય નહિ, તરત એ એની રિવૉલ્વર જ કાઢે, અને પછી તો ટકાટકી જ જામે. એટલે એનું માથું નીચું નમ્યું કે તરત મેં પહેલાં તો એના બંને હાથમાં હાથકડી પહેરાવી દીધી. પછી હું બાજુમાં રાહ જોતો બેઠો કે એની શુધબુધ ક્યારે ઠેકાણે આવે છે, અને લોહી મગજમાં પાછું બરાબર ક્યારે ફરે છે.

જેવો એનો સંચો ચાલતો થયો કે તરત એણે ઊંચું જોયું, કારણ કે એ સમજ્યો હશે કે ઝાડ ઉપરથી માથે નાળિયેળ ટપક્યું હશે, પણ પછી મને જોયો, જરા ચોંક્યો, અને પોતાના હાથ ઉપર બેડી, એટલે એના ભેજામાં આખા નકશાનો ચિતાર આવી ગયો. કહે: 'ઑફિસર, તમે વળી અહીં ક્યાંથી ટપકી પડ્યા?'

એટલે મેં એને એની પાછળની મારી ઠેકઠેકાણેની ભટકણીની વાત કરી. અમારા સાથીદારના ખૂન વિષે જણાવ્યું અને એને માટે એક ખાસ ગરમ ખુરશી રિઝર્વ કરી રાખી છે, ત્યાં જવાની હવે એણે તૈયારી કરવાની રહે છે, એમ વિસ્તારથી જણાવ્યું, અને એની ખબરઅંતર પણ પૂછી. તો તરત કહે: 'હું તો અહીં જંગલોમાં ફરું છું, ત્યાંના ખેડૂતો પાસે એમની માગણીઓ માટે સરકાર સામે થોડું બંડ કરાવવા મથું છું, એ લોકો જમત તો છે, પણ માળા એટલા આળસુ છે કે કશું કરવાની વાત આવે ત્યારે ટાઢા બરફ. એમનાથી કંટાળી હું આ ગામમાં પાછો જરા હાથ મારવા આવ્યો હતો.'

પછી અમે ઇધરઉધરની કંઈક વાતો કરી. અહીંથી હવે ક્યારે સ્ટીમર લેવી વગેરે વિગતોની પણ ચર્ચા કરી. એ દરમિયાન એણે મિ. મુલ-

કાહીના એની ગોળી થકી થયેલા મોત માટે દિલગીરી પણ જાહેર કરી, એના કુટુંબને એની દિલગીરી પહોંચાડવા માટે મને અરજ કરી, અને ઉમેર્યું કે મૂળ વાતે તો એ અકસ્માત જ હતો. ખરું પૂછો તો એ મને એટલે કે આ બ્રેનિગનને જ મારવા માગતો હતો, પણ હું બચી ગયો અને ગોળી કૅપર મુલકાહીને વાગી, સૉરી. આવું જીવલેણ વાક્ય પણ એ જ કહી શકે, અને એ ચૂપ રહ્યો.

આ સાંભળી જાણે મારો બાંકડો હાલતો હોય એમ લાગ્યું, પણ ખરું જોતાં એમ જ થયું હતું. જમીનમાંથી જુદા જ પ્રકારના અવાજો આવતા હતા. ગરમીનું પ્રમાણ વધવા માંડ્યું હતું, બાગમાંનાં પંખીઓ ચિચિયારીઓ પાડતાં હતાં, સામેનું જૂનું પથ્થરનું મકાન તૂટુંતૂટું થઈ રહ્યું હતું. ટૂંકમાં આ આખા પ્રદેશની ભૂગોળ બદલાતી લાગી, અને સાચે જ ધરતીકંપના એક પછી એક આંચકા આવવા માંડ્યા. એનું મને તથા એને ભાન થઈ ગયું અને એ એણે પણ કબૂલ કર્યું.

મેં અર્થક્વેકને કહ્યું : 'સામે જો, જોતજોતામાં પેલી ભીંત અંદર તૂટશે, મોટો દરવાજો તો પુરાઈ ગયો, અને ચીસો સાંભળતાં લાગે છે કે હજી અંદર બાળકીઓ-બુઢ્ઢીઓ છે. પેલા ગુફા જેવા બાજુના બારણામાંથી બધાંને બહાર કાઢી લવાય, તું એની સામેની બારસાખ બે હાથે થોડી મિનિટ સુધી સાચવી શકે તો.' તો કહે છે, કબૂલ મેં એની બેડી છોડી અને અમે બંને એ પા ફર્લાંગ કે એથી નાનું છેટું ઓળંગી ગયા. અર્થક્વેક કહે, તમે જાઓ અંદર, હું આઠ કલાક સુધી બને તો આ ઉપરનો મોભ ઊંચો રાખી શકીશ. અને ખભે, માથે, ગરદન ઉપર ને હાથના ટેકે બધો બોજો પોતાની કાંધે ટેકવી પગ પહોળા કરીને એ ઊભો. હું અંદર દોડ્યો અનેક લબડિયાં બબડિયાં જે હાથ લાગ્યાં એ બધાંને અર્થક્વેકના બંને પગ નીચેથી બહાર દોડાવ્યાં. બે બુઢ્ઢીઓ બાજુ ઉપર બૂમો પાડ્યા કરે, રડે. એને મેં પૂછ્યું તો કહે પહેલે માળે ચાર બાળકિયાં છે. એટલે હું ત્યાં દોડ્યો, માંડ ઉપર ગયો, ચારેને બારીએથી તૂટેલા છાપરે નાખ્યાં ને ત્યાંથી નીચે ભુસકો મારવા કહ્યું. મેં પણ આખરનો ભુસકો મારી પેલી ડોકરીઓને નમાવીને અર્થક્વેકના બંને પહોળા પગમાંથી જેમતેમ બહાર હડસેલી. ત્યારે અહીં અર્થક્વેક હવે એના છેલ્લા જોમ ઉપર ઝઝૂમતો હતો. મેં કહ્યું, અર્થક્વેક! તારો બોજો પહેલાં મારા ખભા પર ઝીલી લેવા દે અને પછી તું બહાર ખસી જા. તો અર્થક્વેક કહે, એ તક ગઈ, કૅપર. હવે તો હું સહેજ પણ ખસું તો બધો બોજો ગાડકામાં નીચે આવશે. મારાથી ખસવા જેટલી પળ પણ હવે રહી નથી. તું નીચેથી વહેલો બહાર નીકળી જા. કારણ મારા પગ હવે સીધા રહી શકે એમ નથી. જલ્દી નીકળ. ન્યૂ યૉર્કમાં તું મારી ગોળીથી બચી ગયો હતો, જો કે અહીં આપણે બે સાથે જઈ શકીએ, પણ ના, તું નીકળી જા. તું નસીબદાર છે. ચાલ હવે જલ્દી વાંકો વળ. અને હું એના વળી જતા પગ વચ્ચેથી માંડ બહાર નીકળ્યો. હવે એક ત્રીજો કે ચોથો આંચકો અને આ બધું ભોંય-ભુસકો. થૅંક ગોડ, હવે અંદર તો કોઈ રહ્યું નથી. અર્થક્વેક ત્યારે કહે: 'કૅપર બ્રેનિગન, મુલકાહીના કુટુંબને કહેજે, મારા તરફથી માફી માગજે. કારણ હું તારી સાથે ન્યૂ યૉર્ક આવું, અને આખરે એ ઇલેક્ટ્રિક ખુરશી પર જડબડ થઈ પડું, એના કરતાં આ બારસાખ તળે... કૅપર આઘો જા, આઘો ચાલ્યો જા... ગુડ બાય, જા, દોડ, દોડ.'

અને ત્યાં તો આખું મકાન તૂટી પડ્યું. હું માંડમાંડ એના પડતા કરાની હેઠળથી નીકળી ગયો. અને તરત તો પાછા વળીને જોવાની હું હિમ્મત પણ કરી શક્યો નહિ, કારણ ત્યાં કાટમાળ ખડકાઈ ગયો હતો.

ઑફિસર બ્રેનિગનની વાત સાંભળી હું યે સડક થઈ ગયો. મેં એટલું જ કહ્યું, 'કૅપર બ્રેનિગન, અર્થક્વેક એટલો સમર્થ અને સશક્ત હતો કે હજી પણ પેલી બારસાખ પકડીને ઊભો હોય તો નવાઈ નહિ.' તો એ આંખમાં એકાદ બે આંસુ સાથે કહે : 'હા. હું પણ માનું છું, મિ. રનિયન, એ ધરતીકંપનો આંચકો એવડો તો જબ્બર હતો કે ત્રણ દિવસ સુધી એ ગામમાંથી જે બે પાંચ હજાર માણસો બચ્યા એ કેમ બચ્યા, શેના આધારે જીવતા રહ્યા એ જ સમજાતું નથી. ખાવાની વાત તો છોડો પણ પાણીનાં યે સાંસાં હતાં. ફરગેટ ઈટ રનિયન. અવર અર્થક્વેક વૉઝ ગ્રેટ. 'મેં જ્યારે આ વાત ત્યાંના જે બે ચાર પોલીસ ઑફિસરોને કહી ત્યારે એ લોકો પણ સડક ગઈ ગયા, અને પેલી કૉન્વેન્ટની બચેલી સેવકીઓએ તો ધ્રુસકેધ્રુસકે રડીને અર્થક્વેકને અંજલીઓ આપી હતી. હા, હા. હજી પણ હું માનું છું કે અર્થક્વેકનો આંચકો એટલો ક્રૂર અને જાલીમ ન હોત તો આપણો અર્થક્વેક એ ભીમ-બારસાખ પગ અને માથાના બળે અધ્ધર ટકાવીને હજી ઊભો રહ્યો હોત.' □

તાજેલા નુસખા
અરડૂસી પુટપાક

અરડૂસીનાં લીલાં પાન લાવી તેને ધોઇને સાફ કરી બદામનાં પાન, દીવેલાનાં પાન કે ખાખરાનાં પાનમાં વીંટાળી ઉપર પાતળો તાર બાંધી ગોળો બનાવવો. તેના ઉપર ચીકણી માટી પલાળી જાડો લેપ કરવો. તે સુકાયે અગ્નિમાં મૂકી લાલચોળ થઈ જાય ત્યાં સુધી સેકવો. ને પછી ઠંડો પડવા દઈ ઉપરની માટી, તાર અને પાન વગેરે આવરણ કાઢી અરડૂસીનાં પાનને પીસીને રસ કાઢવો. અથવા અરડૂસીનાં પાનને ઢોકળિયામાં ઢોકળાંની જેમ વરાળથી બાફવાં અને પછી તેને પીસીને રસ કાઢવો.

આ રસ અતિ સુપાચ્ય હોઈ રોગીને તરત જ લાભ કરે છે. કફની ઉધરસ, મોટી ઉધરસ, શ્વાસ, ઇયોસીનોફીલિયા, સસણી, કફનો કોઈ પણ રોગ, લોહી બગાડ, શરીરના કોઈ પણ ભાગમાંથી લોહીનું વહેવું, ક્ષય વગેરેમાં રામબાણ છે.

અરડૂસી ગરમ નથી તેની સૌએ નોંધ લેવી. રસની માત્રા ૨ થી ૪ તોલા સુધી રાખવી. દિવસમાં ૨ થી ૩ વાર લઈ શકાય. રોજ તાજો રસ કાઢવો.

—વૈદ્ય નવીનભાઈ ઓઝા

અનુસંધાન] વિપ્લવી ઇતિહાસની સમાંતર યાત્રા [પૃષ્ઠ ૨૯૩થી

રાષ્ટ્રીય સામ્યવાદી ચળવળમાં પણ આગળપડતો ભાગ ભજવેલો, ને એ પરિવર્તનના પ્રત્યક્ષ અનુભવોના આધારે નવમાનવતાવાદ (Radical Humenism) સુધી પહોંચેલા. શ્રીમતી કામા અને સાથીઓએ રશિયન પરિવર્તનકારીઓની પદ્ધતિઓ જાણવા સમજવા મહેનત લીધી હતી. શ્રીમતી કામાનો આ અંગે પત્રવ્યવહાર મેક્સિમ ગોર્કી, રોઝા લક્ઝમ્બર્ગ, કાર્લ લિબનેખ્ત, મિખાઈલ પાવ્લોવિચ, ઉપરાંત ફ્રેન્ચ, આઇરિશ અને ઇજિપ્તના ક્રાંતિકારી નેતાઓ સાથે થયો હતો. લાલા હરદયાળનું વિશેષ-પ્રમાણ આવાં પરિવર્તનકારી ચિંતનની ઘણી સામગ્રી પૂરી પાડે તેવો છે.

અને છતાં એક નિષ્કર્ષ સુસ્પષ્ટ છે. તત્કાલીન સશસ્ત્ર વિપ્લવનો પહેલો ઉદ્દેશ ભારતની સ્વતંત્રતાનો હતો. ૧૯૪૨માં જેમ ગાંધીજીએ કહ્યું કે 'એક વાર અંગ્રેજો ભારત છોડો, અમારું જે થવાનું હોય તે થાઓ' તેવી જ ભાવના આ ક્રાંતિવીરોની યે હતી. એક વાર સશસ્ત્ર ઘટનાઓથી જનમતનો ઉભાર થાય તો સ્વાતંત્ર્યજંગનો વિસ્તાર થાય એવી માન્યતા અને શ્રદ્ધા સાથે તેઓ સમરાંગણમાં કૂદતા યોદ્ધાઓ બન્યા હતા. □

સશસ્ત્ર ક્રાંતિકારોના ઇતિહાસનું પુનર્મૂલ્યાંકન

વિપ્લવી ઇતિહાસની સમાંતર યાત્રા

—લેખક · વિષ્ણુ પંડ્યા—

શાસન સામેની બગાવતના વિવિધ માર્ગો પર ક્રાંતિપ્રવૃત્તિ વિચરી તેમાં એક પથ જગતનો વ્યાપક જનમત કેળવવાનો રસ્તો પણ હતો (અગાઉ 'કુમાર' અંક ૬૦૦થી ૬૧૨ દરમિયાનમાં પ્રકાશિત થએલા ઇંડિયા હાઉસના ક્રાંતિકારો વિષેનાં વિસ્તૃત પ્રકરણોમાં મેં તેની વિગતો આપી છે) તેમાંનું એક પાત્ર શ્રીમતી કામાનું છે, જેમણે અભિનિવેશપૂર્વક જનમતસંગ્રહ માટે અખબાર, ભાષણ, પ્રવાસ અને પત્રોનો અસીમિત પ્રયોગ કર્યો હતો.

ઈ. ૧૮૬૭માં ૨૪ સપ્ટેમ્બરે આ પારસી બાનુ મુંબઈમાં શ્રીમંત કુટુંબમાં જન્મેલાં. મુંબઈની એલેક્ઝાંડર પારસી ગર્લ્સ સ્કૂલમાં ભણ્યાં અને ચોવીસમા વર્ષે રુસ્તમજી કામા સાથે એમનાં લગ્ન થયાં. સૉલિસિટર પતિ અને સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતાં શ્રીમતી કામા વચ્ચે વિશેષ મનમેળ રહ્યો નહિ ને છેવટે ૧૯૦૧માં વિચ્છેદની સીમાએ પહોંચવું પડ્યું. આ ગૃહત્યાગે તેમના જીવનને ય નવો વળાંક આપ્યો. રાજકીય બાબતોમાં તેમને પહેલેથી જ રસ હતો તે ઇંગ્લૅંડ જતાં ઉદ્દીપ્ત બન્યો અને ભારતને એક મહિલા ક્રાંતિકારિણી સાંપડી! શરૂઆતમાં તો તેમણે પણ ઉદારમતવાદી કૉંગ્રેસી આગેવાનોની સાથે કામ કર્યું પણ પછી લાગ્યું કે માગણી અને અરજીઓથી ભારતનું ભવિષ્ય બંધાવાનું નથી એટલે સશસ્ત્ર ક્રાંતિના વિચારને અપનાવ્યો. લંડનમાં તે માટે પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની મંડળી તેમને પ્રોત્સાહક નીવડી. ભારતમાં પણ ૧૯૦૫થી જે બૉમ્બ-પ્રવૃત્તિ વિસ્તરી હતી તે છેક ૧૯૩૫ સુધી સાતત્ય જાળવતી રહી. ત્રણ દાયકા સુધી બંગાળ, મહારાષ્ટ્ર, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને મદ્રાસમાં જે બેસુમાર ઘટનાઓ થઈ તેણે આંદામાન, ફાંસી અને હત્યાઓની પરંપરા તો સર્જી, બીજી તરફ બ્રિટિશ શાસનને માટે જોખમ પણ ઊભું કર્યું. એ ત્રીસીના માત્ર છેલ્લા દાયકાની વિગતો તપાસીએ તો યે બૉમ્બવિસ્ફોટ અને ધાડની મહત્ત્વની ઘટનાઓના આંકડા ક્રમશઃ વધતા જ ગયા. બ્રિટિશ ગુપ્તચર ખાતાના દસ્તાવેજમાં જણાવ્યા મુજબ ૧૯૧૭માં ૧૩, ૧૯૧૮માં ૧૪, ૧૯૧૯માં ૫, ૧૯૨૧માં ૬, ૧૯૨૧માં ૨, ૧૯૨૨માં ૨, ૧૯૨૩માં ૯, ૧૯૨૪માં ૧૦, ૧૯૨૫માં ૭, ૧૯૨૬માં ૧, ૧૯૨૭માં ૩, ૧૯૨૮માં ૭, ૧૯૨૯માં ૧૭, ૧૯૩૦માં ૧૧૬, ૧૯૩૧માં ૧૬૬, ૧૯૩૨માં ૧૫૯, ૧૯૩૩માં ૬૮, ૧૯૩૪માં ૩૧ અને ૧૯૩૫માં ૭, એવા વિસ્ફોટક બનાવો બન્યા જેણે ઉદ્દામવાદની એક હવા ફેલાવી દીધી. આ દાયકામાં જ મણિપુર કેસ, કાકોરી ધાડ કેસ, લાહોર કાવતરા કેસ (૧ અને ૨,) દિલ્હી બૉમ્બ પ્રકરણ, દેવગઢ પ્રકરણ, ગયા પ્રકરણ અને કરાંચી હત્યા પ્રકરણ એમ આઠ તો અતિ જાણીતા ક્રાંતિકારી વિસ્ફોટ સર્જાયેલા. માત્ર એટલા જ મુકદ્દમાઓમાં સજા મેળવનારાઓની યાદી ઘણી મોટી છે. મણિપુર ષડ્યંત્રમાં અગિયાર ક્રાંતિકારો સાત વર્ષની સજા પામેલા. કાકોરી કાંડમાં ચારને ફાંસી, પાંચને જન્મટીપ, એકને ચૌદ વર્ષ, ચારને દસ વર્ષ અને બીજા ચારને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારાએલી. આમ છતાં, આમાંનો એક ક્રાંતિવીર ક્યારેય—મૃત્યુ સુધી—સરકારના હાથમાં ન આવ્યો, તે ચંદ્રશેખર આઝાદ હતા. લાહોર ષડ્યંત્ર-૧ અને ૨ એમ કુલ મળીને ચાલેલા કેસમાં ત્રણ ફાંસીના તખતે ચઢ્યા, બારને આજીવન કેદ મળી, બેને સાત વર્ષની, ત્રણને ચાર વર્ષની, એકને પાંચ વર્ષની સજા થઈ. કાર્યવાહી ચાલતી હતી ત્યારે જ એક ક્રાંતિકારી મૃત્યુ પામ્યો જ્યારે પંદર ફરાર જાહેર કરાયા હતા. આ જ રીતે દિલ્હી પ્રકરણમાં દસને, દેવગઢ કાંડમાં આઠને, ગયા કાંડમાં છને સાત વર્ષથી ઓછી નહિ એવી કેદની સજા ફટકારવામાં આવી. બીજાં ૨૯ પ્રકરણોમાં આ જ વર્ષોમાં ત્રણ આજીવન કેદ પામ્યા, ત્રણને ચૌદ વર્ષની, અગિયારને સાત વર્ષની અને ચારને છ વર્ષની સજાઓ થઈ. કરાંચી ષડ્યંત્રમાં આઠ ક્રાંતિકારો જેલભેગા થયા.

એ નોંધવા જેવું છે કે આ બધી હિંસક પ્રવૃત્તિઓ એકલદોકલ નહોતી. મોટાભાગે બધાની વચ્ચે કોઈ ને કોઈ સમાન સૂત્ર રચાએલું હતું. વિદેશવાસી ભારતીય ક્રાંતિકારોની મંડળીઓ તે માટે ખૂબ સક્રિય હતી. માદામ કામાએ પણ એવી સક્રિયતા દાખવી તેની ઘણી વિગતોથી આપણો વિદ્યાર્થી અજાણ છે. ઈ. ૧૯૦૭માં લંડનમાં ૧૮૫૭ની અર્ધ શતાબ્દી ઊજવવાની કલ્પના અનાયાસ નહોતી આવી. બ્રિટિશ સરકારે એ પહેલાં સ્વાતંત્ર્યયુદ્ધને કચડી નાખવાના દિવસો તરીકે ૧૮૫૭ના મે માસને મનાવવાનું નક્કી કર્યું હતું, તેના પ્રત્યુત્તર રૂપે લંડનના ભારતીય ક્રાંતિકારોની 'અભિનવ ભારત' સંસ્થાના ઉપક્રમે, ૧૦ મે, ૧૯૦૭ના દિવસે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય યુદ્ધને યાદ કરવામાં આવ્યું. શ્રીમતી કામાએ તો આંતરરાષ્ટ્રીય જનમતનો અણથક પ્રયાસ આરંભ્યો હતો. ઇજિપ્ત આયર્લૅન્ડ, મોરોક્કો સહિતનાં સ્થાનો પર તેમનો પત્રવ્યવહાર ચાલુ હતો. ધીંગરા પ્રકરણ પછી સરદારસિંહ રાણા, શ્યામજી કૃષ્ણ વર્મા ને વિનાયકરાય સાવરકર પર શાસનનો પંજો વિસ્તર્યો હતો. સાવરકરની ધરપકડ કરવામાં આવી અને તેમણે માર્સેલ્સ પાસે સમુદ્રમાં કૂદકો લગાવ્યો. પણ ફ્રાન્સની ભૂમિ પર ભાગવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો. ફ્રેંચ અધિકારીઓએ બ્રિટિશરોને સાવરકર સોંપી દીધા એ પગલાને પડકારવા શ્રીમતી કામાએ ફ્રેન્ચ સમાજવાદી નેતા મૉરયોર જૉરેસ સાથે મંત્રણાઓ કરી હતી. 'લ' હ્યુમેનિટ' અખબારે ઘટના છાપી અને સાવરકરને ફ્રાન્સ સરકારે પાછા માગી લેવાની માગણી પણ કરી. નાસિક કાવતરા કેસમાં સાવરકરને સંડોવવાના બ્રિટિશ પ્રયત્નોને શ્રીમતી કામાએ હેગ અદાલતમાં પડકાર્યા પણ ટેકનિકલ કારણોસર તેમાં સફળતા મળી નહિ. ૧૯૦૭ના ઑગસ્ટમાં આંતરરાષ્ટ્રીય સમાજવાદી અધિવેશન સ્ટુટ્ટગાર્ટમાં મળ્યું તેમાં ભારતના ક્રાંતિકારોના પ્રયત્નોને માર્ક્સવાદી નેતા જોરીસ, જર્મન નેતા ઑગસ્ટ બેબલ, કાર્લ લિબનેખ્ત, રોઝા લક્ઝમબર્ગ, વગેરેનો ટેકો મળેલો. આ પરિષદમાં શ્રીમતી કામાનું પ્રવચન ને રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાનો પ્રહેલો પ્રસંગ : એના વિષે પ્રસ્તુત પુસ્તકમાં વિગતે લખ્યું છે. એ નોંધપાત્ર છે કે આ પરિષદમાં લેનિન હાજર રહેલા. (જો કે શ્રીમતી કામા તેમને મળ્યાં નહોતાં) અને શ્રીમતી કામાના ઠરાવને બ્રિટિશ માર્ક્સવાદી એચ. એ. હાઈન્ડમૅનનો ટેકો મળેલો. શ્રીમતી કામાને પછીથી રશિયન ક્રાંતિમાં નારોડનિકોની ક્રાંતિ પદ્ધતિમાં રસ પડેલો, મિખાઈલ પાવલોવિચ, સૉફિયા પેરોવ્સ્કાયા વગેરે સાથે ગાઢ સંબંધ બંધાએલો. પણ આ મહિલા ક્રાંતિકાર સામ્યવાદી પક્ષનાં સભ્ય થયાં હોવાનું કોઈ પ્રમાણ પ્રાપ્ત થતું નથી. એવું હશે કે જગતના દેશોના રાજ્ય-પરિવર્તનના અનેકવિધ પ્રયોગો તરફ ભારતીય સ્વાતંત્ર્ય લડાઈના ઘણા નેતાઓની નજર ગઈ હતી તેવું શ્રીમતી કામા ને તેમના સાથીદારોનું પણ બન્યું હશે. તેમના ગોર્કી સાથેના સંબંધો હાર્દિક હતા: બે ક્રાંતિકારોને છાજે તેવા. શ્રીમતી કામાએ 'ધ સૉંગ ઑવ ધ ફૉલ્કન'નું ફ્રેન્ચ ભાષાંતર કરાવ્યું હતું. રશિયન સામયિક 'રશિયન ડેમોક્રસી' માટે ગોર્કીએ જ્યારે તેમને લેખ માટે આમંત્રણ પાઠવ્યું ત્યારે શ્રીમતી કામાએ લખેલું: 'મારો સમય અને શક્તિ મારી માતૃભૂમિને કાજે સમર્પિત

કરેલ છે. તમારા સામયિકમાં પણ એ માટે જરૂર લખીશ.' રશિયન આર્કાઈવ્ઝમાં આ પત્ર આજે યે સચવાએલો પડયો છે. ઈ. ૧૯૩૫માં પંચોતેર વર્ષની વયે, નાજુક તબિયત સાથે તેમને ભારત પાછા ફરવાનું મન થયું, સરકારે માંડ સંમતિ આપી. મુંબઈની પારસી ચૅરિટબલ હૉસ્પિટલમાં દસ મહિના બીમારીના બિછાને રહીને, ૧૨ ઑગસ્ટ, ૧૯૩૬ના દિવસે તેમણે 'લોકોથી અજાણપણે' છેલ્લા શ્વાસ લીધા.

સશસ્ત્ર ક્રાંતિના રાજમાર્ગ પર ધસી ગએલાં આ પાત્રો અને આ ઘટનાઓના નિષ્કર્ષ રૂપે કે મૂલ્યાંકન રૂપે આપણે શું પ્રાપ્ત કરી શકીએ એ પ્રશ્નાર્થને પણ વિચાર કરવા જેવો છે.

ક્રાંતિ ઊથલપાથલને જ પર્યાય છે એવું નહિ, પણ તેનો અમીમ તબક્કો તો એવી ભાવનાઓને જ્વાળામુખી લઈને આવે તો જ પળની, પરિવર્તનની ભૂમિકા સર્જાઈ શકે. આવો અભિનિવેશ આપણા ક્રાંતિકારોમાં ઠેઠ ૧૮૫૭થી જ હતો. 'A Turning point in the Indian Mutiny'માં Giberne Sleveking લખે છે: Every revolution is the blackboard upon which shining deeds of volour, unselfishness, and resource show white. It is the strong personality's opportunity. And the Indian mutiny was no exception. The brave man felt is as a call to show his mettle; the unselfish man, as the occasion for suprim self surrender, the man of resoure, as his chance to make a possible future out of a black present.'

આ ઉત્કટ સ્વાતંત્ર્યપ્રણયમાંથી જન્મેલી સહસ્રવિધ શહાદતોની પંક્તિ આપણા ઇતિહાસનાં પાઠયપુસ્તકોમાં ઔચિત્યપૂર્ણ સ્થાન પામી હોત તો, નવી પેઢીની ભાવનાસમૃદ્ધિમાં ઓટ ન આવી હોત એમ તો કોઈ પણ દુરદર્શી કેળવણીકાર પણ કહી શકે તેમ છે. ફાંસીના તખતા સુધી દોરાએલા આ જીવનમૃત્યુના ખેલદાઓમાંથી કેટલાકે તો, છેલ્લી પળ સુધી લેખનકાર્ય કર્યું છે. મૃત્યુની અંતિમ ક્ષણ સુધી પોતાની આત્મકથા લખવાનું જગતમાં વીરલ કૃત્ય રામપ્રસાદ 'બિસ્મિલ'નું હતું. છેલ્લે તેણે ગાયું હતું.

સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ
દેખના હૈ જોર કિતના બાજુએ કાતિલ મેં હૈ
રહબરે રાહે મુહબ્બત રહ ન જાના રાહ મેં
લજ્જતે સેહરાને વહીં દૂરિ-એ-મંઝિલ મેં હૈ
વક્ત આને દે બતા દેંગે તુઝે એ આસમાં
હમ અભી સે ક્યા બતાયેં ક્યા હમારે દિલ મેં હૈ
અબ ન પહેલે વલવલે હૈં ઔર ન અરમાનોં કી ભીડ
સિર્ફ મિટ જાને કી ઈક હસરત દિલે બિસ્મિલ મેં હૈ

આજ મક્તલ મેં યહ કાતિલ કહ રહા હૈ બારબાર
ક્યા તમન્નાએ શહાદત ભી કિસી કે દિલ મેં હૈ
એ શહીદે મુલ્કો મિલ્લત! મૈં તેરે પર નિસ્સાર
અબ તેરી હિમ્મત કી ચર્ચા ગૈરોં કી મહફિલ મેં હૈ

યદિ દેશહિત મરના પડે મુઝ કો સહસ્રોં બાર ભી
તો ભી ન મૈં ઈસ કષ્ટ કો નિજ ધ્યાન મેં લાઉં કભી
હે ઈશ ભારતવર્ષ મેં શત બાર મેરા જન્મ હો
કારણ સદા હી મૃત્યુકા દેશોપકારક કર્મ હો.

રામપ્રસાદના બીજા સાથી અશફાકઉલ્લા પણ ફાંસી પૂર્વે આવા કવિતાના મિજાજમાં જ હતા:

ખુશ્કદિલોંકો હી મૌતસે મરતે હી દેખા,
ગો કિ સો બાર ઉન્હેં રોજ હી મરતે દેખા!
મૌત સે વીર કો હમને નહીં મરતે દેખા
તખ્તે મૌત પે ભી ખેલ હી કરતે દેખા!

કુછ આરજૂ નહીં હૈ, આરજૂ હૈ તો યહ
રખ દે કોઈ જરા સી ખાકે વતન કફનમેં

ઈ. ૧૮૯૮ની ૧૮ એપ્રિલે ફાંસીના માંચડે ચઢી જનાર દામોદર ચાફેકરે ગીતાના શ્લોકને મુક્તિનો આધાર ગણ્યો હતો.

देहोऽस्मिन् यथा देहे कौमारं योवनं जरा
तथा देहान्तर प्राप्तिः धीरस्तत्र न मुह्यति।

અને કનૌઈ દત્તને ૧૦ નવેમ્બર, ૧૯૦૬ના દિવસે ફાંસી મળી તો ઈન્દુનાથ બન્દોપાધ્યાયે ગાયું:

ગોસાંઈ હોલો ગુલી ખોર
કનૌઈ નીલો ફાંસી કોન શોખે
કોન શોખે બા કાંદિ બલ
કોન શોખે બા હાંસી?

મદનલાલ ધીંગરાની દૂર દેશાવરમાં ફાંસીની ક્ષણોને તેમના સાથી લાલા હરદયાળે 'વન્દેમાતરમ્' પત્રમાં આમ શબ્દબદ્ધ કરી:

આવનારા દિવસોમાં જ્યારે રગદોળાઈ જશે ધૂળમાં
બ્રિટિશ સામ્રાજ્ય ભારતમાં.
ધીંગરાનું સ્મારક શોભશે મહાનગરોના ચોકમાં શાનથી.
—અને બાળકોને યાદ આપશે એવું ગૌરવભર્યું જીવન.
ને એવું જ ગૌરવાન્વિત મોત.
જેણે સુદૂર દેશમાં—(સિંહગુફામાં પ્રવેશીને) પોતાનાં પ્રિય લક્ષ્ય કાજે (દેશમુક્તિને માટે)
શાસકને—વિદેશી શાસકને ઠાર કર્યો હતો!

તનમન-અર્પણના આવા ઊંચેરા ત્યાગની ભૂમિકાથી આ ક્રાંતિકારોનો સમૂળો ઇતિહાસ છવાએલો છે. 'ડૉન્ટ ડિસ્ટર્બ, લેટ મી ડાય પીસફુલી' કહીને અંતિમ શ્વાસ લેનાર નલિની બાગચી, ઢાકામાં સંઘર્ષ કરતાં શહીદ થયેલી તારિણી, પોતાના આખા કુટુંબને હોમી દેનાર હરિપદ ભટ્ટાચાર્ય, ૧૭ જૂન-૧૯૧૧ના મિ. એશની હત્યા માટે ફાંસીએ ચડેલો વંચી અય્યર, સત્તરમા વર્ષે કાળાપાણી જનાર લક્ષ્મીકાંત શુક્લ અને તેની પાછળ વિધિવત્ સીતા બનેલી પત્ની વસુમતી, આંદામાનમાં જુવાની વીતાવીને બહાર નીકળેલા જીર્ણશીર્ણ શંભુનાથ આઝાદ, ઊટી કૅક પ્રકરણમાં બૉંબવિસ્ફોટથી પકડાએલો અને 'ઈશ્વર મારો પિતા છે, મારા બધા સાથીનું નામ ઈશ્વર છે' કહી આંખો મીંચી જનાર અગિયાર વર્ષનો રોશન; 'હાબુ'ના લાડકા નામે જાણીતો, ક્રાંતિકારોને પિસ્તોલો આપનાર શ્રીશચંદ્ર મિત્ર: માથા પર વૉરન્ટ હોઈ ચીન ભાગવા કોશિશ કરીને ગોળીએ મરાયો. મહિનાઓ પછી પરિચિત લોકોએ જાણ્યું કે તે 'હાબુ' હતો! લાહોરની બ્રિસ્ટન જેલમાં ત્રેસઠ દિવસના અનશન પછી ૧૩ સપ્ટેમ્બર, ૧૯૨૯ના દિવસે મૃત્યુપથે જનાર યતીનદા કહી ગયો હતો: 'મેં બ્રિટિશ શાસનને પરાજિત કરવાના કસમ ખાધા છે.' સુવર્ણદી, સુશીલા દીદી, શાંતિ અને સુનીતિ, વીણા દાસ, પ્રીતિલતા, કલ્પના દત્ત, પારુલ મુખર્જી, સુહાસિની ઊર્ફે 'પુટુદી', લીલાવતી નાગ, રેણુકા સેન, લીલા કમાલ, ઈન્દુમતી સિંહ, અમિતા સેન, કલ્યાણી દેવી, કમલા ચેટરજી, સુશીલા દાસગુપ્તા, સુરમા દાસગુપ્તા, ઉષા મુખર્જી, સુનીતિદેવી, ઈન્દુસુધા ઘોષ, પ્રફુલ્લનલિની ગુહા, દેલેના બાલ, આશા દાસગુપ્તા, અરુણા સાન્યાલ, પ્રમિલા ગુપ્તા, સુપ્રભા ભદ્ર, શાંતિકણા સેન, મમતા મુખર્જી, વિમલ પ્રતિભાદેવી. કેવાં કુસુમકોમળ આ નામોએ જીવનને



▽માદામ ભીખાઈજી કામા. પાંત્રીસ વર્ષ સુધી એમણે પરદેશમાં ભારતીય સ્વાતંત્ર્યની જ્વાળા પ્રજ્વલિત રાખી હતી. યોગાનુયોગ આ માસમાં જ એમની જન્મતિથિ આવે છે. જમણી બાજુ: બર્લિનમાંથી પ્રકટ થતા માદામ કામાના 'તલવાર'નું ૨૦ માર્ચ, ૧૯૧૦નું મુખપૃષ્ઠ.

યાતનાની ઉબડખાબડ જમીન પર આગેકૂચ કરવું કર્યું હતું!

ચટગાંવ-શસ્ત્રાગાર પ્રકરણ ઘણું જાણીતું છે. સોળસત્તરની વયનાં તરુણતરુણીઓ તેના નાયકો હતાં. ઘણાં મર્યાં, ને જીવ્યાં તે ઘાયલ થઈને. દેવપ્રસાદ ગુપ્તા, અનંતદા, ગણેશદા વગેરેને કાળાપાણીની સજા થઈ. આનંદપ્રસાદના ૧૯૬૮માં ખબર હતા કે તેઓ રોગજર્જર અંતિમ દિવસો લંડનની હૉસ્પિટલમાં ગુજારી રહ્યા છે, પછી કોઈ ખબર આપણા સુધી પહોંચ્યા નથી. ભારતીય સૂફી ક્રાંતિકાર અંબાપ્રસાદે ઈરાનની જેલમાં, કંબલ ઓઢીને પલાંઠી વાળીને મૃત્યુને આવકાર્યું હતું. બીજા દિવસે તેમને કોર્ટ માર્શલ કરીને ગોળીએ મારવાની સજા થવાની હતી. અને ઈરાનમાં એમની સમાધિ પર મેળો ભરાવા લાગ્યો.

દીર્ઘ યાતનાઓ માટેની તત્પરતા સારુ વ્યક્તિગત ચરિત્ર અને સ્પષ્ટ લક્ષ્ય બંને હોવાં જરૂરી છે. આનું સામંજસ્ય આઝાદ હિન્દ ફોજ સુધીની શૌર્યગાથાઓમાં સુપેરે થયું હતું, બહુ થોડા તેમાંથી સરકારી સાક્ષીઓ બન્યા. આવાં વ્યક્તિત્વ માટેની કઠોર સાધનાનો અભાવ હોત તો સ્વાતંત્ર્યયુદ્ધનો આ તેજસ્વી ગાળો આપણે ત્યાં સર્જાયો ન હોત. દિલ્હીની હૉસ્પિટલમાં, કૅન્સરના વ્યાધિથી ૨૦ જુલાઈ ૧૯૬૫ના રોજ મૃત્યુ પામનાર (ભગતસિંહની સાથે પાર્લમેન્ટમાં બૉંબ ફેંકનાર) બટુકેશ્વર દત્તે આ ક્રાંતિકારોનાં જીવનનું આવું વિશ્લેષણ કર્યું છે:

'આ ક્રાંતિકારોને જગતે તો ફાંસીની રસ્સીએ ઝૂલનારા શહીદો તરીકે જ ઓળખ્યા, પણ સંસારનાં સમગ્ર બંધનોનું અતિક્રમણ કરનારા, કામનાવાસનાથી રહિત વેરાગી વિપ્લવી હૃદયથી તો લોકો ય અપરિચિત રહી ગયા! વિપ્લવીની મોહ-વેરાગ્ય સાધના—જેનાથી તેમનું જીવન-ચરિત ઉત્કર્ષના સર્વોચ્ચ શિખરે પહોંચ્યું, એ આત્મબલિદાનની રાજકીય પ્રતિક્રિયા લોકો સુધી પહોંચી જ નહિ.

'નિઃસંદેહ ક્રાંતિકારી આંદોલનનું સ્વરૂપ રાજકીય રહ્યું છે અને દેશ પર તેની ઘેરી અસર થઈ છે, પણ તેમનાં આત્મબલિદાનોનું મૂલ્યાંકન માત્ર રાજકીય કસોટી પર કરવું ઉચિત નથી. તેમનું અસલી કર્મયોગી સ્વરૂપ તો લોકોના દૃષ્ટિપથમાં આવ્યું જ નહિ, તેને સમજવાનો પ્રયાસ પણ ન કરાયો કે કઈ રીતે તેઓ સર્વ ત્યાગીના સ્તરે પહોંચ્યા હતા! માનવ કલ્યાણકાજે પ્રેરિત થઈને પોતાના વિશ્વાસની વેદી પર નિજી જીવન અને યૌવનનું સ્વૈચ્છિક બલિદાન આટલી સરળતાથી તેઓ કઈ રીતે આપી શક્યા? દેશભક્તિનાં મૂલ્યોની દીક્ષા પામીને પૂર્ણ વેરાગીની જેમ આત્મીય સ્વજનો સાથે સંબંધ તોડીને તેમણે ગૃહત્યાગ કર્યો હતો. સંન્યાસજીવનના કઠોર સંયમ દ્વારા તેમનું મન 'પ્રવૃત્તિ'ઓની શૃંખલાથી મુક્ત થએલું. આદર્શ માટે પોતાના પ્રાણની આહુતિ આપવામાં જ જીવનની સાર્થકતા અને પરિપૂર્ણતા માની. એવું લાગે છે કે કર્મ-


THE TALVAR

AN ORGAN OF INDIAN INDEPENDENCE

Vol. I | BERLIN, 20th March 1910 | No. 5

FALSE ECONOMY.

The Cry for Economy.

The New Spirit and its standards.

યોગના સાધન-માર્ગ દ્વારા સમગ્ર દર્શનશાસ્ત્રના તાત્ત્વિક સારને તેમણે પોતાના જીવનમાં આત્મસાત્ કરી લીધો હતો. લક્ષ્યની પૂર્તિ વા મૃત્યુ—એ તેમની પ્રતિજ્ઞા હતી. ૧૯૨૯ના જૂનમાં લોકસભામાં બૉંબ પ્રકરણમાં આજીવન કારાવાસની સજાને અભિનંદતાં અમારા લક્ષ્યમાંથી એ જ પ્રતિજ્ઞાનો પ્રતિધ્વનિ નીકળ્યો હતો કે તમે અમારા જેવી થોડીક વ્યક્તિઓને તો નષ્ટ કરી શકો છો, પણ રાષ્ટ્રને નષ્ટ નહિ કરી શકો.'

ક્રાંતિકારી વ્યક્તિઓ અને વિચારોનું નવેસરથી મૂલ્યાંકન કરવા માટે આ તથ્યો અને મંતવ્યોનો પણ જેટલો અભ્યાસ કરવો ઘટે તે આપણે ત્યાં થયો નથી.

સત્તાપરિવર્તનથી સમાજપરિવર્તનની વ્યાપક ભૂમિકા સુધી આ લોકો અથવા આમાંના થોડાક પણ પહોંચ્યા હતા ખરા એ બીજો મહત્ત્વનો પ્રશ્ન છે તેનો શ્રી મનુભાઈ પંચોળીએ ચિતાર આપ્યો છે. આને માટે ચોક્કસપણે પ્રયત્નો થવા જોઈએ અને તત્કાલીન ક્રાંતિકારોના મનમાં નવા મુક્ત સમાજની કેવી કલ્પના હતી તેના દસ્તાવેજો પણ પ્રકાશિત થવા જોઈએ એ ખરું. છૂટાછવાયા કેટલાક સંદર્ભો આ અંગેના મળે છે. જેમ કે એક ક્રાંતિકાર પાંડુરંગ ખાનખોજે આર્થિક પરિવર્તનમાં સિંચાઈ શો ભાગ ભજવી શકે તેના નિષ્ણાત હતા. મેક્સિકોના કૃષિમંત્રાલયમાં તેમનું તૈલચિત્ર આજે પણ છે. ભારત સરકારને તેમણે વર્ષો પૂર્વે વિગતે નોંધ આપી હતી તે આપણા મંત્રાલયની ફાઇલોમાં ક્યાંક દટાઈ ગઈ! શ્રીમતી કામાએ જ્યારે જિનિવાથી (૨૦ સપ્ટેમ્બર, ૧૯૦૯) 'વન્દેમાતરમ્' પત્ર શરૂ કર્યું ત્યારે પહેલા તંત્રીલેખમાં સ્પષ્ટ કર્યું હતું: 'આપણે ત્રણ તબક્કામાંથી પસાર થવાનું છે. પહેલાં લોકોને શિક્ષિત બનાવવા, પછી વિપ્લવ સર્જવો ને ત્રીજા તબક્કામાં નવનિર્માણ કરવું.' સરદારસિંહ રાણાનો દુનિયાભરના અગ્રણીઓ, રાજનીતિજ્ઞો અને લેખકો (જેમાં રવીન્દ્રનાથ ઠાકોરનો સમાવેશ થાય છે) સાથેનો પત્રવ્યવહાર હજુ સચવાયેલો પડ્યો છે. એ જ રીતે 'ઇંડિયન સોશિયોલૉજિસ્ટ', 'તલવાર', 'વંદેમાતરમ્' અને 'ગદર' પત્રોની ફાઇલો પણ ઘણાં પાસાં પર પ્રકાશ ફેંકી શકે. જતીન્દ્રનાથ મુખરજીની સાથે ક્રાંતિપ્રવૃત્તિમાં સામેલ એમ. એન. રૉય તો આંતર- (અનુ. પૃ. ૨૯૦)

પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર લિખિત પુષ્પમાળા-૧૯

કરેણ



Sweet Scented Oleander
Willow of the Brook
Rose-Laurel
Red Oleander
Nerium Odorum (શાસ્ત્રીય નામ)

शतकुंतः श्वेतपुष्पः प्रतिहासोऽश्वमारकः
द्वितीयो रक्तपुष्पस्तु चंडालो लगुडस्तथा ।
चंडातको गुल्मकश्च प्रचण्डः करवीरकः ॥
—ધન્વન્તરી-નિઘંટુ

આપણી તરફ લગભગ બધે, શિવમંદિરના ચોકમાં કે તેની આજુબાજુ તથા ધર્મશાળાના ચોગાનમાં કે નાના બગીચામાં લાલ, ગુલાબી કે સફેદ કરેણનાં ઝાડ મોટે ભાગે ચોક્કસ જોવા મળે છે. ગામઠી ગુલાબ જેવાં કરેણનાં ફૂલ ગ્રામવિસ્તારમાં લોકપ્રિય હોઈ પૂજા કે શોભામાં તેનો બહોળો ઉપયોગ થાય છે. આમ, આ વૃક્ષ કે એનાં આછી મીઠી સુગંધવાળાં ફૂલ આપણાથી અજાણ્યાં તો નથી જ. અતિ શીત સિવાયની ગમે તેવી આબોહવામાં અને ખાસ કંઈ માવજત પામ્યા વિના પણ એ આસાનીથી ઊગી-વિકસી શકતું હોઈ આપણા દેશમાં છેક હિમાલયની તરાઈઓ સુધી ઊગતું જોવા મળે છે, અને અન્યત્ર પણ શીત કટિબંધના પ્રદેશો બાદ કરતાં સર્વત્ર તે થાય છે. વનસ્પતિશાસ્ત્રીઓનું માનવું છે કે અસલ એ ભૂમધ્ય સમુદ્રના પ્રદેશોની વનસ્પતિ છે. યુરોપમાં 'રોઝ લૉરેલ' અને 'વિલૉ ઑવ ધ બ્રૂક' નામે કરેણ ઓળખાય છે.

કરેણ દસબાર ફૂટ ઊંચું વધે છે. તેની શાખાઓ નરમ અને સોટી જેવી લાંબી હોય છે, જેના પર એક દોઢ વેંત લાંબાં અને એક-સવા ઇંચ પહોળાં તથા ઘેરા લીલા રંગનાં હોય છે. એક છેડે ટૂંકી દાંડલી અને બીજે છેડે અણીવાળો આ પાનનો આકાર ભાલાના ફળા જેવો લાગે છે. આ પરથી જ સંસ્કૃતમાં કરેણને 'શતપ્રાસ' અને 'શતકુંત' કહ્યું હશે. પ્રાસ અને કુંત એટલે ભાલો. શાખા પર ત્રણત્રણના જૂથમાં પાન ગોઠવાએલાં હોય છે અને શાખાને છેડે ઘેરા લાલ, ગુલાબી યા સફેદ રંગનાં ફૂલનાં ઝૂમખાં ખીલે છે. કરેણનાં ફૂલ એક પત્રી-સિંગલ કે બહુપત્રી-ડબલ પણ હોય છે. એટલે કે બારમાસીનાં ફૂલ જેમ પાંચ પાંખડીવાળાં યા ગુલાબના ગોટા જેવાં દેખાતાં અધિક પાંખડીવાળાં. ઘેરા ગુલાબી યા લાલ ફૂલો બહુપત્રી હોય છે, જ્યારે આછા ગુલાબી યા સફેદ ફૂલો એકપત્રી. બારે માસ ઊગતાં હોઈ કરેણનાં પુષ્પો દેવપૂજામાં સુલભ છે, પણ કરેણ-ફૂલનો ઉપયોગ મુખ્યત્વે તો મહાદેવની પૂજામાં જ થાય છે, અને આથી એનું એક નામ 'ગૌરીપુષ્પ' પણ છે.

પુષ્પો ખરી ગયા પછી તેના સ્થાને એકાદ વેંત લાંબી ધારીદાર શીંગો બેસે છે જેમાં રુંવાટીવાળાં બીજ હોય છે. આ બીજ યા કરેણની ડાળ રોપીને તેનો વિસ્તાર કરી શકાય છે.

કરેણનું કોઈ પણ અંગ, ફૂલ, પાન, ડાળી તોડતાં ત્યાંથી દૂધ જેવો સફેદ ઘટ્ટ રસ નીકળે છે, જે ઝેરી હોય છે. કરેણ ઝેરી વનસ્પતિ જ છે. કરેણનું એક નામ 'હયમાર' કે 'અશ્વમાર' પણ છે તે એવી માન્યતા પરથી કે ઘોડો જો કરેણનાં પાન ખાય તો મરી જાય. ઝેરી હોવાને કારણે અન્ય કોઈ પશુઓ પણ કરેણનું કોઈ અંગ ખાતાં નથી.

કરેણનું કાષ્ઠ તથા છાલ જંતુનાશક ગણાય છે. તેના કાષ્ઠનો કોલસો બંદૂકનો દારૂ બનાવવામાં વપરાય છે. કરેણના કેટલાક ઔષધીય ઉપયોગ પણ છે: ૧) કુષ્ઠ રોગવાળાને કરેણના પંચાંગના ક્વાથથી સ્નાન કરાવવું હિતાવહ છે (ચરક). ૨) કરેણની જડ ઘસીને ચોપડવાથી ગણ ફાટી જાય છે (ચક્રદત્ત). ૩) કરેણના રસમાં પકાવેલું તેલ ખસ-ખૂજલી માટે એક સારી દવા છે. ૪) શિરોરોગ પર શ્વેત કરેણની જડનો લેપ મસ્તક પર લગાડવાથી રાહત થાય છે (વૈદ્યરાજ પદે). ૫) હરસમાં કરેણનાં મૂળને પાણીમાં ઘસીને મસા ઉપર લેપ કરવાથી વેદના અને શોથ દૂર થાય છે.

સાહિત્યમાં પણ કરેણનાં વર્ણનો અને ઉલ્લેખો મળે છે. દસમી સદીના કવિ રાજશેખરે લખ્યું છે કે: 'કરવીર-કરીર-પુષ્પિણીઃ સ્થલભૂમિ રધિરૂહ યા સતે'. મતલબ કે કરેણ અને કેરડાંનાં પુષ્પો એ ભૂમિને શોભાયમાન કરી રહ્યાં છે. 'નૈષધ-ચરિત્ર-કાવ્ય'માં શિવજીની પૂજા માટે નળરાય કરવીર (કરેણ)નાં પુષ્પો એકઠાં કરી રહ્યાનું વર્ણન છે. 'કાદમ્બરી'-માં કરેણનાં પુષ્પો વડે સૂર્યપૂજા થવાનું કથન છે: 'ચન્દનોપલિપ્તાદિત્ય મંડલ-નિહિત-કરવીર-પુષ્પમ્'. આધુનિક ઔદ્યોગિક સભ્યતા પર પ્રહાર કરતી કવિવર ટાગોરની 'રક્ત કરબી'-'રેડ ઑલીઍન્ડર' નામની સુંદર નાટિકા તો સુખ્યાત છે.

પીળી કરેણ

કરેણનાં જેવાં જ પાનવાળી અને પ્યાલી જેવા આકારનાં ઘટ્ટ પીળાં રંગનાં ફૂલવાળી 'પીળી કરેણ' પણ બહુ જાણીતી છે. જો કે કરેણ કરતાં એ ભિન્ન વનસ્પતિ છે. અંગ્રેજીમાં તે Yellow Oleander, Bastard Oleander, Exile tree અને Trumpet flower વગેરે નામે ઓળખાય છે. એનું વૈજ્ઞાનિક નામ છે Thevetia Neriifolia અને Cerebera Thevetia. સોળમી સદીના એક ફ્રેંચ સાધુ આંદ્રે થિવેટ (૧૫૦૨-૧૫૯૦)ના નામ પરથી એનાં આ નામ રખાયાં છે. હિન્દીમાં 'પીલી કનેર' તથા 'ઝર્દ કનેર' નામ છે.

દક્ષિણ અમેરિકા, મૅક્સિકો અને પશ્ચિમી દ્વીપસમૂહો એ પીળી કરેણના મૂલપ્રદેશો. ભારતમાં પીળી કરેણ લગભગ સર્વત્ર જોવા મળે છે.

પીળી કરેણ પણ સદાબહાર છે અને પંદરવીસ ફૂટ ઊંચે સુધી વધે છે. એનાં પાન કરેણ જેવા આકારનાં જ પણ વધુ ચમકદાર, પાતળાં અને નજાકતવાળાં લાગે છે. આ કરેણમાંથી પણ તેને તોડતાં શ્વેત રસ નીકળે છે અને તે પણ ઝેરી ગણાય છે. પશુપ્રાણી તેનો ચારો કરતાં નથી. પીળી કરેણનાં ફૂલ પણ ઝૂમખાબંધ ઊગે છે અને ચોવીસેક કલાક પછી કરમાઈને ડાળ પરથી ખરી પડે છે. (વડોદરાના સયાજીરાવ વિશ્વવિદ્યાલયના અધ્યાપક નિવાસની વાડીમાં એનો શ્વેત પુષ્પવાળો એક પ્રકાર પણ જોવા મળ્યો છે.) કરેણ અને પીળી કરેણનાં પુષ્પોમાં જેમ દેખીતી ભિન્નતા છે તેમ તેનાં ફળમાં પણ છે. પીળી કરેણનું ફળ રંગૂની બદામ જેવા વિશિષ્ટ આકારનું હોય છે. પાકે ત્યારે તખખીરી રંગનું થઈ તેમાંથી ત્રિકોણાકાર મજબૂત ગોટલી નીકળે છે ને તેની અંદર બીજ હોય છે. આ બીજને પશ્ચિમના દેશોમાં શુકનિયાળ માનવામાં આવતું હોઈ તેને 'લકી સીડ્સ' કે 'લકી બીન્સ' નામે પણ ઓળખે છે. □

પી. ઇ. એન.ની બેઠકો

(પ્રદેશે જય-વિજયના–૧૦)

—લેખક · પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ—

આંતરરાષ્ટ્રીય 'પેન'ના પ્રમુખ પેરુના નોબેલ પારિતોષિક વિજેતા નવલકથાકાર મારિયો વાર્ગોસ લોસાના પ્રમુખપદમાં પેન કૉંગ્રેસની કાર્યવાહક સમિતિની બેઠક મળી. દેશદેશનાં પેન સેન્ટરના સત્તાવાર પ્રતિનિધિઓ જ આ સમિતિના સભ્ય તરીકે તેમાં ભાગ લઈ શકે છે. બેઠકના આરંભમાં જ આંતરરાષ્ટ્રીય પેનના મંત્રી ઈંગ્લૅન્ડના પીટર એલસ્ટૉબે જણાવ્યા પ્રમાણે અગાઉથી પરવાનગી મેળવી હોય તો જ અન્ય લેખકો તેમાં ઉપસ્થિત રહી શકે, પરંતુ તેમનાથી સમિતિની કોઈ ચર્ચામાં કે મતદાનમાં ભાગ લઈ શકાય નહિ. વળી, આ બેઠકમાં થતી ચર્ચા જાહેર કરવામાં આવતી નથી, એટલે તેમાં ભાગ લેનાર સભ્યો કોઈ પણ દેશ કે ત્યાંની સરકાર વિષે પોતાનો સ્વતંત્ર અભિપ્રાય મુક્તપણે વ્યક્ત કરી શકે છે.

સમિતિની છેલ્લી બેઠકની મિનિટ્સ અને તે પછી હૅમ્બર્ગમાં મળેલી છેલ્લી રાઉન્ડ-ટેબલ કૉન્ફરન્સનો અહેવાલ વંચાયાં, મંજૂર થયાં અને ત્યાર બાદ રસમ મુજબ પ્રમુખ અને મંત્રીએ ઉપપ્રમુખ માટે કોરિયાનાં સુપ્રસિદ્ધ કવયિત્રી માદામ ડૉ. માઉન સુક મોહના નામની ભલામણ કરી. ડૉ. મોહ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાને કોરિયા કબજે કરેલું ત્યારે લખેલાં રાષ્ટ્રભક્તિનાં કાવ્યો બદલ સુખ્યાત છે. એમણે જેલવાસ પણ ભોગવ્યો છે અને સંયુક્ત રાષ્ટ્રસંઘ તથા 'યુનેસ્કો'માં કોરિયાનું પ્રતિનિધિત્વ પણ કરેલું છે. અનેક પારિતોષિકો તથા ઈવહા યુનિવર્સિટીની ડૉક્ટરેટની માનદ પદવીથી પણ વિભૂષિત છે. દરખાસ્ત સ્વીકારાઈ અને ડૉ. મોહની આંતરરાષ્ટ્રીય પેનના ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી થઈ. ડૉ. મોહે આ બદલ આભાર વ્યક્ત કરી આ પદ પરથી પોતાની શક્તિથી બનતું બધું કરી છૂટવાની ખાતરી આપી.

બપોરે સાહિત્યિક બેઠક હતી. વિષયો પહેલેથી જાહેર કરેલા હોય છે એટલે પ્રતિનિધિઓએ અગાઉથી મોકલી આપેલા નિબંધો વાંચવા કે તે અંગે બોલવા દસ-પંદર મિનિટ અપાય. તે પછી દસેક મિનિટ તેના પર ચર્ચા ચાલે. નિબંધ માટેના વિષયો વ્યાપક સ્વરૂપના હોય એટલે નિબંધ લખનારને પણ મોકળાશ રહે. આ વખતે ઑસ્ટ્રેલિયામાં કૉંગ્રેસ યોજાઈ હતી એટલે તેને લક્ષમાં રાખીને વિષયો નક્કી કરેલા. ઑસ્ટ્રેલિયા દેશ પૂર્વમાં, અને ત્યાં વસી પશ્ચિમની પ્રજા, આથી આ ખંડ પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિના સેતુ જેવો બન્યો, એટલે 'સાહિત્ય–પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના સેતુ તરીકે' તથા 'પેસિફિક મહાસાગરનાં રાષ્ટ્રોનું સાહિત્ય' જેવા વિષયોની પસંદગી થએલી.

બેઠક શરૂ થઈ. સવારે મુકાએલા હેડફોન જંતુનાશક દવા વડે સાફ કરવા માટે પાછાં લેવાઈ ગયાં હતાં અને તેના બદલે પ્લાસ્ટિકની અકબંધ કોથળીમાં બીજાં જંતરહિત હેડફોન બધી બેઠકો પર આવી ગયાં હતાં. આ ફેરબદલી દરેક બેઠક વખતે થતી રહેતી.

આ બેઠકમાં મુખ્ય વ્યાખ્યાન હતું પ્રો. મૅનિંગ કલાર્કનું. 'ઑસ્ટ્રેલિયન ઑથર્સ સોસાએટી'ના અને 'નૅશનલ બુક કાઉન્સિલ'ના એ પ્રમુખ જાણીતા ઇતિહાસવિદ્ છે અને યુનિવર્સિટીમાં આ વિષયના પ્રાધ્યાપક છે. એમના પછી સીડની સેન્ટરના પ્રમુખ સ્ટિફન કેલરે 'જાપાનમાં શેક્સપીઅર' વિષે પોતાનો નિબંધ વાંચ્યો. અમેરિકાના રિચાર્ડ હૉવર્ડે 'વીસમી સદીની અંગ્રેજી કવિતામાં ચીની જીવનનું પ્રતિબિંબ' અંગે તથા જાપાનના પ્રો. મિચિયો ઓચીએ 'પેસિફિક-દેશોનાં સાહિત્યમાં સંસ્કારિતા' વિષે પોતપોતાના નિબંધ વાંચ્યા.

ઔપચારિકતાભરી સવારની બેઠક કરતાં આ સાહિત્યિક બેઠક વધુ રસિક રહી. અલબત્ત, ભોજન પછીની બેઠક હતી એટલે સવાર કરતાં હાજરી ઓછી હતી. કારણ કેટલાક પ્રતિનિધિઓ આરામ ફરમાવવા તો કેટલાક શહેરમાં ફરવા યા ખરીદી કરવા રોકાઈ ગયા હતા.

સાંજે પાંચ વાગ્યે ઑસ્ટ્રેલિયન કાઉન્સિલ તરફથી સત્કાર-સમારંભ યોજાયો હતો. ત્યાં પહોંચવા માટે બસની વ્યવસ્થા હતી. બસમાં મારી બાજુમાં બેઠેલા પ્રતિનિધિની છાતીએ લગાડેલા ઓળખ-કાર્ડમાં નામ વાંચ્યું એરિક વાન જેન્સન. પૂછ્યું : 'જર્મનીથી આવો છો ?'

'ના, ડેન્માર્કથી. તમે ?' 'ભારતમાંથી.'

'તમારે ત્યાંથી કેટલા પ્રતિનિધિઓ આવ્યા છે ?'

'હું એક જ છું.' 'બીજા એક જણ પણ ભારતીય જેવા લાગે છે ને ?'

'તેઓ બાંગ્લા દેશના છે.'

'તમારે ત્યાં મિ. દેસાઈની નવી સરકાર વિષે તમને શું લાગે ?'

(ત્યારે મોરારજીભાઈની સરકારનું શાસન ચાલતું હતું.)

'જનતાએ ચૂંટી છે. આશા છે કે સારું કામ કરશે.'

'ઇન્દિરા ગાંધી ફરી સત્તા પર આવશે એમ લાગે છે ?'

'અત્યારે તો કંઈ જણાતું નથી.'

'એમનો પુત્ર સંજય હવે શું કરે છે ? એની મારુતિ કંપનીનું શું થયું ?'

લાગ્યું કે ભારત વિષે તેઓ ઠીકઠીક માહિતગાર હતા. મેં કહ્યું પણ ખરું, 'ભારતના રાજકારણ વિષે તમે ઘણું જાણો છો. અહીં બહુ ઓછા માણસો આટલું જાણતા હશે.'

'રાજકારણમાં મને રસ છે, એટલે દુનિયામાં શું શું બની રહ્યું છે તે વિષે હું વાંચતો રહું છું.'

મને એમની જાણકારી ગમી. બાકી ઘણાખરા પરદેશીઓને ભારત વિષે બહુ ઓછું જ્ઞાન હોય છે.

એકાએક માર્ગમાં એક ખુલ્લી જગ્યાએ અમારી બસ ઊભી ગઈ. સંચાલકે કહ્યું, 'કદાચ કોઈ કારણસર મોડું થઈ જાય એ ગણતરીએ આપણે થોડા વહેલા નીકળ્યા હતા. કાઉન્સિલમાં પહોંચવા માટે દસ મિનિટ વહેલા છીએ, એટલે હવે આ વધારાના સમયમાં ઇચ્છા હોય તો આપ સૌ અહીં નીચે ઊતરીને હરીફરી શકો છો.'

બાજુમાં જ દરિયો હતો અને તેના સામા કાંઠે ઓપેરા હાઉસ અને હાર્બર બ્રિજનું દૃશ્ય ઢળતી સાંજના આથમતા અજવાળામાં બહુ રળિયામણું લાગતું હતું. ઓપેરા હાઉસ તો જ્યારે જુઓ ત્યારે જુદું જ લાગે. તેજ હવા અને ઠંડા વાતાવરણમાં એ દૃશ્ય માણતાં અંતરમાં આનંદની ઉષ્મા પ્રસરી ગઈ.

થોડી લટાર મારી સમયસર સમારંભમાં પહોંચી ગયા. આવા પ્રસંગે સામાન્યતઃ હોય તેવું જ વાતાવરણ હતું. એ જ વાઈનના ગ્લાસ, મટન સેન્ડવિચ, વેઈટરોની દોડધામ અને ઊંડાણ વિનાની ઔપચારિક વાતો. સામી વ્યક્તિની છાતીએ લટકતું તેનું નામ અને રાષ્ટ્રીયતા વાંચી લો અને પછી કોઈ પણ વિષય પર બે પાંચ દસ વાક્યોની આપલે કરી શકો તો બહુ સરળતાથી ગાડી ચાલે. હા, ક્યારેક તેની ભાષા જાણતા ન હો યા દેશભેદે શબ્દોચ્ચારોમાં પડતા તફાવતને પારખી ન શકો ત્યારે મુશ્કેલી લાગે ખરી. પરંતુ દોર તોડયા વિના કંઈ વાતચીત ચલાવવાની ફાવટ હોય તો આવા અજાણ્યા લોકો વચ્ચે ક્ષોભ ન થાય. કોઈ ગંભીર ચર્ચાની આવા પ્રસંગે જરૂર નથી હોતી. આવાં જૂથોમાં ઘૂમતો હતો ત્યાં એક મહિલા મળી ગયાં. ઔપચારિક પ્રશ્નોતરી પછી મેં જાણ્યું કે તેઓ થોડો સમય મુંબઈમાં પણ રહ્યાં હતાં. મેં એનું નામ પૂછ્યું. જવાબ મળ્યો, 'સુઝાન વૅાંઙ'.

'ઓ હો! તો તમે સીડની પેન સેન્ટરનાં મંત્રી છો? પરિપત્રમાં મેં તમારું નામ વાંચ્યું છે, તમે ભારતમાં ક્યારે રહેલાં?'

'પંચાવનથી સાઠની સાલ દરમિયાન. મને તો ભારત બહુ ગમે છે. ગરીબી છે, પણ પ્રજા બહુ માયાળુ અને સેવાભાવી'.

'ભારતમાં રહેવાનું કેમ છોડવું પડયું?'

'મારા પતિ વિદેશખાતામાં છે એટલે ચારપાંચ વર્ષે અમારે સ્થળાંતર કરવું પડે. આ રીતે ચીન, દક્ષિણ અમેરિકામાં બોલિવીઆ અને ઉત્તર અમેરિકામાં પણ હું રહી છું. એટલે તો મારી નવલકથાઓમાં હું તે તે દેશના સમાજજીવનનું વિગતવાર આલેખન કરી શકું છું.'

સુઝાન યૉર્ક નવલકથાકાર છે અને એમની એક નવલકથા 'ધ વિડૉ' તો બેસ્ટ સેલર તરીકે જાણીતી છે.

સામાન્ય રીતે બનતું રહેલું તેમ આ સમારંભમાં હું તદ્દન ખાલીપેટ તો નહોતો રહ્યો, કારણ અહીં મને દૂધ મળી ગયેલું. દોઢેક કલાક આ બધી ગપસપ અને વાતતડાકા ચાલ્યા પછી એકાએક ઘંટડી રણકી. બધાંનું ધ્યાન એ તરફ ખેંચાયું. એક સજ્જન પ્રવચન માટે ટેબલ પર ચડી ગયા. નામ એમનું ઓ. જ્યૉર્જ બ્લાઈની. એમણે અમારું સૌનું સ્વાગત કરી દૂરદૂરથી આ કૉંગ્રેસમાં ભાગ લેવા આવવા બદલ આભાર વ્યક્ત કર્યો. પછી ખિસ્સામાંથી દસ ડૉલરની એક નોટ કાઢીને તે બતાવતાં પૂછ્યું : 'આ શું છે, જાણો છો?'

ઑસ્ટ્રેલિયન ચલણથી હવે સૌ પ્રતિનિધિઓ પરિચિત હતા. એટલે એમણે બીજો પ્રશ્ન પૂછ્યો. 'એના ઉપર કોની છબી છાપેલી છે?'

આની કોઈને ખબર નહોતી. સૌ ચૂપ રહ્યા એટલે એમણે કહ્યું : 'એ છે ઑસ્ટ્રેલિયાના હેન્રી લૉસન. અમારા એ એક મોટા વાર્તાકાર અને કવિ હતા. આપ સમજી શકશો કે ઑસ્ટ્રેલિયાને લેખકો ને સાહિત્યકારો માટે કેટલું માન છે. દુનિયામાં હજી કોઈ દેશે પોતાની ચલણી નોટ ઉપર પોતાના સાહિત્યકારની છબી આપી નથી. હું આશા રાખું છું કે ભવિષ્યમાં ફરી જ્યારે ઑસ્ટ્રેલિયામાં આવી કૉંગ્રેસ ભરાશે ત્યારે દસ ડૉલર ઉપરાંત વીસ ડૉલરની નોટ ઉપર પણ અમારા કોઈ સાહિત્યકારની છબી હશે.'

તાળીઓના ગડગડાટ અને આનંદ સાથે સૌએ એમના વક્તવ્યને વધાવી લીધું. કંઈ પણ લાંબી લપછપ વિના માત્ર ત્રણેક મિનિટમાં તો એમણે પતું કહી દીધું, અને અમારા પ્રમુખે પણ એક જ વાક્યમાં એમનો આભાર માન્યા પછી સમારંભની સમાપ્તિ થઈ. (ચાલુ)

લૅપેરોસ્કોપ

ઉદર-છેદન કર્યા વિના દૂંટીની નીચે પેડુમાં માત્ર અર્ધા ઇંચનો કાપ મૂકીને ત્યાંથી બસ્તિપ્રદેશનાં અવયવો નિહાળી શકાય એવા લૅપેરોસ્કોપ અંગે ઈ. સ. ૧૯૬૦ની સાલમાં સ્ટૅપ્ટીની શોધ પછી બ્રિટિશ ગાયનેકોલૉજિસ્ટોએ તેને ઉત્સાહભેર સ્વીકાર્યો છે. ત્રીસ પાંત્રીસ સેન્ટીમીટર લાંબું અને નવથી દસ મિલિમીટર જાડું લૅપેરોસ્કોપ નળી આકારનું હોય છે. જેના વડે પેટની અંદરના અવયવો જોઈ શકાય છે. આ જોવા માટે તેની અંદર પૂરતો પ્રકાશ મળી રહે તેવી પણ યોજના હોય છે. દૂંટી નીચે નાનો કાપ કરી તેમાંથી લૅપેરોસ્કોપ પેડુમાં ઉતારી તેની સાથે જ જોડાએલા સાધન દ્વારા પેડુમાં કાર્બન ડાયૉક્સાઈડ વાયુ પુરાય છે. આથી પેટની દીવાલ ઉપર ઊપસી આવી આંતરડાં નીચાં રહે છે અને ગર્ભાશય બરાબર જોઈ શકાય છે. અધુના આ સાધન વતી સ્ત્રીઓનાં વંધ્યીકરણનાં ઑપરેશન–ટ્યુબક્ટોમીમાં બીજવાહક નલિકા બંધ કરવા ઉપરાંત, વંધ્યત્વના કારણ જાણવા બીજવાહક નલિકાઓની બંધ સ્થિતિ જાણી શકાય છે. વળી, સ્થાનભ્રષ્ટ ગર્ભાધાન તેમ જ ગર્ભાશયના સોજાની સ્થિતિની પણ તપાસ થાય છે. બસ્તિપ્રદેશના અટપટા કેસો માટે હવે ઉદર છેદનની આવશ્યકતા રહી નથી, કારણ કે લૅપેરેસ્કોપ દ્વારા રોગ નિદાન તેમ જ શસ્ત્રક્રિયા થઈ શકે છે. પરિવાર નિયોજન માટે સ્ત્રીઓની બીજવાહક નલિકા બાંધવાના ટ્યુબક્ટોમી ઑપરેશન બાદ દર્દી ચોવીસથી અડતાલીસ કલાકમાં ઘેર જઈ શકે છે. અગાઉના ઉદરછેદન કરીને કરાતા આવા ઑપરેશનમાં રોગીને આઠ દસ દિવસ હૉસ્પિટલમાં ખાટલાવશ રહેવું પડતું હતું.

અન્નનળી, હોજરી અને પ્રહણીના અંદરના ભાગની સ્થિતિ નિહાળવા માટે રોગીને હૉસ્પિટલમાં દાખલ કરી, તેને બેભાન બનાવી ગેસ્ટ્રોસ્કોપ નામક સાધન મોં વાટે પેટમાં ઉતારાય છે, જેને એન્ડોસ્કોપી કહે છે. પરંતુ હવે રોગીને બેભાન કર્યા વિના, હૉસ્પિટલના આઉટડોર કે સરજનના કન્સલ્ટિંગ રૂમમાં, માત્ર મોંમાં શામક દવા છાંટી એક મીટર જેટલું લાંબું ફાઈબરઑપ્ટિક ગેસ્ટ્રોસ્કોપ (એન્ડોસ્કોપ) પેટમાં ઉતારીને અંદરની સ્થિતિ સ્પષ્ટતાથી જોઈને રોગનું ચોક્કસ નિદાન કરી શકાય છે, અને જરૂર હોય તો બાયોપ્સી માટે અવયવનો ભાગ પણ લઈ શકાય છે. અગાઉ આવી એક્સ્પ્લોરેટરી તપાસ માટે શસ્ત્રક્રિયા કરવી પડતી હતી, જેની હવે જરૂર રહી નથી. ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ (અનુ પૃ. ૨૯૯થી)

ઝીણી સેરનું ભરતકામ તેના સ્વભાવને બહુ ફાવતું લાગતું નથી' (નર્મદ, ઈ. ૧૯૪૫. પૃ. ૭૭) નર્મદના જીવન અને તેની કવિતા વિશેનું મંતવ્ય પ્રગટ કરતાં તેમણે કહ્યું છે : 'નર્મદના સમયના સમાજની કેટલીક શિથિલતા, હિંદી સાહિત્યની અસર, પાપો કબૂલ કરવામાં અનુભવાતો ઉત્સાહ, સાચો જોસ્સો એટલે કવિતા એવી માન્યતા, અને વિવેકથી ન દબાય એવી લાગણી કલ્યાણમય છે એવો જીવનમીમાંસાનો સિદ્ધાન્ત : એટલું ભેગું કરો એટલે નર્મદના જીવનની તેમ જ તેના કાવ્યની ઘણી-ઘણી બાબતોનો ખુલાસો મળી રહેશે.' (એજન પૃ ૭૯). નર્મદની સમગ્ર કવિતાનું આજે મૂલ્યાંકન કરીએ તો નર્મદનું કવિ તરીકેનું નહિ પણ કદાચ ગદ્યકાર તરીકેનું પલ્લું નીચું નમશે. નર્મદની કવિતાનું દળદાર થોથું આજે ભાગ્યે જ વાચકોને રસદાયક નીવડે. નર્મદની સમગ્ર કાવ્ય કૃતિ-ઓમાં કોઈ આખું સુશ્લિષ્ટ સંઘેડાઉતાર કાવ્ય જવલ્લે જ નજરે પડશે.

કવિ સુંદરમે સાચું જ કહ્યું છે કે 'નર્મદની પ્રવૃત્તિની કરુણતા એ છે કે તેણે શબ્દ અર્થની ચમત્કૃતિઓનો નિષેધ તો સ્વીકાર્યો, પરંતુ રસની ચમત્કૃતિનો સાચો કીમિયો શું છે તે તેને કદી હાથ આવ્યું નહિ. નર્મદમાં વિચારશક્તિ છે, કળાનાં તત્ત્વોને તે બૌદ્ધિક પૃથક્કરણથી પકડવા મથે છે, પણ કળાનું સૂક્ષ્મ રસચયણ તેના સર્જનવાંચ્છુ અંતઃકરણને ગમ્ય કે લભ્ય નથી થતું.' (અર્વાચીન કવિતા, આ. ૧લી, ૧૯૪૬. પૃ ૩૦)

નર્મદ અર્વાચીન કવિતામાં આજે કયા સ્થાનનો અધિકારી? ઉમાશંકર જોશી પણ આ જ પ્રશ્ન કરે છે : 'નર્મદની કવિતાનો એ વખતે ભારે પ્રભાવ પડયો, પણ નર્યા કાવ્યગુણની દૃષ્ટિએ નર્મ-કવિતાનું મૂલ્ય આજે કેટલું? નર્મદાશંકર કવિ, નર્મદાશંકર યુગપુરુષને ઉઠાવ આપવામાં અને કાર્યક્ષમ બનાવવામાં ઘણા મદદકર્તા નીવડયા, પણ નર્મદાશંકર કવિ ગુજરાતી કવિતા પરંપરામાં કયા સ્થાનના અધિકારી?' (પ્રતિશબ્દ, ૧લી આવૃત્તિ ૧૯૬૭. પૃ. ૮૩)

અને એ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે : 'એકંદરે સિદ્ધ કાવ્ય કૃતિઓ આપનાર કરતાં વધુ તો કવિતાનું વહેણ બદલી નાખનાર એક બળ (Force) તરીકે, એક અગ્રયાયી (Pioneer) તરીકે નર્મદનું ગુજરાતી કવિતાસાહિત્યનાઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન છે.(એજન,પૃ.૮૯)(ચાલુ)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ



પ્રકરણ ૪ [ચાલુ]

નર્મદની કાવ્યપ્રવૃત્તિ

લેખક

પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

પ્રાર્થના અને ચિંતનાત્મક કાવ્યો

નર્મદે પોતાની કાવ્યરચનાનો આરંભ ધીરાના ભક્તિ-વિષયક પદના અનુકરણ રૂપે કર્યો હતો. એ રીતે નર્મદની પહેલી રચના ઈશ્વરપ્રાર્થનાની છે. નર્મદે તેનાં પ્રકૃતિકાવ્યોમાં પણ અંતે ઈશ્વરની લીલા અને એ અંગે પોતાનો અહોભાવ જ ગાયો છે. દેશની ઉન્નતિ-આબાદી અર્થે પણ તેણે ઇશ્વરપ્રાર્થનાનાં કાવ્યો રચ્યાં છે.

'બ્રહ્મગિરિ'માં પ્રકૃતિની શોભાથી પ્રસન્ન પાવન થઈ નર્મદ ડોલી ઊઠે છે, બોલી ઊઠે છે :

આનંદમાં નર્મદ છેક ડૂબ્યો, એવો દીઠો બ્રહ્મગિરિ જ ઊભો.

'દેશોત્કર્ષ અર્થે પ્રાર્થના'માં તે ઇશ્વરને વિનવે છે :

> સંપ રાખી પરસ્પરે કરવ તું કામો સુધારા તણાં,
> દેશીઓ તણી થાય સ્હેજ ચડતી, કાંઈ ના રેહે મણા.

'ફરી જોબનિયું આપે'માં પણ એ જ પ્રકારનો ભાવ છે :

> ફરી જોબનિયું આપે, હરિ તું ફરી જોબનિયું આપે;
> હિંદુ દેશને થાપે, હરિ તું નીજ કરીને થાપે.

એ જ પ્રમાણે નર્મદે નીતિ વિષે પણ પોતાની માન્યતાઓ કાવ્યોમાં વ્યક્ત કરી છે, પરંતુ નર્મદનાં આ પ્રકારનાં કાવ્યોમાં કોઈ અનુભૂતિનો રણકો સંભળાતો નથી. 'ફરી જોબનિયું આપે' એ પ્રમાણમાં સારું છે. 'નવ કરશો કોઈ શોક રસિકડાં' એ નર્મદનું એક મનોહર આત્મલક્ષી કાવ્ય એની લાક્ષણિકતાના નમૂના રૂપ છે. નર્મદનાં કેટલાંક ભક્તિવિષયક કાવ્યો અંગ્રેજીમાંથી ભાષાંતર રૂપે પણ લખાયાં છે. એકંદરે જોતાં નર્મદનાં એ નબળાં કાવ્યો છે.

ચિંતનાત્મક કાવ્યોમાં 'પ્રેમચંદા' અને 'અનુભવ લહરી' એ બે કાવ્યો ધ્યાનપાત્ર છે. 'પ્રેમચંદા'માં ચંદાનું વર્ણન હોવાથી એ પ્રકૃતિ-કાવ્ય તો છે જ, પરંતુ એમાં પ્રેમનું પણ નિરૂપણ હોઈ તે પ્રેમકાવ્ય પણ છે, અને પ્રેમ વિશે તેમાં નર્મદનું ચિંતન પ્રગટતું હોવાથી તે ચિંતનાત્મક કાવ્ય તરીકે પણ મહત્ત્વનું છે. એ રૂપક કાવ્ય તો છે જ. કાવ્યના શીર્ષકમાં આવતો 'ચંદા' શબ્દ અંગ્રેજીમાં નારી જાતિના Moon શબ્દ પરથી 'ફુમળાસ' માટે ગુજરાતીમાં પ્રથમ વાર યોજનાર નર્મદ હતો એ પછી તો નરસિંહરાવે 'ચંદા' વિશે આખું કાવ્ય રચ્યું છે. નર્મદે 'ચંદા' દ્વારા પ્રિયાના મુખચંદ્રની મહત્તા વર્ણવી છે. નર્મદ પ્રેમને દિવ્ય ઇશ્વરી ગણે છે. પતિપત્નીના શુદ્ધ પ્રેમનો તે પુરસ્કર્તા છે. 'પ્રેમચંદા'માં પ્રેમ દ્વારા અદ્વૈતનો ભાવ તે આકર્ષક રીતે રજૂ કરે છે. નર્મદનું પ્રેમ વિશેનું આ ચિંતન છેલ્લી બે કડીમાં વ્યક્ત થયું છે :

> ચંદા નર્મદ તે એક જગે રે, પાસે પરસ્પર જોય;
> રંગે રૂપે બે સરીખડાં રે, ખૂબ અનુપમ રસમાં સોય રે.
> ચંદા નર્મદ પણ બે નહિ રે, એક જ બિંબ દેખાય;
> જે પીગળી ગંગા બન્યું રે, જેમાં બીજાં પ્રેમીજનો નહાય રે.

નર્મદે પોતે એનાં ચિંતનાત્મક કાવ્યોને પ્રકૃતિ-કાવ્યનું પરિણામ ગણેલું છે. 'નર્મટેકરી'માં પ્રકૃતિ-વર્ણન ચિંતનથી મુક્ત બન્યું છે. પણ ચિંતન કાવ્યત્વના સ્પર્શવાળું નથી. નર્મદની પોતાના વિશેની કેટલીક પ્રસિદ્ધ પંક્તિઓ આ કાવ્યમાં છે :

> કોઈ હોયે હાલે મસ્ત, કોઈ હોયે માલે મસ્ત,
> કોઈ હોયે ઈશ્કે મસ્ત, સુખિયો નર્મદ ખ્યાલે મસ્ત.

'અનુભવ લહરી' એ નર્મદનું દીર્ઘ ચિંતનાત્મક કાવ્ય છે. આ કાવ્ય વિશે ટીપમાં તેણે નોંધ કરી છે : 'મોડી રાતે અંદરની કુદરત સંબંધી વિચાર થતા, તારે તે હું લખી રાખતો ને એમ છુટક છુટક થયેલી કવિતાને સાથે મુકીને અનુભવ લહરી નામ રાખ્યું છે.'

નર્મદની જીવન અને જગત વિશેની કેટલીક ગંભીર માન્યતાઓ 'અનુભવ લહરી'માં વ્યક્ત થઈ છે. એમાં નર્મદના દિલનું દર્દ ચિંતનાત્મક પંક્તિઓમાં પ્રગટે છે. એ કાવ્યની કેટલીક પંક્તિઓ નર્મદની કવિ તરીકેની અને ચિંતક તરીકેની શક્તિનો સમન્વય દર્શાવનારી છે :

> સાગર નિજ લ્હેરોમાં રમે, નિજ ધૂઘૂમાં તેને ગમે;
> (તેમ) જ્ઞાન લ્હેર ને અનહદ નાદ, એમાં નર્મદ બ્રહ્મ અનાદ.
> પવનતણી આવે જે લ્હેર, તેમાં બ્રહ્મ તણી છે મ્હેર;
> એ જ અમૃત બાકી સહુ ઝેર, ક્ષમા રાખ નર્મદ તજિ વેર.
> જો જો આ સુંદર આકાશ, જ્ઞાન તણાંમાં કર તું વાસ;
> કોહં નો સોહં થઈ રેહ, ચિદાનંદ સાર્થક આ દેહ.

કાવ્યના અંત ભાગમાં તે ઉદ્‌ગાર કરે છે :

> જગ પ્રપંચના જૂઠા ખેલ, તેમાં શું મન રાખે ઘેલ;
> અનુભવ સાચો વિદ્યાનંદ, હોંસે પી પ્યાલા સુખકંદ.

અને અંતમાં જીવનનું સમાધાન તેને મળે છે :

'ના નર્મદ હું સમજ્યો સમું, અમીરી ફકીરી રંગે રમું.'

અખાની પંક્તિઓનું સ્મરણ કરાવતી આવી ચિંતનસભર કવિતામાં નર્મદની ઉચ્ચ કવિત્વ શક્તિની પ્રતીતિ થાય છે. પણ નર્મદની આવી કવિતા અલ્પ સંખ્યામાં જ છે.

દેશભક્તિનાં કાવ્યો

નર્મદની વિશિષ્ટ શક્તિ તેનાં કાવ્યોમાં પ્રગટ થાય છે. એનું એક કારણ એ છે કે નર્મદ જોસ્સાનો સમુદ્ર હતો. એટલે ઉત્સાહની ભરતી તેને માટે સ્વાભાવિક હતી. દેશભક્તિનાં કાવ્યોમાં સ્થાયી ભાવ ઉત્સાહનો છે. એટલે નર્મદ અહીં ખીલી ઊઠ્યો છે. તદુપરાંત આ કાવ્યો તેણે મોડેથી લખવાં શરૂ કરેલાં, એટલે કાવ્યની હથોટી પણ તેણે પ્રાપ્ત કરી લીધી દેખાય છે. અને રોળા, લાવણી ઇત્યાદિ છંદ પણ તેના ઉત્સાહને પ્રગટ કરવા સાનુકૂળ બની રહ્યા.

દેશભક્તિનાં કાવ્યોમાંથી 'સ્વતંત્રતા', 'વીરસિંહ', 'હિંદુઓની પડતી' એ તેનાં નામાંકિત કાવ્યો છે. 'સ્વતંત્રતા'માં નર્મદ પ્રજા પક્ષે રહીને રાજ્ય સરકારની અનિષ્ઠ નીતિની ટીકા કરે છે. દલપતરામ અને નર્મદ બંનેએ અંગ્રેજી રાજ્યને પ્રશંસીને બિરદાવ્યું હોવા છતાં અંગ્રેજી રાજ્યની અનીતિ સામે બંનેએ કડક ટીકા કરી છે. બંને કવિ પ્રજાવત્સલ હતા. અંગ્રેજી રાજ્યમાં થતા જુલમો સામે બંનેએ પ્રજાવતી પોકાર ઉઠાવ્યો છે. તેમ છતાં નર્મદના અત્યંત સ્વમાની માનસને પરાધીનતાનું શૂલ કાળજે ઊંડું ખટકતું હતું. સ્વતંત્રતાનો એ આશક હતો. પ્રજાને પરાધીનતા સદી ગઈ તેનો તેને અફસોસ હતો. માનવજીવનના વિકાસમાં સ્વતંત્રતાનું મહત્ત્વ તે નીચેની પંક્તિઓમાં વ્યક્ત કરે છે :

> છૂટથી વધે જ નૂર તેજ માનવી તણું,
> શે ભલું ખીલી રહે જ મર્દ માનવીપણું;
> વીર વીર્ય દાખવે સ્વતંત્રતા પર કમ,
> જેની હાક સાંભળી ધ્રૂજે ભરાય રે જમ

અને આવેગપૂર્વક ઉદ્ગારે છે :

કોઇનો નથી જ હક્ક રાયરંકનો કશો,
છેક તો થવા બનાવવા ગુલામ વિશ્વમાં;
માણસાઈ છે તહાં ગુલામી હોવી ના ખરે,
જુલ્મી વાત જોઈ શુભ ન્યાય ફૂલ તે ખરે.

સ્વતંત્રતાને એ પરાધીન પ્રજા માટે ચેતનકારી, 'વીજળી ચમકારા' જેવું બળ ગણાવે છે. તેને અમૃત-ઝરા સાથે પણ તે સરખાવે છે. આ દીર્ઘ કાવ્યમાં નર્મદની કેટલીક અણઘડતા, અલંકારનું અનૌચિત્ય, શબ્દપસંદગીમાં વિવેકનો અભાવ વગેરે વરતાય છે. તેમ છતાં નર્મદના વ્યક્તિત્વનું ઓજસ્ પણ અહીં પ્રગટે છે.

'હિંદુઓની પડતી' એ રોળાવૃત્તમાં લખાયેલું સુદીર્ઘ કાવ્ય નર્મદની વ્યક્તિ તરીકેની અને કવિ તરીકેની ઘણી બધી લાક્ષણિકતાઓ પ્રગટ કરે છે. પંદરસો જેટલી પંક્તિમાં તે વિસ્તર્યું છે. નર્મદ આ કાવ્યમાં સુધારાનો સેનાની, ઇતિહાસનો અભ્યાસી, સ્વાતંત્ર્યપ્રેમી, શૌર્યની જડીબુટ્ટી પ્રજાને સુંઘાડનારો ઈલમી, એમ અનેકરૂપે પ્રતીત થાય છે. હિંદુઓની પડતીનાં કારણોની તે અહીં ઐતિહાસિક, સામાજિક અને રાજકીય દૃષ્ટિએ આલોચના કરે છે. આ કાવ્યમાં સુધારાનો સમગ્ર કાર્યક્રમ છે અને નર્મદે પોતે એને 'સુધારાનું બાઈબલ' કહ્યું છે નર્મદની કડખેદ તરીકેની પ્રેરક વાણીનો ટંકાર નીચેની પંક્તિઓમાં સ્પષ્ટ સંભળાય છે :

મર્દ તેહનું નામ, સામો આવ્યો કે ચાહે;
કનક કામિની તજી, સજી રણમાં જઈ મ્હાલે.
મર્દ તેહનું નામ, ડરે નહિ રિપુ જથાથી;
હોંસે ચ્હડે તોખાર, ડગે નહિ રિપુ મળ્યાથી,
મર્દ તેહનું નામ, મરે પણ પગ નવ મૂકે;
ધીર ધરી શમશેર, તાકર્યું નિશાન ન ચૂકે.
મર્દ તેહનું નામ, રડે નહિ ઘાવ લીધાથી,
પડ્યો પડ્યો પણ કહે, કાઢ શત્રુને અહીંથી.

સુધારાના સેનાની તરીકેના ઉદ્ગાર નીચેની પંક્તિઓમાં સંભળાય છે :

જ્હેમ પવનની સાથ, સુધારાહિત્ય લડે છે;
ભરતખંડમાં જુદ્ધ કહું ચોમેર મચે છે.
જ્હેમી બહુ ગુજરાત, તહાં સૂધારા પક્ષી;
સેનાનીમાં એક, કવી નર્મદ છે લક્ષી.
પ્રેમશૌર્યમાં મગ્ન, હાલ કડખેદ બન્યો છે;
ઝંપલાવવા રહે, વાટ તે જોઈ રહ્યો છે.

વિવેચક રામનારાયણ પાઠક આ કાવ્યનું સામર્થ્ય વર્ણવીને કહે છે : 'આ કાવ્ય માત્ર હિંદુ ગુજરાતીએ જ નહિ પણ દરેક ગુજરાતીએ વાંચવું જોઈએ, અને તેનું કારણ તેમાં સુધારાનો કાર્યક્રમ છે તે જ નહિ, પણ તે ખરેખર સાહસ અને ઉત્સાહ પ્રેરનાર છે માટે.' ('નર્મદ', આવૃત્તિ, ઈ. ૧૯૪૫. પૃ. ૬૩)

કનૈયાલાલ મુનશીએ તેને 'દેશભક્તનું કરુણ રુદન' કહ્યું છે. આ કાવ્યમાં નર્મદની વેદના છે એ વાત સાચી છે, પણ એકંદરે તેમાં ઊપસી આવતો ભાવ કરુણતાનો નહિ, વીરતાનો છે.

વિવેચક વિશ્વનાથ ભટ્ટે 'હિંદુઓની પડતી'ના ઉપલક્ષમાં નોંધ્યું છે કે, આખા યુગમાં સમસ્ત પ્રજાના ચિત્તમાં પ્રવર્તતી ભાવનાઓને આછાપાતળા કાવ્યરસે રસીને સાકાર કરવા મથતી બે કૃતિઓ નર્મદયુગમાં મળે છે. તેમાં એક દલપતનું 'વેનચરિત્ર' અને બીજી નર્મદ કૃત 'હિંદુઓની પડતી'. આ બંને કાવ્યો એકબીજાનાં પૂરક જેવાં છે. 'વેનચરિત્ર' એ તે યુગના મહાકાવ્યનો પૂર્વાર્ધ છે, તો 'હિંદુઓની પડતી' તેનો ઉત્તરાર્ધ છે. વિશ્વનાથે એ કાવ્યની ત્રણ ગુણોને કારણે મહત્તા ગણી છે : ૧ ઊંડા હૃદયની દેશદાઝ, ૨ દેશની દુર્દશા વિશેનું બહુ માર્મિક નહિ છતાં વ્યાપક ચિંતન અને ૩ ઊછળતી જોમદાર બાની.

કવિ સુંદરમે આ કાવ્ય વિશે નોંધ્યું છે : 'આ કાવ્યમાં આખા ને આખા કાવ્યખંડો પણ એકસરખી ઉત્કૃષ્ટતાથી ભરેલા જોવામાં આવે છે. પ્રાસની નબળાઈ, શબ્દસામર્થ્યના વિવેકનો અભાવ તો હજુ પણ નર્મદમાં છે જ, છતાં તેની કાવ્યકળા આમાં ઘણું નિર્મળ અને પ્રબળ રૂપ ધારી શકી છે. નર્મદનું પાંડિત્ય અને તેનો મહાન ઉન્નત આવેગ આ કાવ્યને એ સુધારાના જમાનાનું ઉત્તમ કાવ્ય બનાવે છે.' (અર્વાચીન કવિતા, આ. ઈ. ૧૯૪૬. પૃ. ૪૫.)

નર્મદનું ત્રીજું દીર્ઘ કાવ્ય 'વીરસિંહ' તેના મહાકાવ્ય રચવાના ઉધામાનું અપક્વ ફળ છે. ગુજરાતીમાં મહાકાવ્ય રચવાનો પ્રયાસ કરનાર પ્રથમ કવિ નર્મદ છે. મહાકાવ્યની સામગ્રી-વસ્તુવિષય, વૃત્ત, રસ વાર્તાનાયક આદિની તેણે નોંધ પણ કરી હતી. પણ નર્મદનું એ ગજું જ નથી. નર્મદમાં માંડીને કથા કહેવાની શક્તિ જ નથી. એ સ્વભાવથી જ આત્મલક્ષી–દિલના જોસ્સા ઊભરાવનારો–કવિ છે. એની ખરી સફળતા એનાં કેટલાંક ટૂંકાં સચોટ ઊર્મિકાવ્યોમાં છે. 'વીરસિંહ' કાવ્યમાં નર્મદે એક નવો 'વીરવૃત્ત' યોજ્યો. એને મહાકાવ્ય માટે રોળા છંદ પૂરતો પ્રૌઢ ન લાગ્યો. 'વીરસિંહ'ના કથાવસ્તુમાં ખાસ કસ નથી; કથા રૂપકાત્મક છે. દંભરાજ સામે હારી ગએલો રાજા વીરસિંહ કેદમાં પડેલો છે. એ વીરસિંહમાં નર્મદનું જ વ્યક્તિત્વ-ચિત્ર છે. વીરસિંહનું સ્વતંત્રતા માટેનું કલ્પાંત તે નર્મદનું જ કલ્પાંત છે. કાવ્યના પહેલા જ ખંડથી તેનો પરદેશી શાસન સામેનો પ્રકોપ વરતાય છે—

હિણુ દંભો કહાડૂ બ્હાર, દેશ હદપાર, હક્ક છે મૂજ જનમ ભૂ મ્હારી,
રણજુદ્ધ કરયું નહિ લેશ, હાય તુજ વેશ, દગાથિ લીધી જીત શી ત્હારી.
રે વેપારી બકાલ, મુકી કુળલાજ કરે મુજ રાજ એક ચકળે શું ?
નહિ નહિ મેં તો સંખાય, પ્રલય આ થાય, રજપુતી જાય વીર ઊઠો શું!

અંગ્રેજો માટે તિરસ્કારમાં તે 'વેપારી બકાલ' શબ્દ પ્રયોજે છે. સ્વતંત્રતા માટેની તેની તમન્ના નીચેની પંક્તિઓમાં સચોટ રીતે પ્રગટ થઈ છે :

ઓ સ્વતંત્રતા જનદેવિ! રૂઠિ ગઈ ક્યાંહ!
કોપનો તાપ! ખમે કયમ જંન?
તું વિના પ્રાણિ નવ જિવે! કદી જો જિવે!
પ્રાણિ તે તને! બાકી જડ મંન.

નર્મદે આ કાવ્યને અંતે 'રહ્યા અપૂર્ણ' એવી કરુણતાવાચક નોંધ કરી છે.

માતૃભૂમિ પ્રત્યે – જન્મભૂમિ પ્રત્યે વહાલ અને દર્દ પ્રગટ કરતું નર્મદનું એક વિલક્ષણ કાવ્ય 'સૂરત' છે. રોળાવૃત્તમાં લખાયેલા આ કાવ્યની આરંભની પંક્તિઓ ગુજરાતી ભાષામાં 'સૂરત' માટેની પ્રચલિત ઉક્તિઓ બની રહી છે :

આ તે શા તુજ હાલ 'સૂરત સોનાની મૂરત';
થયા પૂરા બેહાલ, સૂરત તુ જ રડતી સૂરત!

સૂરતની સમૃદ્ધિ ને જાહોજલાલી અને તેની પડતીનો નર્મદે આપેલો ચિતાર વેદનાભર્યો છે. પણ તેની સૂરતભૂમિ માટેની મમતા ને વેદના નીચેની બે પંક્તિમાં સચોટ રીતે વ્યક્ત થઈ છે :

તાપી દક્ષિણ તટ, સૂરત મુજ ઘાયલ ભૂમિ;
મને ઘણું અભિમાન, ભોય તારી મેં ચૂમી.

ઘાયલભૂમિનું સ્તવન કરનારી ગુજરાતી ભાષાની આ એક સ્મરણીય ઊર્મિકવિતા છે. 'ગરવી ગુજરાત'માં-

જય જય ગરવી ગુજરાત દીપે અરુણ પરભાત

એ આરંભની પંક્તિઓમાં ગુજરાતની અસ્મિતાનો ગૌરવઘોષ રહ્યો છે, પરંતુ પછીની પંક્તિઓમાં કસ નથી.

નર્મદની દેશભક્તિ પ્રગટ કરનારાં જોસ્સાદાર બધાં જ કાવ્યોની ચર્ચા અહીં કરવી શક્ય નથી, પણ એ કાવ્યોની સમર્થ–સચોટ પંક્તિઓ અત્રે ઉતારવાથી આ પ્રકારનાં ટૂંકાં પ્રેરક ઊર્મિકાવ્યો રચવાની નર્મદની શક્તિનો પરિચય થશે.

દેખી દારુણ દેશીનાં દુઃખ, નર્મદદિલ દાઝે છે. (દેશદાઝ)
દાસપણું ક્યાં સુધી, કરવું દાસપણું ક્યાં સુધી ?
ડબલું ભર્યું કે ના હઠવું ના હઠવું; (ના હઠવું)
આમે મરવું તેમે મરવું, કાં ન લડતાં મરવું ? (થઈ મરણિયા ધસવું)
ફરી જોબનિયું આવે. હરિ દ્યે ફરી જોબનિયું આપે. (ફરી જોબનિયું આપે)
સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે;
યા હોમ કરીને પડો ફતેહ છે આગે. (યા હોમ કરીને પડો)
શંખનાદ સંભળાયે ભેયા, શૂર પુરુષને તેડું હો, (શંખનાદ સંભળાયે ભૈયા)

નર્મદના નિખાલસ અને ખુમારીભર્યા વ્યક્તિત્વને પ્રગટ કરતું એક પ્રાસાદિક ઊર્મિક 'અવસાન સંદેશ' છે એમાં નીચેની પંક્તિઓ સ્મરણીય છે—

> હરિકૃપાથી મમ લેખચિત્રથી, જીવતો છઉં હું દમથી;
> વીર સત્યને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી.

નર્મદનાં નાટકો

નાણાંભીડથી તંગ આવેલા નર્મદે થોડીક આવક રળવા સારુ નાટકો લખેલાં. નર્મદે પાંચ નાટકો લખેલાં છે. તેનું પ્રથમ નાટક 'કૃષ્ણાકુમારી' (ઈ. ૧૮૬૯) ટોડના રાજસ્થાનના ઇતિહાસને આધારે લખાયેલું કરુણાન્ત નાટક છે. એનું ઉપશીર્ષક 'હાથીએ હાથી લડે તેમાં ઝાડનો ખો' નાટ્યવસ્તુનું નિદર્શક છે. ઉદેપુરના રાણા ભીમસિંહની રાજકન્યા કૃષ્ણાકુમારીનાં લગ્ન માટે બે ઉમેદવારો છે. એમાંથી યુદ્ધ થવાનો સંભવ છે. એટલે એ ટાળવા કૃષ્ણાકુમારીનું બલિદાન લેવાય છે. નાટક સંવાદથી આગળ વધતું નથી. એ જ સાલના નવલરામના ઐતિહાસિક નાટક 'વીરમતી'ની તુલનામાં નર્મદનું નાટક બધી જ રીતે નબળું છે.

નર્મદનાં 'રામજાનકી-દર્શન' (ઈ. ૧૮૭૬), 'દ્રૌપદી દર્શન' (૧૮૭૮) 'સાર શાકુન્તલ' (૧૮૮૧) અને 'બાલકૃષ્ણ-વિજય' (૧૮૮૬) અન્ય નાટકો છે. આ બધાં નાટકો સંકલના, પાત્રચિત્રણ તથા દશ્યોનાં સંયોજનની દૃષ્ટિએ કાચાં છે – નર્મદને નાટ્યકલાની સૂઝ નથી તેની પ્રતીતિ કરાવે છે. અલબત્ત, નર્મદ તેમાંથી થોડુક રળી શક્યો ને 'દ્રૌપદી દર્શન' તખ્તા પર ઠીકઠીક સફળ થયું, એમાં મત્સ્યવેધનું દશ્ય અને દ્રૌપદીની દુર્યોધનના દરબારમાં થતી અવમાનનાનું દશ્ય સચોટ બન્યાં છે. 'સાર શાકુન્તલ'માં પણ નર્મદનું ગદ્ય પ્રસાદયુક્ત અને પ્રસંગોપાત્ત સચોટ બન્યું છે. મૂળ નાટકના કેટલાક શ્લોકોનું તેનું ભાષાન્તર રસપદ લાગે છે. નર્મદે નાટકોને તખ્તાલાયક બનવવા ફેરફાર અને કાપકૂપ પણ કર્યા છે. આ ચાર પૌરાણિક નાટકો સંસ્કૃત પરંપરાને અનુસરીને લખાયાં છે. પરંતુ સમગ્રરીતે જોતાં નર્મદનાં નાટકો તેની કવિ તરીકેની કીર્તિને વધારે તેવાં નથી.

કવિ નર્મદ : તત્કાલીન અને આજે

નર્મદનો કવિતારચનાનો સમયગાળો ૧૮૫૮–૫૯ થી ૧૮૬૫–'૬૬ સુધીનો, માંડ દસેક વર્ષનો હતો. પણ કવિ તરીકેની એની કારકિર્દી એ વર્ષોમાં જ ઝળકી ઊઠી હતી. નવલરામના મતે એ સમે જેવી એની કીર્તિ પ્રકાશતી હતી, તેવી બીજા થોડા જ કવિની આટલા થોડા વખતમાં પ્રકાશી હશે. એ વખતનો એનો કીર્તિરંગ ન્યારો જ હતો.

નર્મદે અંગ્રેજી શિક્ષણ લીધું હતું અને અંગ્રેજી કાવ્ય-વિવેચનના અભ્યાસમાંથી તેની કાવ્ય વિશેની વિભાવના ઘડાઈ હતી. દલપતરામ કરતાં કાવ્ય વિશેની તેની સમજ દેખીતી રીતે જ વધારે સૂક્ષ્મ અને ચડિયાતી હતી. નર્મદ સ્વભાવથી ચંચળ, રંગીલો અને લાલો હોવા છતાં એનામાં ઉત્સાહ અને દર્દમાંથી નીપજતો વિષાદ આ બે ભાવો પ્રબળપણે પ્રગટ્યા કરતા હતા. નર્મદની લાગણીઓ, તેનો જોસ્સો ઉન્મત્ત હતાં. કવિતારચના માટે તેણે જોસ્સો આવશ્યક ગણ્યો, પણ જોસ્સો એ તો માત્ર ઉપાદાન છે, એને કલાત્મકરૂપ આપ્યા વિના અણઘડ રીતે અભિવ્યક્ત કરી દેવાથી કવિતા ન રચી શકાય એ વાત તે સમજી શક્યો નહિ. એ પોતે પોતાના અનુભવ પર, પોતાના જોસ્સા પર મુગ્ધ હતો. અને એ મુગ્ધતામાંથી તે કલાસંયમ તરફ ગતિ કરી શક્યો નહિ.

નર્મદે અર્વાચીનતાનો પ્રકાશ ઝીલી કવિતામાં અનેક અવનવાં પ્રસ્થાન કર્યાં. દલપતરામ કરતાં એની ઊર્મિ-ઉષ્મા વધુ ઉત્કટ એટલે એની કવિતામાં જોમ વિશેષ વરતાય છે. વીરરસનાં કાવ્યોમાં નર્મદની કવિ તરીકેની લાક્ષણિકતાઓ પ્રબળપણે છતી થાય છે. નર્મદ સ્મરણીય રહેશે એનાં વીર કાવ્યોથી. દલપતરામે પણ નર્મદની પહેલાં કાવ્યના વિવિધ પ્રકારો સારી રીતે અને વિપુલપણે ખેડયા, અને નવાં નવાં પ્રસ્થાન કર્યાં. દલપત અને નર્મદ બંનેએ સંસારસુધારા માટે કવિતાને વાહન બનાવીને પણ વિપુલપણે કાવ્યો રચ્યાં અને બંનેને એમાં કીર્તિ મળી. નર્મદની કવિતાએ ખાસ કરીને મુંબઈમાં ડંકો વગાડયો, દલપતરામ સુરતથી સૌરાષ્ટ્ર સુધીમાં ઘેરેઘેર સન્માન્ય કવિ બની રહ્યા. અલબત્ત, નર્મદમાં અર્વાચીન વિચારો ને લાગણીઓનો આવિષ્કાર વધારે પ્રબળતાથી પ્રગટ થાય છે. નર્મદની કલ્પના પણ ભલે ક્વચિત્ ક્વચિત્ પણ દલપતની કલ્પના કરતાં વધુ ઊંચે ઊડે છે. વિવેચક રામનારાયણ પાઠકે દલપતરામ અને નર્મદની કવિત્વશક્તિની તુલના કરતાં નોંધ્યું છે : 'અલબત્ત, તેની કલ્પના જેટલે ઊંચે જતી તેટલે ઊંચે સ્થિર રહી શકતી નહોતી. દલપતરામની કલ્પના જેટલે જતી તેટલે લાંબો કાળ સ્થિર રહી શકતી. પણ ઘણે ઊંચે જઇને ક્ષણ રહીને પણ નર્મદ જે જોઈ શક્યો તે દલપતરામે જોયું નથી.' (નર્મદ, આવૃત્તિ ૧લી, ઈ. ૧૯૪૫. પૃ. ૯૪)

નર્મદે મહાકાવ્ય રચવાના મનોરથ સેવ્યા, પ્રયત્ન કર્યો, 'હિંદુઓની પડતી' જેવા કાવ્યમાં–પરિચ્છેદો (Periods)માં કાવ્ય રચવાની પહેલ કરી, લાવણીને વિસ્તારીને વીરવૃત્ત જેવા નવા છંદ યોજ્યા, લલિત છંદનો પ્રથમ વાર જ તેણે પ્રયોગ કરી બતાવ્યો. આ બધાં તેનાં કાવ્યક્ષેત્રે પ્રસ્થાન છે. નવલરામ જેવા વિવેચક પણ એક વાર તો નર્મદની કવિતા પર અહોભાવ દર્શાવી વરસી ગયા હતા. નર્મદની કવિતાએ તેના જમાનામાં મુંબઈ–સુરતમાં નવું ચેતન પ્રગટાવ્યું હતું. તેનાં સુધારાલક્ષી કાવ્યોએ તો સમાજમાં ઊહાપોહ મચાવી દીધો હતો.

તેમ છતાં નર્મદની કવિતામાં ક્લિષ્ટતા, ભાષાની અણઘડતા, ભાષાનું અનૌચિત્ય, અશ્લીલતા આ બધાં તત્ત્વો ખૂબ કઠે તેવાં છે. નર્મદના ચિત્તમાં ઉત્તમ કાવ્યોના સંસ્કારો નથી. એનાં કાવ્યો સ્થૂલતામાં રાચે છે અને અનેકવાર અભદ્રતામાં સરી પડે છે. પ્રેમભાવનું નિરૂપણ કરવામાં નર્મદનું અનૌચિત્ય કઈ સીમા સુધી પહોંચી શકે છે તેનું એક ઉદાહરણ જોઇએ :

> આંખ નાકનાં ચીકણાં પાણી જે ઉભરાય;
> પ્રીતભીંત તેનાં થકી, ખુબ મજબૂત ચણાય.

આ દઢપ્રેમ માટેનું તેનું રૂપક ! મીરાંનું પદ–'પ્રેમ આંસુ ડારડાર અમરવેલ બોઇ' વાંચનારને નર્મદનું આ રૂપક કેવું લાગશે ? સુરુચિભંગનાં પણ ઘણાં ઉદાહરણો તેનાં પ્રકૃતિકાવ્યોમાંથી મળશે 'ઝટ નાતરાં કરો' જેવી પંક્તિની ગ્રામ્યતા માટે તેને કશો છોછ નથી.

નર્મદનાં કાવ્યોમાં દુર્બોધતા પણ ભારોભાર ભરી છે. એણે કાવ્યો નીચે પોતાની ટીપ ના આપી હોય તો તેનાં કાવ્યો સમજાય પણ નહિ ! 'દલપત પ્રાસે વ્હાય' એમ દલપતની ટીકા-મશ્કરી કરનાર નર્મદ પ્રાસરચનામાં ઓછા સફળ છે. વિવેચક પાઠકે એની કવિતા વિશે યથાર્થ જ કહ્યું છે : 'તે મોટા હથોડાથી ટીપીને આકારો કરી શકે છે. (અનુ. પૃ. ૨૯૬)

જેટ બહાદુર

સત્યજિત રાયની
રહસ્યકથા
(ગતાંકથી ચાલુ)

અનુવાદક · સુકન્યા ઝવેરી

વીતી ગએલી વાર્તા : લાલમોહનબાબુની વાર્તા પરથી બનતી ફિલ્મના પ્રથમ શૂટિંગ પ્રસંગે એમની સાથે આવેલા ફેલુદા અને તપેશ મુંબઈની ફિલ્મી દુનિયાનો પરિચય પામવા સાથે મહેમાનગતિ માણી રહ્યા છે. લાલમોહનબાબુને પણ પોતાની વાર્તા માટે દસ હજાર રૂપિયા મળ્યા હોઈ પોતે કલકત્તાથી આણેલા કોઈ એક મિ. સાન્યાલના સંપેતરાની આસપાસ ઘૂંટાતા રહેલા રહસ્યને પણ ભૂલી રહ્યા છે ત્યારે એક ઘટના બને છે. અત્યાર સુધી ઘેરાતા જતા આ રહસ્ય અંગે અટવાતા રહેલા ફેલુદાને આથી દિશા સૂઝે છે, અને......

શિવાજી કૅસલમાં મિ ગોરેને મળીને પાછા ફર્યાને હજી દસેક મિનિટ જ થઈ હશે. ધનપ્રાપ્તિના આનંદમાં લાલમોહન-બાબુ ત્યાં એમના પર આવેલા પેલા રહસ્યમય ફોનની ઘટના જ જાણે વીસરી ગયા હતા. એટલે જ તો અહીં હોટેલમાં પેસતાં જ રીસેપ્શનિસ્ટે જ્યારે અમને કહ્યું કે અર્ધાએક કલાક પહેલાં લાલમોહનબાબુ પર કોઇનો ફોન આવ્યો હતો. એટલે કે અમે જ્યારે શિવાજી કૅસલના દાદર પરથી ઊતરતા હતા ત્યારે અહીં આ ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ આપી નહોતી.

'પુલક જ વારેવારે ફોન કરે છે,' લાલમોહનબાબુએ કહેલું. 'એના સિવાય બીજું હોય પણ કોણ?'

પણ મેં જોયું કે ઉપરાઉપરી બબ્બે રહસ્યમય ટેલિફોન આવવાની ઘટનાથી ફેલુદાની ગંભીરતા વધી ગઈ હતી. 'મારે તમારી થોડી ઊલટ તપાસ કરવી છે, લાલમોહનબાબુ' ફેલુદાએ પૂછ્યું, 'તૈયાર છો ને?'

'અરે, પોલીસની તપાસમાંથી પણ જ્યારે ફ્લાઇંગ કલર્સ સાથે પાર ઊતર્યો છું, તો હવે તમારી તપાસનો શા માટે વાંધો હોય?'

'અચ્છા. મિ. સાન્યાલનું નામ શું હતું એ તમે નથી જાણતા, ખરું?'

'ના ભાઈ. એ તો મેં પૂછ્યું જ નહોતું.'

'એ આદમીનું વર્ણન કરો જોઇએ. તમારી વાર્તાઓમાં કરો છો એવું અધુંપધું વર્ણન નહિ ચાલે મારી પાસે.'

ખોંખારો ખાઈ લાલમોહનબાબુએ જરાં સંકોચતાં કહ્યું : 'પ્રથમ મિ. સાન્યાયની હાઇટ લઇએ. માની લો કે...'

'તમે શું માણસની હાઈટ જ પહેલાં જુઓ છો?'

'તે એવો ઊંચો કે બટકો હોય...'

'મતલબ કે એ વિષે યે તમે ચોક્કસ નથી. શું એ ઊંચો હતો?'

'ઊંચો તો નહોતો જ.' 'તો બટકો હતો?'

'એમ પણ નહિ કહી શકાય.'

'હાઇટને બાજુએ રાખો. એનો ચહેરો કેવો હતો?'

'સાંજના ઝાંખા અજવાળામાં જોએલો, એમાં ય અમારા બહારના ઓરડાનો બલ્બ માત્ર ચાળીસ વૉટનો જ છે, એટલે બહુ ચોક્કસપણે તો ન કહી શકું...'

'છતાં યે કહો.' ફેલુદાએ પોતાના પ્રશ્નને વળગી રહેતાં કહ્યું. અને લાલમોહનબાબુએ મિ. સાન્યાલનું વર્ણન આગળ ચલાવ્યું. 'પહોળો ચહેરો, ભારે આંખો અને તેની પર ચશ્માં, દાઢી વધારેલી પણ ચપ્પટ દબાએલી, મૂછ સાથે જોડાએલી...' 'ફ્રેન્ચ કટ?'

'ના, મૂછની ટીશી ગાલ ઉપર થોભિયા સાથે જોડાએલી હતી.' 'કાળા ધોળા બંને જાતના ભેગા વાળ. જમણી, ના ના, ડાબી બાજુ સેંથો.'

'દાંત?' 'સાફ. પણ ચોકઠું હોય તેવું નહોતું લાગ્યું'.

'અવાજ?' 'મધ્યમ, એટલે કે જાડો પણ નહિ, ને તીણો યે નહિ.'

'હાઈટ?' 'મધ્યમસરની.'

'એ સજ્જને તમને અહીંનું એક સરનામું આપ્યું હતું ને? અને મને ખયાલ છે તે મુજબ એણે તમને એમ પણ કહેલું કે બૅાંબેમાં કંઈ અગવડ પડે તો એને ફોન કરજો, એ ખૂબ હેલ્પફુલ થઈ પડશે.'

'અરે, હા. એ તો હું ભૂલી જ ગયો. સવારે પોલીસે પૂછવાછ કરી ત્યારે યે યાદ ન આવ્યું, નહિ તો એ પણ એમને કહી દેત.'

'મને કહેશો તો યે ચાલશે.'

'ઊભા રહો, કહું.' લાલમોહનબાબુએ મની બૅગમાંથી એક ઘડી કરેલો બ્લ્યૂ રંગનો કાગળ કાઢીને ફેલુદાને આપ્યો. ફેલુદાએ બહુ ધ્યાનથી એ કાગળ જોયો. કારણ તેમાં લખેલો ફોનનંબર મિ. સાન્યાલના પોતાના હસ્તાક્ષરમાં લખેલો હતો. પછી કાગળને વાળીને પોતાના પર્સમાં મૂકતાં ફેલુદાએ કહ્યું : 'તોપસે, નંબર માગ તો—ટુ ફાઈવ ફોર વન એઈટ.' મેં ફોન જોડીને ઑપરેટર પાસે એ નંબરનું જોડાણ માગ્યું. ફેલુદાએ અંગ્રેજીમાં જ વાત કરી. 'હલો, મિસ્ટર દેસાઈ છે?' પણ ખબર પડી કે એ નંબર પર મિ. દેસાઈ નામનું કોઈ રહેતું જ નથી. જે રહે છે તેની અટક છે પારેખ, અને છેલ્લાં દસ વર્ષથી તેમનો જ એ નંબર છે.

'લાલમોહનબાબુ,' ફોન મૂકી દેતાં ફેલુદાએ કહ્યું, 'મિ. સાન્યાલને તમારી નેક્સ્ટ વાર્તા વેચવાની આશા છોડી દેજો. આ માણસ અત્યંત ગોટાળિયો લાગે છે. અને મને ખાતરી છે કે તમે એનું જે સંપેતરું લઈ આવ્યા હતા તેમાં પણ અચૂક કંઈક ગોલમાલ હશે.'

લાલમોહનબાબુ માથું ખજવાળી નિસાસો નાખી બોલ્યા : 'સાચું પૂછો તો ભાઈ, ખબર નહિ કેમ, મને પણ એ માણસ ઠીક નહોતો લાગ્યો.'

'તમારી એ ખબર નહિ કેમ એ બાબત મને બિલકુલ પસંદ નથી.' ફેલુદાનો અવાજ હવે ઊંચો થઈ ગયો. 'તમારે એ કેમનો જવાબ શોધી કાઢવો પડશે. ચાલો. પ્રયત્ન કરો જોઇએ.'

લાલમોહનબાબુને જો કે ફેલુદાની વઢ ખાવાની હવે નવાઈ નથી રહી. અને હું એ પણ જાણું છું કે એથી એમને માઠું પણ નથી લાગતું. કારણ ફેલુદાના ઠપકા ખાઈખાઇને તો એમણે પોતાની લખાવટમાં પ્રગતિ કરી છે, એનો તો એ પોતે પણ એકરાર કરે છે.

'નંબર એક,' લાલમોહનબાબુ ટટ્ટાર થઇને પદ્ધતિસર વિચારતાં બોલ્યા, 'એ માણસ સીધું મારા મોં સામું તાકીને બોલતો નહોતો. નંબર બે, બધી વાત એ એટલી ધીમા અવાજે કરતો હતો કે જાણે કોઈ ગુપ્ત મસલત કરવા આવ્યો હોય. અને નંબર ત્રણ...'

પણ આ નંબર ત્રણ શું એ લાલમોહનબાબુ ખૂબખૂબ પ્રયત્ન કરવા છતાં યે યાદ કરી શક્યા નહિ.

સાડા છ વાગ્યે અમારે 'લોટસ'માં પિક્ચર જોવા જવાનું હતું. છ વાગ્યે તો અમે તૈયાર થઇ ગયા. અમે એટલે હું અને લાલમોહનબાબુ, બે જ જણ. ફેલુદાને ફિલ્મ જોવાની ઇચ્છા નહોતી. કહે થોડું કામ છે. એની પેલી લીલા પૂંઠાની ડાયરી બૅગમાંથી બહાર આવી ગઈ હતી એટલે એને શું કામ હશે તેનો મને અંદાજ આવી ગયો હતો.

અમે પાછા વરલી ગયા, કારણ લોટસ સિનેમા ત્યાં જ છે. લાલ-મોહનબાબુ કંઈક નર્વસ બની ગયા હતા પુલકબાબુ કેવી ફિલ્મ બનાવે છે તેનો ખયાલ એમની આ 'તીરંદાજ' ફિલ્મ પરથી મળી રહેવાનો હતો. 'પુલક કહે છે કે એની ત્રણ ફિલ્મો ઉપરાઉપરી હિટ ગઈ છે, એટલે એનું દિગ્દર્શન સાવ નાખી દેવા જેવું તો નહિ જ હોય.' લાલમોહન-બાબુ બોલ્યા, 'તારો શો ખયાલ છે તપેશ?' પણ હું શું બોલું? કારણ હું પોતે પણ એ જ વિચાર કરીને મારા મનને તૈયાર કરતો હતો.

પુલકબાબુએ મૅનેજરને કહી જ રાખેલું એટલે ડ્રેસ સર્કલની ત્રણ સીટ અમારા માટે રાખી હતી. 'તીરંદાજ' અહીં ફરી વાર ચડેલું એટલે સ્વાભાવિક જ ઘણી સીટ ખાલી હતી.

ઈન્ટરવલ સુધીમાં તો સમજાઈ ગયું કે આ 'તીરંદાજ' સેન્ટ પરસેન્ટ કૉડોપાઇરિન માર્કાની, મતલબ કે માથું દુખાડે એવી ફિલ્મ હતી. આટલી વારમાં તો અમે અંધારામાં યે અનેકવાર એકબીજાનાં મોં જોવા પ્રયત્ન કર્યો હતો. એક તરફ હસવું આવતું હતું, તો સાથોસાથ 'જેટ બહાદુર'-ના શા હાલ થશે, અને તેના પરિણામે લેખક 'જટાયુ'ની પણ શી સ્થિતિ થશે એ વિચારતાં પણ રંજ થતો હતો. ઈન્ટરવલમાં બત્તી થતાં જ લાલમોહનબાબુ લાંબો શ્વાસ છોડી બોલ્યા, 'હત્ તારીના! પુલક છોકરા, આટલા દિવસો આ જ કરીને તેં વાળ ધોળા કર્યા?' પછી જરા રહીને મારા ભણી જોઈ બોલ્યા, 'દરેક પૂજામાં એ અમારા મહોલ્લામાં એકાદ નાટક તો કરે જ. મને યાદ છે ત્યાં સુધી તો એ બી.કૉમ માં ફેલ થએલો ...હું જ કહે, તપેશ, આની પાસે શી આશા રખાય?'

ઈન્ટરવલ પૂરો થતાં અંધારાનો લાભ લઈ અમે બહાર નીકળી ગયા. મનમાં હતું કે પુલકબાબુ યા એમના કોઈ માણસ અમને ચાલ્યા જતા જુએ નહિ તો સારું. સદ્‌ભાગ્યે એવું બન્યું નહિ.

'જો પૂછશે તો કહીશ કે ફર્સ્ટ ક્લાસ ફિલ્મ બની છે. ખિસ્સામાં કડકડતી નોટો ન આવી હોત તો મારું મન સાચે જ ભાંગી પડત, તપેશ'.

અમારી મોટરગાડી સિનેમાની સામે ફૂટપાથ પાસે પાર્ક કરેલી હતી. લાલમોહનબાબુ સીધા એ તરફ ન જતાં બાજુની એક દુકાનમાં લઈ ગયા. ત્યાંથી એમણે દાલમૂઠ, મધુરામનાં બિસ્કિટ, અર્ધો ડઝન સંતરાં, પેરીની પીપરમિંટનું એક પૅકેટ વગેરે ખરીદ્યાં. કહે, 'હોટેલના રૂમમાં બેઠાંબેઠાં અચાનક ભૂખ લાગે ત્યારે આ કામમાં આવશે.'

અમે બંને હાથમાં એ પૅકેટો સાથે ગાડીમાં જઈ બેઠા, પણ બેસતાં જ મગજમાં આંચકો લાગ્યો. ગુલબહાર સેન્ટની ઉગ્ર વાસથી ગાડી મઘમઘી રહી હતી. અમે અહીં આવ્યા ત્યારે એ વાસ અચૂક નહોતી જ. જે કંઈ થયું તે આ દોઢેક કલાકમાં જ થયું. 'આ ગંધથી તો હવે મારું માથું ભમવા લાગ્યું છે, તપેશ.' લાલમોહનબાબુ બોલી ઊઠ્યા, 'ભૂતના ઉપદ્રવ સિવાય બીજું કંઈ જ નથી લાગતું. પેલા સાન્યાલનું ખૂન થયું હશે, અને એનું આ સેન્ટ લગાડેલું ભૂત આપણા માથે ચડ્યું છે.'

ડ્રાઈવરને પૂછ્યું તો કહે કે એ તો આખો વખત ગાડીમાં જ બેઠો રહેલો. કેવળ આ છેલ્લી પાંચ-સાત મિનિટ માટે જ એ પાસેની રેડિયો-ટેલિવિઝનની દુકાનમાં ચાલતા ટી.વી.માં 'ફૂલ ખીલે હૈં ગુલશન ગુલશન' જોવા ગએલો. હા, વાસ તો એને ય આવતી હતી. પણ એ ગાડીની અંદર કેવી રીતે આવી એ તો એને પણ સમજાતું નહોતું.

હોટેલ પર પાછા આવી ફેલુદાને જ્યારે આ વાત કરી ત્યારે એણે માત્ર એટલી જ ટીકા કરી, 'રહસ્ય જ્યારે જાળ ફેલાવે ત્યારે આ રીતે જ ફેલાવે, સમજ્યા લાલમોહનબાબુ. જો એમ ન હોય તો જેન્યુઈન, મતલબ કે અસલ રહસ્ય કઈ રીતે ઘડાય? અને એમ ન થાય તો આ ફેલુ મિત્તરના દિમાગને પોષણ પણ ક્યાંથી મળે?'

'પણ...' લાલમોહનબાબુના દિમાગમાં હજી યે ગુલબહારની રહસ્યમય ઉગ્ર વાસ ઘુમરાતી હતી.

'હું જાણું છું તમે શું પૂછવા માગો છો. પણ હું હજી કોઈ નિર્ણય પર નથી પહોંચ્યો. હજી તો માત્ર આ રહસ્યજાળની કૅરેક્ટર, તેની લાક્ષણિકતા સમજવાની કોશિશ કરું છું.'

'તમે બહાર જઈ આવ્યા છો?' ધડ દઇને મેં ફેલુદાને એક જાસૂસી માર્કાનો સવાલ પૂછી નાખ્યો.

'શાબાશ, તોપસે! પણ હું હોટેલમાંથી બહાર નહોતો ગયો. નીચે રીસેપ્શન કાઉન્ટર પરથી આ મળી ગયું.' ફેલુદાની પાસે ઇન્ડિયન ઍર લાઈન્સનું ટાઇમટેબલ હતું. એ જોઇને જ તો મેં સવાલ પૂછ્યો હતો. ફેલુદાએ વધુ ખુલાસો કરતાં કહ્યું, 'જોતો હતો કે કાઠમંડુથી કેટલી ફ્લાઈટ કલકત્તા આવે છે અને ક્યારે આવે છે.'

કાઠમંડુ નામ સાંભળતાં જ મને યાદ આવ્યું કે મારે ફેલુદાને એક વાત પૂછવાની હતી. 'અચ્છા, ફેલુદા! ઈન્સ્પેક્ટર પટવર્ધને જે નાનાસાહેબનો ઉલ્લેખ કરેલો તે કયા નાનાસાહેબ?'

ભારતના ઇતિહાસમાં એક જ નાનાસાહેબ પ્રખ્યાત છે.

'અઢારસો સત્તાવનમાં જે બ્રિટિશો સામે લડ્યા હતા તે જ ને?'

'હા, એ જ. એ લડ્યા પણ હતા અને છેવટ એમનાથી બચવા દેશ છોડીને નાસી જઈ છેક કાઠમંડુ પહોંચી ગયા હતા. સાથે મહામોંઘું ઝવેરાત પણ લઈ ગએલા, જેમાં હીરામોતી જડેલો એક અતિ મૂલ્યવાન હાર પણ હતો. નવલખા હાર તરીકે તે જાણીતો હતો. આગળ જતાં એ હાર નેપાળના જંગબહાદુરના હાથમાં સોંપ્યો, અને તેના બદલામાં જંગબહાદુરે નાનાસાહેબની પત્ની કાશીબાઇને બે ગામ આપ્યાં હતાં.'

'એ નવલખો હાર શું નેપાળમાંથી ચોરાઈ ગયો છે?'

'પટવર્ધનની વાત પરથી તો એવું જ લાગે છે.'

'એટલે કે મારા હાથે જ એ હાર કલકત્તાથી બૉમ્બે આવ્યો?' લાલમોહનબાબુ લગભગ બરાડી ઊઠ્યા.

'વિચાર કરી જુઓ, લાલમોહનબાબુ.' ફેલુદાએ કહ્યું, 'ઇતિહાસમાં હીરાના અક્ષરે લખાએલું રહેશે તમારું નામ.'

'પણ...પણ તો પછી એ હાર યથાસ્થાને પહોંચી ગયો છે. હવે એ દેશની બહાર જાય છે કે નહિ એ તે પોલીસે જોવાનું રહ્યું. તમે એના વિષે જ આટલો બધો વિચાર કરો છો? તમે પોતે જ એ સ્મગલરોને...'

બરાબર એ જ વખતે ટેલિફોનની ઘંટડી રણકી, પોતાની નજીક હતો એટલે લાલમોહનબાબુએ જ ફોન લીધો. 'હલો...હા...યસ સ્પીકિંગ...' લાલમોહનબાબુનો જ ફોન હતો. પણ પુલકબાબુએ નહિ કર્યો હોય. પુલકબાબુ એવું કશું ન જ બોલે કે જે સાંભળીને લાલમોહનબાબુનું મોં આટલું પહોળું થઈ જાય, અને હાથ ધ્રૂજવા માંડે. ફેલુદાએ તુરત ઊભા થઈ એમના હાથમાંથી રીસિવર આંચકી લઇને કાને ધર્યું. પણ મને લાગ્યું કે એમને ફોનમાં કંઈ સાંભળવા મળ્યું નહિ હોય. રીસિવર પાછું મૂકતાં એણે પૂછ્યું, 'સાન્યાલ જ હતો ને?'

માથું હલાવીને હા કહેતાં યે લાલમોહનબાબુને તકલીફ પડતી લાગી. 'શું કહ્યું એણે?' ફેલુદાએ પૂછ્યું.

'કહે...' શરીર હલાવીને મનમાં સાહસ આણવાની કોશિશ કરતાં પ્રયત્નપૂર્વક લાલમોહનબાબુએ જવાબ આપ્યો, 'કહે, મોં ખોલશો તો પ...પ...પેટ ચીરી નાખીશ.'

'હાશ! બહુ સારું થયું!' ફેલુદાએ નિરાંતનો શ્વાસ લેતાં કહ્યું.

'હ...!' બુદ્ધુની જેમ ફાટ્યે ડોળે લાલમોહનબાબુ ફેલુદા સામે તાકી રહ્યા. આવી સ્થિતિમાં ફેલુદાનો હાશકારો તો મને પણ બહુ વિચિત્ર લાગ્યો. પણ તેણે ખુલાસો કર્યો, 'કેવળ ગુલબહારની ગંધથી કંઈ વળતું નહોતું. રહસ્યના કોયડા માટે એ તદ્દન મામૂલી બાબત છે. એ તો ઠીક, પણ એ માણસ ખરેખર બૉમ્બે આવ્યો છે કે બીજા કોઇએ તે સેન્ટનો ઉપયોગ કર્યો છે તે પણ નિશ્ચિત થઈ શકતું નહોતું. હવે કમસે કમ એટલું તો સમજાઈ ગયું કે એ માણસ અહીં આવ્યો છે ખરો.'

'પણ કમબખ્ત મારી પાછળ શું કામ લાગ્યો છે?' અકળાઈ જતાં લાલમોહનબાબુએ પૂછ્યું.

'એ ખબર પડી હોત તો તો આ બાજી કયારની સંકેલાઈ જાત, લાલમોહનબાબુ. એ જાણવા માટે તો હજી થોડી ધીરજ રાખવી પડશે.'

લાલમોહનબાબુ ડિનરને ન્યાય ન આપી શક્યા. કારણ એમને બિલકુલ ભૂખ નહોતી ફેલુદાએ કહ્યું એમાં કંઈ વાંધો નહિ, કારણ બપોરે

'કૉપર ચિમની'માં એમણે સારી રીતે પેટપૂજા કરી હતી. હકીકતે અમારા ત્રણમાં બપોરે એમણે ભોજન પર સૌથી વધુ હાથ માર્યો હતો.

આગલે દિવસે તો સાંજે જમ્યા પછી અમે ત્રણે જણ પાન ખાવા બહાર ગયા હતા, પણ આજે લાલમોહનબાબુ બહાર નીકળ્યા જ નહિ. કહે, 'એ ભીડમાં કોણ જાય, ભાઈ! પેલા સાન્યાલનો કોઈ આદમી બહાર વૉચ રાખતો હોય ને બહાર નીકળું ત્યારે પેટમાં ખચ્ચ દઈને ખંજર ખોસી દે તો હું બિચારો માર્યો જ જાઉં!'

અંતે ફેલુદા એકલા જ બહાર ગયા. લાલમોહનબાબુ અમારા રૂમમાં મારી પાસે બેસી રહ્યા. વારંવાર તેઓ એક વાત કરતા હતા, 'ન જાણે કયા અપશુકનિયાળ ચોઘડિયામાં એ ચોપડીનું સંપેતરું લીધું હતું!' અને પછી ધીમેધીમે આ વર્તમાન સંકટનું મૂળ કારણ શોધતાંશોધતાં કઈ અપશુકનિયાળ ઘડીએ આ રહસ્યકથા લખવાનો અમણે આરંભ કર્યો હશે ત્યાં સુધી પહોંચી ગયા. એવામાં ફેલુદા પણ પાછા આવી ગયા.

'એકલા સૂતાં તમને ડર તો નહિ લાગેને, લાલમોહનબાબુ?' ફેલુદાએ પાન ચાવતાંચાવતાં પૂછ્યું. પણ લાલમોહનબાબુએ કશો જ જવાબ આપ્યો નહિ એથી ફેલુદાએ આશ્વાસન આપતાં કહ્યું. 'અમારા રૂમમાંથી નીકળતાં ત્યાં પૅસેજના ખૂણામાં એક નાનકડી ઓરડી છે તે જોઈ છે ને? ત્યાં આખો વખત હોટેલનો માણસ બેસી જ રહે છે, અને આવડી મોટી હોટેલમાં આખી રાત દરમિયાન કોઈ ને કોઈ તો જાગતું જ હોય છે. આ કંઈ શિવાજી કૅસલ નથી.'

શિવાજી-કૅસલનું નામ સાંભળતાં જ ફરી એક વાર લાલમોહનબાબુ ધ્રૂજી ઊઠયા. પણ છેવટે મનમાં હિંમત એકઠી કરી દસેક વાગ્યાના સુમારે અમને ગુડનાઈટ કરી પોતાના રૂમમાં સૂવા ગયા.

આખો દિવસ બૉમ્બેમાં રખડવા કરતાં યે પુલકબાબુની અહીં જોએલી ફિલ્મથી વધુ થાક લાગ્યો હતો. જટાયુ ગયા પછી દસેક મિનિટ બાદ મેં પણ પથારીમાં લંબાવ્યું. ફેલુદા હમણાં નહિ સૂએ એ હું જાણતો હતો. કારણ એના પેલી લીલી નોટબુક એના ખાટલા પાસેના ટેબલ ઉપર જ પડી હતી. અમારી ગેરહાજરી દરમિયાન શી ખબર એમણે એમાં કેટલું લખ્યું હશે, કદાચ હજી યે કંઈ નોંધવાનું બાકી હશે.

મેં અનેક વાર પ્રયત્ન કર્યો છે કે રાતના પથારીમાં પડયા પછી આંખ બંધ કરી બરાબર ધ્યાન રાખવું કે ક્યારે ઊંઘ આવે છે. પણ દરેક વખતે બીજા દિવસે સવારે જાગીને જોયું છે કે ઊંઘ ક્યારે આવી ગઈ તેની મને ખબર જ પડતી નથી. આજે પણ ક્યારે ઊંઘી ગયો તેની જાણ નહોતી, પણ જ્યારે મારી આંખ ઊઘડી ગઈ ત્યારે અમારા રૂમનાં બારણાં ખટખટાવવા સાથે કોઈ બેલ પણ વગાડી રહ્યું હતું. હું જાગી ગયો ત્યારે યે ફેલુદાના ટેબલ પરની બત્તી ચાલુ જ હતી. તકિયા પાસે મૂકેલી મારી ઘડિયાળમાં જોયું તો રાતના પોણો વાગ્યો હતો. ફેલુદાએ દરવાજો ખોલ્યો કે લાલમોહનબાબુ અંદર ધસી આવ્યા. તેઓ જોરજોરથી શ્વાસ લેતા હતા, પણ ડરી ગયા હોય તેવું લાગતું નહોતું. અંદર આવતાં જ તેઓ જે શબ્દો બોલ્યા તે પરથી યે લાગ્યું કે ભય પામવા જેવી કોઈ વાત નથી.

'ભારે થઈ ગઈ, ફેલુદા!'

'પહેલાં આ ખાટલા પર આવીને નિરાંતે બેસો.' ફેલુદાએ કહ્યું.

'અરે શું બેસું, મોશાય? આ જુઓ, પેલું વમાઠ રહસ્યમય, શંકાસ્પદ સંપેતરું.' લાલમોહનબાબુએ પોતાના હાથમાંનું એક પુસ્તક ફેલુદાને આપતાં કહ્યું. લૅન્સડાઉન રોડના નાકા પરની દુકાનમાં મેં આવું જ એક પુસ્તક રૅક કેસમાં ગોઠવેલું જોયું હતું. એ પુસ્તક હતું શ્રી અરવિંદ ઘોષનું લખેલું 'ધ લાઈફ ડિવાઈન.'

ઑગસ્ટ માસ માટેનું

મુરારકા ચેરિટેબલ ટ્રસ્ટનું રૂ. ૫૦નું ચરિત્ર-પારિતોષિક

'માર્શલ ટિટો'ના લેખક પ્રો. જયંત પંડયાને મળે છે.

ફેલુદા પણ ભવાં ઊંચાં કરી આશ્ચર્યથી એ પુસ્તક જોઈ રહ્યા.

'એમાં ય વળી, એની બાંધણી પણ રેઢિયાળ છે.' લાલમોહનબાબુ બોલ્યા, પહેલાં ત્રીસપાંત્રીસ પાનાં પછીનાં પાનાંની આખી થોક ચોંટી ગએલી છે. અને એનો કાગળ પણ ગંદો થઈ ગએલો છે. પેલા સાન્યાલે જોયા વિના જ આ ચોપડી ખરીદી લીધી લાગે છે. પૈસા પડી જ ગયા–ડેડ લૉસ. પૉન્ડિચેરીના બાઈન્ડરો આવું બાઇન્ડિંગ કરતા હશે?'

'તો પછી તમે પેલા લાલ શર્ટવાળાને શું આપ્યું?' ફેલુદાએ પૂછ્યું.

'અંદાજ લગાવો. અરે, મારું પોતાનું જ પુસ્તક. 'બૉમ્બેનો ડાકુ' જ એને ભૂલથી પકડાવી દીધું. પુલકને તો મેં પાંડુલિપિ જ મોકલેલી. એ વખતે આ પ્રેસમાં છપાતું હતું. મને થયું કે હવે મારી ચોપડી તૈયાર જ થઈ ગઈ છે તો એક નકલ, વિથ માઈ બ્લેસિંગ્સ ઍન્ડ માઈ ઑટોગ્રાફ પુલકને ભેટ આપીશ. બીજી પણ ત્રણેક જમાનાની નકલો સાથે રાખેલી. બધી જ બ્રાઉન પેપરમાં અલગઅલગ વીંટેલી છે. મારા ચાહકો તો ઇન્ડિયાભરમાં ફેલાએલા છે. મને થયું કે કોઈ એકાદ એવા જણ સાથે મુંબઈમાં ઓળખાણ થઈ જાય તો એકાદ કૉપી આપવા થાય.'

આટલા આનંદમાં મેં લાલમોહનબાબુને ઘણા સમયથી જોયા નહોતા. એમણે આપેલા પુસ્તકને આમતેમ ફેરવીને તેનું નિરીક્ષણ કરી ફેલુદા બોલ્યા, 'પણ સાન્યાલે ટેલિફોન પર જે ધમકી આપી એ શા માટે? એની સાથે આ 'લાઈફ ડિવાઈન'નો મેળ ક્યાં બેસે છે?'

પણ લાલમોહનબાબુ તો યે પાછા ન પડયા. કહે—

'કોણે કહ્યું કે સાન્યાલ હતો? ટેલિફોન પર કંઈ સહેલાઈથી કોઈનો અવાજ ઓળખાય ખરો? કદાચ કોઈ અજાણ્યા બદમાશો યે મારી મશ્કરી કરી હોય. બૉમ્બેમાં જો 'તીરંદાજ' જેવી ફિલ્મ હિટ થઈ શકે તો અહીં પછી બધું જ શક્ય બની શકે.'

'અને મોટરગાડીમાં ગુલબહાર સેન્ટની વાસ?'

'એ કદાચ ડ્રાઈવરે જ લગાડ્યું હોય. જે રીતે એણે માથે પટિયાં પાડયાં હતાં તે જોતાં તો એ યે શૉખિન જીવડો લાગે છે. પકડાઈ ગયો એટલે છોભીલો પડી ગયો અને શરમમાં એણે કબૂલ ન કર્યું હોય.'

'અચ્છા તો હવે શી ચિંતા છે? જાઓ નિરાંતે ઊંઘી જાઓ.'

'એ હવે કહેવું પડે? માથું ચડયું હતું એટલે તો બૅગ ખોલી કોડોપાયરિન માટે, અને એમાંથી આ 'હાઈ વૉલ્ટેજ' આવિષ્કાર થયો. ચાલો, રહસ્ય જ્યારે પૂરું થઈ ગયું છે ત્યારે તમે પણ જરા આરામથી આ આધ્યાત્મિક અધ્યયનમાં મન પરોવો. પુસ્તક અહીં જ રાખી જઉં છું. ગુડનાઈટ.' અને લાલમોહનબાબુ પોતાના રૂમમાં ચાલ્યા ગયા. મેં પણ મારી પથારીમાં લંબાવતાં કહ્યું, 'જે માણસને આના બદલે જટાયુનું પુસ્તક મળ્યું હશે તેના મનની શી સ્થિતિ થઈ હશે, ફેલુદા!?'

'ગાંડો ગુસ્સો આવ્યો હશે.' તકિયા પર માથું ટેકવતાં ફેલુદા બોલ્યા. માથા પરની બત્તી એમણે ચાલુ જ રાખી એ જોઈ મને હસવું આવ્યું કારણ પેલી લીલી નોટબુક તો બાજુએ મુકાઈ ગઈ હતી અને હવે એ 'ધ લાઈફ ડિવાઈન'નાં પાનાં ફેરવવા લાગ્યા હતા. મને લાગે છે કે બરાબર એ જ વખતે મારી આંખો ઊંઘથી ઘેરાઈ ગઈ હતી. (ચાલુ)

એક સંસ્કારયુગનો અસ્ત

લેખક - વાસુદેવ સ્માર્ત

ભારતની એક મહાન વિભૂતિ, જીવન્ત જ્ઞાનપીઠ, કલાવિદ્ અને કાશી હિન્દુ વિશ્વ-વિદ્યાલય સ્થિત દેશના એક સર્વતોમુખી અને સમૃદ્ધ કલાકોષ 'ભારત કલાભવન'ના પ્રણેતા શ્રી રાયકૃષ્ણદાસજીનું ૨૦ જુલાઇના દિવસે ૮૮ વરસની વયે અવસાન થયું. રાયસાહેબના જવાથી ભારતીય કલાસંસ્કૃતિનો એક યુગ જાણે સમાપ્ત થઈ ગયો. બહુમુખી પ્રતિભા, ઉદાર સ્વભાવ, કલા અને સંસ્કૃતિનું ઊંડું જ્ઞાન તથા અદ્ભૂત સ્મરણ-શક્તિ એ એમના વિશેષ ગુણ હતા. બનારસના રઈસ પરિવારના તેઓ એક માત્ર પ્રતીક હતા. બનારસમાં ઈ. ૧૮૯૨માં એમનો જન્મ થયો હતો. પિતા સંસ્કૃતના વિદ્વાન હતા. હિન્દી ભાષાના ઘડવૈયા ભારતેન્દુ હરિશ્ચંદ્ર એમના મામાના પુત્ર થતા, એટલે જ્ઞાનસંસ્કાર બાળપણથી જ મળેલા. શાળા મહાશાળામાં વ્યવસ્થિત શિક્ષણ ન લીધું હોવા છતાં આત્મસૂઝ અને સ્વપ્રયત્ને મેળવેલું ધર્મ, દર્શન, ઇતિહાસ, પુરાણ સાહિત્ય અને કલાનું ઊંડું જ્ઞાન એ એમની અનન્ય ઉપલબ્ધિ હોઈ તેઓ ભારતીય પરંપરાના પ્રતીક હતા.

નિકટના સ્વજનો એમને 'સરકારજી'ના હુલામણા નામે સંબોધતા. મને એમનું પ્રથમ દર્શન મારા શ્રદ્ધેય ગુરુ સ્વ.શ્રી અહિવાસીજીને ત્યાં મુંબઇમાં ૧૯૫૧માં થયું હતું. ૧૯૫૮માં વારાણસીમાં આવ્યા પછી અહિવાસીજી દ્વારા હું એમના અતિનિકટ સાનિધ્યમાં આવ્યો. સરકારજી એક મહાન કલાપારખી, વિદ્યાવ્યાસંગી, સાહિત્યવિલાસી, ગુણી ઉપરાંત માનવતાવાદી સહૃદયી લોકપ્રિય વ્યકિત હતા. બનારસમાં ગંગાકિનારે એક ભવ્ય કોઠી રૂપ 'શાંતિ કુટિર' નામનું એમનું નિવાસસ્થાન અનેક ગણ્યમાન કવિઓ, કલાકારો, જિજ્ઞાસુઓ અને વિશિષ્ટ વ્યક્તિઓ માટેનું તીર્થધામ હતું. તેઓ હિન્દી ભાષાના ઉચ્ચ કોટીના સાહિત્યકાર હતા અને હિન્દીમાં ગદ્યકાવ્યના પુરોધા ગણાતા. 'સલાપ','પ્રવાસ', 'સાધના','ભાવુક' 'બ્રજરજ', 'છાયાપથ' એ એમના કાવ્યસંગ્રહો; 'સુધાંશુ', 'અનાખ્યા' 'આંખોકી થાહ' વાર્તાસંગ્રહો અને 'સંતાપ' કથોપકથન–સંગ્રહ પ્રકાશિત કૃતિઓ છે. 'ભારતીય ચિત્રકલા' અને 'ભારતીય મૂર્તિકલા' એ કલાક્ષેત્રે એમની મૌલિક દેન છે. આ અધ્યયનશીલ ગ્રંથોમાં વિભિન્ન કલા-શિલ્પોની પરંપરાગત પ્રચલિત શબ્દાવલીની સુરક્ષા તથા ઉપયોગ એમના ચિંતનની ઉપલબ્ધિ છે. આ પુસ્તકો એમના સંસ્કૃત, હિન્દી, ફારસી અને અરબી ભાષાના ઊંડાજ્ઞાનનું પ્રમાણ છે. તેઓ કવિઓ, કલાકારો, પંડિતો, ઇતિહાસકારો ને દર્શનિકોને સન્માનથી આવકારતા અને નમ્રતાથી જ્ઞાનગ્રહણ કરતા, પરંતુ આવનાર વ્યકિતને પણ નવી દૃષ્ટિ, માહિતી અથવા કંઈક નવો સંકેત મળતો જ.

એમનો નિજી કલાસંગ્રહ સર્વપ્રથમ એમના નિવાસ-સ્થાન 'શાંતિકુટિર'માંથી 'નાગરી-પ્રચારિણી સભા'ના મકાનમાં સ્થપાયો ને ત્યાંથી મહામના મદનમોહન માલવીયજી પ્રસ્થાપિત કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં 'ભારત કલાભવન'માં સંચિત છે. પુરાતત્ત્વનું એમનું જ્ઞાન પણ ઘણું ઊંડું હતું. આ કલાસંગ્રહ દેશ તેમ જ વિદેશના સમૃદ્ધ કલાસંગ્રહોમાંનો એક છે. અગાઉ આ કલાભવનનો વિસ્તૃત પરિચય 'કુમાર'ના ૫૦૦મા અંકમાં પ્રકટ થઇ ચૂક્યો છે. આ મહાન સંસ્થા પાછળ રાયસાહેબની વિલક્ષણ દૃષ્ટિ, તલસ્પર્શી જ્ઞાન, ભવ્ય કલ્પના, કલાપ્રેમ અને તન-મન-ધન ન્યોછાવર કરવાની ઉદાર અને ઉદાત્ત ભાવનાની પરાકાષ્ઠા પ્રકટી આવે છે. આ મહાન કલાનિધિ પાછળ કવિવર રવીન્દ્રનાથ અને ચિત્રાચાર્ય અવનીન્દ્રનાથની પ્રેરણા પણ નિમિત્ત હતી.

રાયસાહબ મધુરભાષી અને સહૃદયી હતા. એમના નિવાસસ્થાનમાં હિન્દી સાહિત્યની મહાન વિભૂતિઓ–સ્વ. મૈથિલીશરણ ગુપ્ત, સ્વ.સીયારામશરણ ગુપ્ત, સ્વ. જયશંકરપ્રસાદ, સ્વ. દિનકરજી, સ્વ. મોતીચન્દ્ર, વૃન્દાવન વર્મા, મહાદેવી વર્મા, સચ્ચિદાનંદ વાત્સ્યાયન વગેરેની અવરજવર રહેતી. વર્ષમાં એક વાર તો સમુદાયમાં મેળો જામતો. બનારસી ભોજન, ભાષા ને હાસ્યવિનોદથી રાયસાહબ તેઓને સત્કારતા.

સરકારજી સૂક્ષ્મગ્રાહી હતા. કેવળ કલા અને સાહિત્યના જ નહિ, પરંતુ પાકશાસ્ત્ર જેવી કળાના એ સૂક્ષ્મ પારખી. અનેક પ્રકારની વિવિધ વાનગીઓના એઓ શૉખિન હતા. એ વિદ્યા એમનાં પુત્રવધૂ રાનીબહુ (સૌ. ઊર્મિલા)ને શીખવી હતી. કપડાંના પણ તેઓ એટલા જ શૉખિન અને આગ્રહી. ખાદીનું ધોતિયું પણ ઝીણી કથ્થઇ કોરવાળી અમુક ખાદીનું જ જોઇએ. કોઈ પણ વસ્તુ ચલાવી ન લે. જીવનોપયોગી નાનામાં નાની વસ્તુના સૂક્ષ્મગ્રાહી સરકારજીએ દરેક ચીજ વિષે ઊંડું જ્ઞાન પણ ધરાવે. કોઈ વાર એ વસ્તુ અંગે એમનું ભાષ્ય, સૂક્ષ્મતા અને જ્ઞાન પ્રકટ થતું ત્યારે અસલ રઇસી સ્વભાવનો સાચો પરિચય મળતો. એમના એકલોતા સુપુત્ર રાજાભૈયા(ડૉ. આનંદકૃષ્ણ) એમના જ્ઞાનના પણ વારસદાર છે. પૌત્રોમાં પણ



સ્વ. રાયકૃષ્ણદાસજી ઉત્તરાવસ્થામાં

એમના સંસ્કારની છાયા વિદ્યમાન છે.

એમના સમૃદ્ધ અને અમૂલ્ય કલાસંગ્રહની વસ્તુઓની ખરીદીની કથાઓ સાંભળવાનો પણ એક અનેરો આનંદ હતો. ચિત્રકલાની વિવિધ શૈલીઓનું એમનું જ્ઞાન વિસ્મય પમાડે એવું હતું. કેવળ વિશેષતાઓનું જ નહિ, પરંતુ તેની ટેકનિકના પણ તેઓ ઊંડા જાણકાર હતા. મુઘલ ચિત્રકારની પારંપારિક પદ્ધતિ, તેના રંગો, તેની બનાવટ, ચિત્રની સજાવટ વગેરેની એમને બહુ ઊંડી સમજ હતી. આ જ્ઞાન એમણે એમના કલાગુરુ ઉસ્તાદ રામપ્રસાદના પુત્ર શારદાપ્રસાદને આપીને એમને એવા તૈયાર કર્યા છે કે આજે ભારત-કલા-ભવનમાં અસલ મુઘલ શૈલીમાં કામ કરનાર એ એક નિષ્ણાત કલાકાર ગણાય છે.

કોઇ શાહજાદાના દમામમાં રહેનાર રાયસાહેબ ગાંધીજીના જીવન-આદર્શથી બહુ પ્રભાવિત હતા. રાજનૈતિક સીમા પર રહીને એમણે ભારતીય જીવન સંસ્કારને સમૃદ્ધ કરવામાં પોતાના જીવનને સમર્પિત કર્યું હતું.

એમની સાહિત્ય ને કલાની અનન્ય સેવાના ઉપલક્ષમાં ભારત સરકારે એમને 'પદ્મભૂષણ' ને 'પદ્મવિભૂષણ'ના માનથી, લલિતકલા અકાદમી (ન્યૂ દિલ્હી)એ 'ફેલોશિપ' આપીને, 'કાશી નાગરી પ્રચારિણી સભા'એ 'વાચસ્પતિ'ની ઉપાધિથી, મેરઠ વિશ્વવિદ્યાલયે પીએચ.ડી. અને કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયે ડી. લિટ્.ની માનદ્ પદવી આપીને એમનું સન્માન કર્યું હતું.

ભારત કલાભવન એમનું જીવન્ત સ્મારક છે. એમનું ભાષા ને કલાનું લેખન પણ સ્વયં પ્રકાશિત છે. આજે તો હવે એમના જેવી સર્વતોમુખી પ્રતિભાસંપન્ન બીજી વ્યક્તિ મળવી લગભગ અશક્ય છે. એમના જવાથી અતીતના ઇતિહાસની એક અમૂલ્ય કડી લુપ્ત થઇ ગઇ. ભારતની કલાલક્ષ્મી નિરાલમ્બા બની ગઈ. □

શબ્દકથા : ઠોયો · થોભો · થૂમડું

ઠોયો એટલે 'ખાંપો, ખૂંપો, ખીલડો, સપાટી પર નીકળેલો ડોયો.'

ગુજ. થોભણ 'ટેકણ' અને થોભવું 'અટકવું' એના મૂળમાં સં. સ્તુભ્ 'ટેકો દેવો, વચ્ચે અટકવું' એવો ધાતુ હોવાનું માનવું પડશે.

એના પરથી નામ સં. સ્તોભ, પ્રા. ઠોહ; અને મૂળ–મૂળિયું, શેઠ–શેઠિયો વગેરેમાં છે તે ઇય પ્રત્યય લાગતાં ઠોહિયો, પછી ઠોયો.

સ્તોભ્યતે ઉપરથી થોબ્મઇ દ્વારા થોભે – એમ થોભવું, થોભો વગેરે થયા છે.

આની સાથે સંકળાએલા સ્તુમ્ભ કે સ્તુમ્બ ઉપરથી ગુજ. થૂમડું 'કણસલાનો જથો' થયો છે. અસમિયા, બિહારી થૂમ 'ટેકણ માટેની થાંભલી', મરાઠી થોંબ 'ઠૂંઠું' વગેરે આની સાથે સંકળાએલા છે.

સ્તંભ 'થાંભલો', સ્કંભ 'ખાંભો' અને આ સ્તુંભ કે સ્તોભ સ્વરૂપની અને અર્થની દષ્ટિ સામ્ય ધરાવતા હોઈને અર્વાચીન ભારતીય–આર્ય ભાષાઓમાં તેમાંથી ઊતરી આવેલા શબ્દોના અર્થોમાં કેટલીક ભેળસેળ થયેલી છે. **હરિવલ્લભ ભાયાણી**

સાહિત્યસંપર્ક

અભિજાત આક્રોશ

ધીરુ પરીખ

જેમ કોલાહલને ક્રાંતિ માની લેવાની ભ્રમણામાંથી અનેક નાનાંમોટાં આભાસી આંદોલનો–પ્રતિ-આંદોલનો પ્રકટીને પ્રશમી જાય છે તેમ વિવેકવિહીન વક્તૃત્વો કે વાગ્વ્યવહારોને પણ ઉક્ત પ્રકારની ક્રાંતિનાં વર્તુળોમાં પ્રકટીને પ્રશમી જાય છે. આક્રોશ એ ક્રાંતિ કે પ્રતિકારનું એક આવશ્યક લક્ષણ છે તેમાં ના નહિ, પરંતુ આ આક્રોશ આભિજાત્યનો ત્યાગ કરે છે ત્યારે ઘણી વાર વિનાશક પૂરની પ્રકૃતિનો બની રહે છે. સમજદાર અને સ્વસ્થ પ્રતિકાર કરનારનાં વાણીવર્તનમાં એક પ્રકારનો પુણ્યપ્રકોપ–savia indignatia–પ્રકટતો હોય છે. અસત્યની સામે, અન્યાયની સામે એમાં અભિજાત આક્રોશ પ્રકટવા પામે છે. આવા અભિજાત આક્રોશનું એક નોંધપાત્ર પરિણામ છે: 'ભગવાન આ માફ નહિ કરે.' નામક પુસ્તક*.

૨૬મી જૂન ૧૯૭૫ના રોજ ઇંદિરાબેનની તે વખતની સરકારે ભારતમાં 'આંતરિક કટોકટી' જાહેર કરી ત્યારે અનેક બોદ્ધિકો ચોંકી ગયા હતા. ચોંકીને અનેક ચૂપ થઈ ગયા હતા, ચૂપ થઈ જવાની ફરજ પડી હતી. આ ગાળા દરમિયાન પણ જે કેટલીક વ્યક્તિઓએ નિર્ભય રહી તાટસ્થ્યપૂર્વક પરિસ્થિતિનો સામનો કરવાનું મુનાસિબ માન્યું હતું તેમાં શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર પણ હતા. એકાએક લાદવામાં આવેલી કટોકટીથી કોઈ પણ સંવેદનશીલ આત્મા કકળી ઊઠે તે સ્વાભાવિક છે. આથી જ એમણે પ્રથમ પૃષ્ઠ પર મુખ્ય શીર્ષકની નીચે શબ્દો મૂક્યા છે: 'કટોકટીમાં એક અપક્ષ સંસદ સભ્યનો આર્તનાદ'. એ કાળે ઘણા સંસદ સભ્યો કટોકટીના પક્ષે વફાદાર બની ચૂક્યા હતા ત્યારે આ સંગ્રહના પ્રવચનકાર જેવા થોડા વિચારશીલ સન્નિષ્ઠ સભ્યો પણ ત્યાં અસ્તિત્વ ધરાવતા હતા તેની પ્રતીતિ ભાવિ પેઢીને આ પુસ્તક દ્વારા થઈ રહેશે એ એનો દસ્તાવેજી લાભ છે.

અહીં ૨૧ જુલાઈ, ૧૯૭૫થી ૫ નવેમ્બર, ૧૯૭૬ સુધીના ગાળામાં લોકસભામાં એમણે આપેલાં ૨૪ પ્રવચનો સંગ્રહીત થયાં છે. તે ઉપરાંત પાંચ ટૂંકાં પરિશિષ્ટો પણ અહીં મૂકવામાં આવ્યાં છે. આ ચોવીસે પ્રવચનો મૂળ અંગ્રેજીમાં અપાયેલાં, જે 'No, Sir.' નામે પુસ્તકમાં અગાઉ સંગૃહીત થઈ ચૂક્યાં છે, એનો આ ગુજરાતી અનુવાદ છે. પ્રત્યેક પ્રવચનની પૂર્વે તેનો સંદર્ભ પ્રકટ કરતી ભૂમિકા શ્રી માવળંકરે રજૂ કરી છે. પરિણામે તે પ્રવચનનો પરિપ્રેક્ષ્ય અને મર્મ પૂરેપૂરો પામવામાં વાચકને સહાય થાય છે. આ ભૂમિકામાં તેમ જ પ્રવચનોમાં શ્રી માવળંકરે જરૂરી અવતરણો પણ મૂક્યાં છે; જેમ કે પહેલા પ્રવચનની પૂર્વભૂમિકા રૂપે લોકસભાની ટૂંકી બેઠકમાં શ્રી રઘુ રામૈયાએ રજૂ કરેલો ઠરાવ, બીજા પ્રવચનની પૂર્વ ભૂમિકામાં બંધારણ સુધારાનો ખરડો દાખલ કરવા જે દરખાસ્ત મૂકી તે, ૨૩મા પ્રવચનની પૂર્વભૂમિકામાં શ્રીમતી ઇંદિરા ગાંધીના શબ્દો વગેરે. (જો કે આ પ્રવચનની પૂર્વભૂમિકાના પહેલા જ વાક્ય 'સોમવાર તા. ૨૫ ઑક્ટોબર, ૧૯૬૬ના રોજ બપોરે...'-માં ૧૯૬૬ નહિ, પણ ૧૯૭૬ જોઇએ તે વાચક તરત જ સમજી શકશે. ખૂબ કાળજી લેવાયાની પ્રતીતિ થતી હોવા છતાં ય ક્યાંક ક્યાંક આવા મુદ્રણદોષો રહી ગયા છે તે વાચક પૂર્વાપર સંદર્ભથી સુધારી શકે તેવા છે.) પ્રત્યેક પ્રવચનની પૂર્વભૂમિકા આપ્યા પછી મૂળ પ્રવચન આપવામાં આવ્યું છે. લોકસભામાં કટોકટી દરમિયાન જે જે કાર્યવહીઓ થઈ તેમાં જ્યાં જ્યાં પોતાનો અવાજ રજૂ કરવા જેવું લાગ્યું ત્યાં ત્યાં એમણે અવાજ ઉઠાવ્યો છે તે આ પ્રવચનોમાં જોઈ શકાશે. એ અવાજ પણ પૂરી અદબ અને પૂરા આક્રોશ સાથે ઉઠાવાયો છે. પોતાના મુદ્દાની તરફેણમાં અને સામાવાળાના મુદ્દાની વિરુદ્ધમાં એમણે રાષ્ટ્રિય તેમ જ આંતરરાષ્ટ્રિય બનાવો અને ચીંતકોના સમ્યક્ બુદ્ધિથી હવાલા આપ્યા છે તેમાં એમનાં વિશાળ વાચન, ઝીણી સૂઝ અને સ્વતંત્ર મનનશક્તિનાં દર્શન થાય છે. ઊંડા અભ્યાસ-દીધી વિમર્શવૃત્તિ અને શક્તિથી આ પ્રવચનો મૂર્તિમંત બન્યાં છે. અનેક સ્થળે આપણા બંધારણમાંથી તેમ જ વિશ્વનાં લોકશાહી રાજ્યોનાં બંધારણોમાંથી ઉચિત અવતરણો ટાંક્યાં છે.

સુસંગત તર્કશક્તિ, વ્યવસ્થિત દલીલબાજી, વક્તવ્યની સ્પષ્ટતા અને ગદ્યની વક્તૃત્વ છટા એ આ પ્રવચનોનાં વિશિષ્ટ લક્ષણો છે. પણ આ સહુથી ઉપર ઊપસી આવે છે લોકશાહીનાં મૂલ્યોના જતન માટેનો અભિજાત આક્રોશ ને સત્ય માટેનો દૃઢ આગ્રહ. આથી જ એમણે પ્રસ્તાવનામાં જણાવ્યું છે : '...આ પ્રવચનો મેં કર્યાં નહોતાં, પરંતુ આ એક પ્રક્ષુબ્ધ આત્માની સ્વયંસ્ફૂર્ત અભિવ્યક્તિ હતી...' એક સજાગ નાગરિક અને સભાન સંસદ સભ્યનો ધર્મ શો હોઈ શકે અને અવસર આવ્યે એ કેવી રીતે બજાવી શકાય તેનું આ પ્રવચનો સ્મરણીય ઉદાહરણ છે. આમાં માત્ર વિરોધ ખાતર વિરોધ નથી, પરિસ્થિતિની સાધકબાધક ચર્ચા કરવામાં અને ઉપકારક રચનાત્મક સૂચનો કરવામાં પ્રવચનકારને સવિશેષ રસ છે તે પણ જણાઈ આવ્યા વગર રહેતું નથી.

*(પ્રકા. સન્નિષ્ઠ પ્રકાશન, 'ગોપિકા', મહારાષ્ટ્ર સોસાયટી, એલિસ બ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬. કાચું પૂઠું, પૃ. ૨૭૬, રૂ. ૨૫.)

નવાં પ્રકાશનો

શબ્દનિમિત્ત : ગુજરાતીના પીઢ અધ્યાપક શ્રી કનુભાઈ જાનીના આ વિવેચનસંગ્રહ એમની દીર્ઘ અધ્યાપન-કારકિર્દીની નીપજ છે. અહીં સંગ્રહીત અગિયાર લેખોમાંથી નવલકથા અને નાટક વિષેના વિશેષ અને એ નાતે અમુક નવલકથાકાર અને નાટકકારની સર્જક પ્રતિભાને કેન્દ્રમાં રાખી તેની અવલોકનાને

લાગતા છે. 'મુનશીની સામાજિક નવલકથાઓ' કે 'માટીનો મોંઘેરો મોર'માં પન્નાલાલની 'માનવીની ભવાઈ' વિષે એમણે કૃતિ અને વિભાવ કેન્દ્રમાં રાખી અભ્યાસલક્ષી વીગતપૂર્ણ ચર્ચા કરી છે. 'વાતાયનનું વિશ્વ'માં ગીતા પરીખના કાવ્યસંગ્રહ 'પૂર્વી'માં તેમના કાવ્યકસબની અને 'ઓટકકુપલ કવિ' નામક લેખમાં તમિળ કવિ ચંકર કુરુપના કાવ્યકસબની સોદાહરણ ચર્ચા કરી છે. 'મેઘાણીનો નાટ્યાનુવાદ'ને 'ગાંધીજીકૃત—સૉંગ્ઝ ફ્રોમ પ્રિઝન'માં મૂળના ખંડો મૂકી અનુવાદની તુલના કરવામાં લેખકનો અભ્યાસ અને સમજ અછતાં રહેતાં નથી.

લેખક પાસે અધ્યાપકીય દીર્ઘસૂત્રીપણું અનિવાર્યતયા વિવશ બનીને આવે છે એ વ્યાવસાયિક પરિણામ ગણાઈ રહ્યું, પરન્તુ તર્કની ભૂમિકાએ દીર્ઘ લેખો પણ સુબદ્ધ રહે છે એ એમની સ્વસ્થતાના દ્યોતક છે. લાંબા લખાણમાં પણ પોતપાંખું મળ જોવા મળતું નથી એ ઓછા સંતોષની વાત નથી. એમનાં લખાણોમાં તાટસ્થ્ય સાથે સમભાવ પણ ભળેલો છે. આધાર વગર વાત કરવાનું એમને ફાવતું નથી. આથી કૃતિ કે કર્તા બન્ને તેની ચર્ચા એ કરે તેમાં પૂરી સજ્જતાથી એ પ્રવેશ કરે છે! અત્રતત્ર ક્યારેક લખતા કનુભાઈ અવારનવાર આવા વધુ લેખો આપતા રહે એવું ગાઈને પણ આ સંગ્રહ વાંચ્યા પછી લાગ્યા વગર રહેશે નહિ. (વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૨૭૫, રૂ. ૧૪.)

ગાંધીયુગનું સાહિત્ય : ગાંધીયુગના મૂર્ધન્ય કવિ-વિવેચક શ્રી મનસુખલાલ ઝવેરીએ ઈ. ૧૯૭૪માં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા અન્વયે મુંબઈમાં આપેલાં પાંચ વ્યાખ્યાનોનો આ સંચય અનેક અવતરણો ને વીગતોથી સભર હોઈ ગાંધીયુગના સાહિત્યનું સારું ચિત્ર ઉપસાવે છે. પ્રથમ ત્રણ વ્યાખ્યાનલેખોમાં કેન્દ્રસ્થાને છે ગાંધી, તેમના કલાવિચારો અને તેમનો તથા તેમની પૂર્વભૂમિકારૂપ જમાનો. પ્રથમ ત્રણેય વ્યાખ્યાનો પૂર્વ ગાંધીયુગથી ગાંધીયુગનું સમ્યક્ સાહિત્ય-ચિત્ર આંકી રહે છે. પ્રથમ વ્યાખ્યાનમાં ગાંધીયુગની પૂર્વભૂમિકા બાંધી આપ્યા પછી બીજા વ્યાખ્યાનમાં ગાંધીજીનો વ્યક્તિ, સાહિત્યકાર ને સાહિત્યદ્રષ્ટા તરીકે વિચાર કરવામાં આવ્યો છે. ત્રીજા વ્યાખ્યાનમાં મુખ્યત્વે ગાંધીજીની કલાદષ્ટિ કલાવિચારણાને ચર્ચવામાં આવી છે. વ્યાખ્યાનકારે ત્યાં યોગ્ય જ કહ્યું છે: 'ગાંધીજીની કલાવિષયક વિભાવના કેટલેક અંશે પંડિતયુગની જ કલાવિભાવનાનું અનુસંધાન છે.' આથી જ આ વ્યાખ્યાનનું શીર્ષક આપ્યું છે: 'પંડિતયુગનું અનુસંધાન'. ગાંધીયુગ વિષે વાત કરતાં લેખકનો અહોભાવ અંધ પરંપરાભક્તિમાં પરિણમતો નથી એ એમની તટસ્થ વિવેચક દૃષ્ટિની દ્યોતક ઘટના છે. આથી જ આ ત્રીજા વ્યાખ્યાનના આરંભમાં એઓ કહે છે: 'સાહિત્યમાં જો પરંપરાનું મૂલ્ય છે તો પ્રયોગોનું પણ મૂલ્ય ઓછું નથી. પરંપરા જો સાહિત્યની સત્ત્વરક્ષા કરે છે તો પ્રયોગો તેને વાસી ને બંધિયાર થઈ જતું અટકાવે છે. ગાંધીયુગમાં બલવંતરાયની કવિતા અને કાવ્યભાવના એક ખુલ્લા અવાજ બનીને આવી હતી તેની પણ ચોથા વ્યાખ્યાનમાં સવીગત ચર્ચા કરવામાં આવી છે. જ્યારે પાંચમા અને છેલ્લા વ્યાખ્યાનમાં પ્રખર ગાંધીવાદી સાહિત્યકારના કલાવિચારને ચર્ચવાનો ઉપક્રમ રખાયો છે. સાહિત્યના કોઈ પણ અભ્યાસીને ખૂબ જ ઉપયોગી થાય તેવું આ પુસ્તક યુગપ્રવર્તકની સર્વેક્ષણાની દૃષ્ટિએ મહત્ત્વનું બની રહે છે. ૧૨૪ પૃષ્ઠના આ પુસ્તકની રૂ. ૨૧ કિંમત થોડી વધારે લાગ્યા વગર રહેશે નહિ. (પ્રકા. મુંબઈ યુનિવર્સિટી, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૩૨; કાચું પૂઠું.) –ધી. ૫.

દિવંગત

આંગ્લ-સાહિત્યકાર લૉર્ડ સી. પી. સ્નૉ (૧૯૦૬–૧૯૮૦)

ઇંગ્લૅંડના પ્રખ્યાત નવલકથા-લેખક, વૈજ્ઞાનિક અને પ્રશાસક લૉર્ડ સી. પી. સ્નૉ પહેલી જુલાઈએ (૧૯૮૦) લંડનમાં ૭૪ વર્ષની વયે દિવંગત થયા. લંડનનું 'ટાઇમ્સ' એમને અંજલિ આપતાં કહે છે કે આંગ્લ-સાહિત્યમાં નૉબેલ-પુરસ્કાર વિજેતા એચ. જી. વેલ્સ અને સાહિત્યમનીષી આર્નોલ્ડ બૅનેટ પછી આવો સમર્થ સાહિત્યકાર પાક્યો નથી. લૉર્ડ સ્નૉ વિપુલ સાહિત્યના સર્જક હતા. એમની પ્રથમ નવલકથા 'ડેથ અંડર સેઈલ' ૧૯૩૨માં પ્રકટ થઈ. તે પછી ઈ. ૧૯૩૫થી ૧૯૭૦નાં વર્ષો દરમિયાન એમણે અગિયાર સારી નવલકથાઓ લખી હતી—જે સંગ્રહરૂપમાં 'સ્ટ્રૅન્જર્સ ઍન્ડ બ્રધર્સ' નામની પ્રસિદ્ધ થઈ છે. એ નવલકથાઓમાં એમના બાલ્યકાળથી લઈને સરકારી કર્મચારી બન્યા ત્યાં સુધીની વિવિધ પ્રવૃત્તિઓનું ચારિત્રિક આલેખન થયું છે. 'ટુ કલ્ચર્સ' નામના એમના વ્યાખ્યાન પરત્વે આ શતાબ્દીના પાંચમા દસકામાં વિદ્વાનોમાં ખૂબ ચર્ચા ચાલી હતી. એમણે કહ્યું હતું કે વિજ્ઞાન અને કલા તથા માનવીય વિદ્યાઓ (Humanities)માં પ્રભેદ છે. આ વિષે સાહિત્યિક મીમાંસક એફ. આર. લેવિસે અને જેકબ બ્રૉનોવસ્કી જેવા વૈજ્ઞાનિકોએ એમનો ખાસ વિરોધ કર્યો હતો. લેવિસ હલિવેટની નવલકથાઓ વિષેની વ્યાખ્યાનમાળામાં લૉર્ડ સ્નૉએ એક નવીન સ્વસ્થ બલિષ્ઠ વિશ્વનું ચિત્ર રજૂ કરવાનો પ્રયત્ન કર્યો હતો, જે ઉદ્યોગતંત્રવાદીઓ (Technocrats)ને અનુકૂલ અવસર આપવામાં આવે. પરન્તુ લૉર્ડ સ્નૉના પોતાના ચરિત્ર અને જીવન-યાપન-પ્રણાલિએ આ સિદ્ધાંતનું ખંડન કર્યું હતું. એ દૃષ્ટિએ લૉર્ડ સ્નૉને ગાલ્સવર્ધી અને ટ્રૉપોલ સાથે સરખાવી શકાય: લૉર્ડ સ્નૉ વ્યાપક પ્રશસ્ત અભિરુચિ અને પરિષ્કૃત શીલવત્તાના વ્યક્તિ હતા. 'વેરાએટી ઑવ મેન'માં એમના આત્મ ચરિત્રાત્મક રેખાચિત્રો વાંચવા જેવાં છે.

પોતાની સાહિત્યિક કર્મ-સાધના સિવાય લૉર્ડ સ્નૉએ બ્રિટિશ સરકારના પણ હોદ્દાઓ પર કામ કર્યું હતું. ચાર વર્ષ સુધી તેઓ શ્રમ મંત્રાલયમાં ટેક્નિકલ ડાયરેક્ટર હતા. ૧૯૪૫ થી ૧૯૨૦ સુધી તેઓ સિવિલ સર્વિસ કમિશનર અને ૧૯૬૪ થી ૧૯૬૬ સુધી ટેક્નોલૉજી વિભાગના પાર્લામેન્ટરી સેક્રેટરી હતા. ૧૯૬૪માં એમને લૉર્ડની પદવી આપવામાં આવી હતી.

મરાઠી-પત્રકાર ગજાનન વિશ્વનાથ કેતકર (૧૮૯૮–૧૯૮૦)

મરાઠી ભાષાના સુપ્રતિષ્ઠિત પત્રો પૈકી પુણે અને નાગપુરથી પ્રસિદ્ધ થતાં 'કેસરી' અને 'તરુણ ભારત'ના ભૂતપૂર્વ પ્રબુદ્ધ તંત્રી અને વિશ્રુત સાહિત્યકાર ગજાનન વિશ્વનાથ કેતકરનું તા. ૧૫ જુલાઈએ (૧૯૮૦) પુણેમાં નિધન થયું. તેઓ લોકમાન્ય તિલકના દૌહિત્ર, જાણીતા પત્રકાર અને મરાઠીના સુલેખક હતા. તેઓએ ઈ. ૧૯૨૨થી ૧૯૫૭ દરમિયાન ૩૫ વર્ષ સુધી લોકમાન્ય તિલકે સ્થાપેલા 'કેસરી'નું સંપાદન કર્યું. તિલકના અંગ્રેજી સામયિક 'મરાઠા'ના પણ તેઓ તંત્રી હતા. ત્યાર પછી વર્ષો સુધી 'તરુણ ભારત'ના તંત્રી રહ્યા. ૧૯૨૮માં મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મંત્રી પદે પણ તેમણે કામ કરેલું. નમક સત્યાગ્રહમાં ભાગ લઈને કારાવાસ પણ ભોગવ્યો હતો.

જીવનના ઉત્તરાર્ધમાં તેઓ હિંદુ સંસ્કૃતિના પુનરુદ્ધાર માટે પ્રયત્નશીલ હતા. એમણે 'ગીતા-ધર્મ મંડળ' સંસ્થાની સ્થાપના કરી હતી અને ૧૯૨૮માં 'હિન્દુ યુવકસંઘ' સ્થાપ્યો હતો. 'અખિલ ભારતી હિન્દુ મહાસભા'ના મહામંત્રી પણ તેઓ બન્યા હતા. મરાઠીમાં એમણે ઘણાં ચિંતનપ્રધાન અને પ્રબોધક પુસ્તકો લખ્યાં છે. તેઓ આદર્શવાદી અને નિર્ભીક લેખક અને કાર્યકર હોઈ કોઈ પણ જોખમ ખેડવા તૈયાર રહેતા. ગયા પાંચેક દાયકાથી તેઓ દલિતો, પીડિતો અને ઉપેક્ષિત લોકોના ઉત્થાનની પ્રવૃત્તિઓ ચલાવતા હતા. —શંકરદેવ વિદ્યાલંકાર

આવકાર

સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય

ભદ્ર • અમદાવાદ-૧

પંચાંગ : પૃ. ૯૨, કાચું પૂઠું, રૂ. ૩–૨૫.

કચ્છના સંતો ભાગ ૨ : લે. દુલેરાય કારાણી. પૃ. ૧૨૪, કાચું પૂઠું. રૂ. ૩–૫૦.

ચરક (સંક્ષિપ્ત) : લે. રસિકલાલ પરીખ. પૃ. ૪૬૪, પાકું પૂઠું, રૂ. ૧૫.

પ્રગતિનો પંથ : પૃ. ૧૪૪, કાચું, રૂ. ૪-૫૦.

લાખેણા જીવનપ્રસંગો : લે. બપ્સી એન્જિનીઅર. પૃ. ૭૯, કાચું, રૂ. ૨–૫૦.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરોડ • અમદાવાદ-૧

સિંધુ રાજ સોહામણું : લે. જોરાવરસિંહ જાદવ. પૃ. ૧૪૪, પાકું પૂઠું, રૂ. ૨૪.

સાગરસફરી સિંદબાદ : લે. 'સત્યમ્'. પૃ. ૧૨૮, કાચું પૂઠું, રૂ. ૧૦.

નસીબના ખેલ : લે. 'સત્યમ્'. પૃ. ૧૩૫, કાચું પૂઠું, રૂ. ૯.

એકાંકી અને ગુજરાતી એકાંકી : લે. જયંત કોઠારી. પૃ. ૨૫૪, પાકું, રૂ. ૨૦.

રાત માળવાની : અનુ. ઈન્દુકુમાર જોષી. પૃ. ૨૪૩, પાકું પૂઠું, રૂ. ૧૯.

દેહનો દુશ્મન : લે. જનક દવે. પૃ. ૬૦, કાચું પૂઠું, રૂ. ૬.

દેહ-ધર્મ : લે. ફાધર વાલેસ. પૃ. ૧૫૯, કાચું પૂઠું, રૂ. ૯.

અન્ય પ્રકાશનો

લોકસંસ્કૃતમાં પશુઓ(પુનર્મુદ્રણ) : લે. જોરાવરસિંહ જાદવ. પ્ર. લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પૃ. ૩૩૬, પાકું પૂઠું, રૂ. ૭૫.

કોઇ ફરિયાદ નથી (સંપાદકીય) : પ્ર. લૅન્ગ લાયબ્રેરી, જ્યુબિલી બાગ, રાજકોટ. પૃ. ૧૭૬, પાકું પૂઠું, રૂ. ૩૦.

અધીત ચાર : લે. જયંત કોઠારી અને સોમાભાઈ પટેલ. પ્ર. ગુજરાતીના અધ્યાપક સંઘ, ૨૪ સત્યકામ સોસાયટી, અમદાવાદ-૧૫. પૃ. ૧૧૨, કાચું પૂઠું, રૂ. ૧૩.

કથાબોધ : લે. ચી. ના. પટેલ. પ્ર. પોતે, ૪ નીલકંઠ પાર્ક, નવરંગપુરા, અમદાવાદ–૯. પૃ. ૧૮૦, કાચું પૂઠું, રૂ. ૧૨.

આલેખનની ઓળખ : લે. મુકુન્દરાય પારાશર્ય. પ્ર. પોતે, કૃષ્ણકુંજ, ભાવનગર. પૃ. ૧૭૦, કાચું પૂઠું. રૂ. ૧૬.

ભગવદ્ગીતા તત્ત્વચિંતન : લે. ગોરધનદાસ જીવરાજ સોરઠિયા. પ્ર. શ્રીજી સાહિત્ય પ્રચાર કાર્યાલય, બંગલી ચોક, બગસરા. પૃ. ૫૨, કાચું પૂઠું, રૂ. ૩.

સોનાલીસા : લે. રંજિતકુમાર ત્રિવેદી. પ્ર. રૂપાલી પબ્લિકેશન, રીલિફ રોડ, અમદાવાદ ૧. પૃ. ૧૩૯, પાકું પૂઠું, રૂ. ૧૧.

માણું મીઠું : લે. રક્ષાબેન પ્ર. દવે. પ્ર. કુ. છાયાબેન પ્ર. દવે. જીવન કોટેજ, ૪૩૯A, ભાવનગર. પૃ. ૪૪, કાચું પૂઠું, રૂ. ૫.

માટીની પછીત : લે. પરમસુખ પંડ્યા. પ્ર. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ-૨. પૃ. ૨૪૦, પાકું પૂઠું, રૂ. ૧૦.

ચાર કવિ : લે. સુરેશ દલાલ. પ્ર. ઉપર મુજબ, પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૧૪.

સુખની ચાવી : લે. મુકુંદ પી. શાહ. પ્ર. કુસુમ પ્રકાશન, નારાયણ નગર, અમદાવાદ-૭. પૃ. ૫૬, કાચું પૂઠું, રૂ. ૩.


બાજરનો રસ : લે. ડૉ. ન. મૂ. શાહ અને મેરી સી. હોગલ. પ્ર. યજ્ઞ પ્રકાશન, હુજરાત પાગા, વડોદરા. પૃ. ૪૮, કાચું, રૂ. ૧–૨૫.

કીડી અને વાંદો અને બીજી વાતો : લે. સુરેશ દલાલ. પ્ર. ચીમનલાલ લિટરરી, ટ્રસ્ટ, ૨૭૬, મુંબઈ–૧. પૃ. ૧૨, કાચું, રૂ. ૩.

શતરંજનો કોયડો-૯ . . . . સુરેશ મોદી

આ અંકમાં આપણે એક Self-mate કોયડો લઈએ. વાચકોને યાદ હશે કે self-mate કોયડામાં પહેલી ચાલ સફેદની હોય છે અને તે ઠરાવેલી ચાલમાં કાળાને સફેદ રાજાને મહાત કરવાની ફરજ પાડે છે. Direct-mate કોયડાની જેમ Self-mateમાં પણ સફેદ અને કાળાના ધ્યેય જુદા હોવાથી વિકલ્પો જોવા મળે છે. અહીં આપેલા કોયડામાં બે ચાલમાં Self-mate છે. સફેદની ચાવીની ચાલ પછી તે બીજી ચાલે એવી ધમકી આપે છે કે કાળાએ ફરજિયાત સફેદ રાજાને મહાત કરવો પડે. પણ કાળા પાસે આ ધમકીને નિષ્ફળ બનાવતી બચાવની થોડી ચાલ છે. તે સામે સફેદ જુદીજુદી રીતે મહાત કરવા ફરજ પાડે છે. ઉકેલમાં ચાવીની ચાલ, ધમકી, વિકલ્પો વ.નો સમાવેશ થવો જોઈએ. આપનો ઉકેલ તા. ૨૦–૧૦–૧૯૮૦ સુધીમાં નીચેના સરનામે મોકલો :

Suresh M. Mody
H/6 Saraswati Society, Govandi
Road, Chembur, Bombay-400 071



સ્થિતિ : 3q1Q2/16/7b/3R2Bn/3n4/2p (અહીં આકૃતિ પ્રમાણે સફેદ નહિ પણ કાળું પ્યાદું છે.) 1r3/2rk1K1N.

કોયડો : Self-mate in two
બે ચાલમાં સફેદ કાળાને સફેદ રાજાને મહાત કરવાની ફરજ પાડે છે.

કોયડા નં. ૬ (જૂન ૧૯૮૦)નો ઉકેલ

બોર્ડ : ૪×૪

સ્થિતિ : 1ppp/1prp/ppbk/N1br

કોયડો : ઓછામાં ઓછી કેટલી ચાલમાં કાળો રાજા સફેદ હાથીને મારી શકે તે શોધવાનું

ઉકેલ: ૨૭ ચાલમાં–તે ચાલ નીચે પ્રમાણે છે:
1 Bb1, 2 Rc2, 3 Kc3, 4 Bd2, 5 cRc1, 6 Bc2, 7 Rb1, 8 dRc1, 9 Bd1, 10 Rc2, 11 Bc1, 12 Kd2, 13 Rc3, 14 Bc2, 15 Kd1, 16 Bd2, 17 Rc1, 18 Bb1, 19 R(c3)c2, 20 Be3, 21 Kd2, 22 Rd1, 23 Kc1, 24 cRd2, 25 Bc2, 26 Kb1 અને છેલ્લે 27 K×Q1.

ફક્ત બે જ વાચકના ઉત્તર સંપૂર્ણપણે ખરા છે. ઘણા વાચકો ઉપરના ઉકેલની પહેલી ૧૬ કે ૨૦ ચાલ સુધી બરાબર હોવા છતાં આમળ ભૂલ ખાઈ ગયા અને તેથી તેમને ઉકેલ લાવવામાં ૨૮ કે વધુ ચાલ લાગી છે. ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલ ગુણ નીચે પ્રમાણે છે. ૧) જે. જી. ઝવેરી (મુંબઇ) અને ૨) ધીરુભા ભીખુભા ગોહીલ (વડપંચાસરા) બન્નેના ૧૦. ૩) લક્ષ્મણ કુરસીજી (અમદાવાદ), ૪) કુંજ ઝવેરી (કસબાપાર) અને ૫) જયંતીલાલ પંડ્યા (સાવરકુંડલા) ત્રણેના ૭. ૬) હરેશચંદ્ર દવે (મહેસાણા)–૬. ૭) એ. એલ. ઝાલાવડિયા (શારદાગ્રામ) અને ૮) અરવિંદ લોડાયા (રાજકોટ) બન્નેના ૪. ૯) શ્રીમતી ભવંગિકા ત્રિવેદી(મુંબઇ)–૩. ૧૦) કે.એફ. દેશાઈ (મુંબઇ)ને અરવિંદ પટેલ(વડનગર)બન્નેના ૦.

W. A. Shinkmanનો ઈ. ૧૮૭૪નો આ ટચૂકડો રસપ્રદ કોયડો Zigzag કોયડાઓમાં કદાચ સૌથી જૂનો હશે.

પચ્ચીસ વર્ષ પહેલાં



સપ્ટેમ્બર ૧૯૫૫ · આખો અંક ૩૨૧

આધુનિક ભારતીય કલાના એક અગ્રણી કે. સી. એસ. પણિક્કરનું ચરિત્ર કલાકાર શાંતિલાલ શાહે પચ્ચીસ વર્ષ પહેલાં લખેલું. આ સદીની પહેલી પચ્ચીસીમાં જ્યારે વીસ-ત્રીસનો દરમાયો પણ બસ થઈ પડતો એ કાળે સો-સવાસોની સરકારી નોકરી છોડીને પણિક્કરે મદ્રાસની કલાશાળામાં ચિત્રકળાનો પદ્ધતિસર અભ્યાસ કર્યો. કલા-અભ્યાસકાળથી જ આ મલબારી કલાકારે પારિતોષિકો મેળવવા માંડેલાં. ઝીણવટભરી વિગતો ઉતારનારી હૂબહૂ ચિત્રશૈલીમાં ચરમસીમા સુધી પહોંચીને અને એ માટે છેક ઇંગ્લૅન્ડમાંથી પ્રશંસા પામ્યા પછી એમણે જીવન ને કુદરત સાથેનો પૂરેપૂરો સંબંધ જાળવીને એ કાળે મૉડર્ન એવી શૈલીએ ચિત્રો કરવા માંડેલાં. આગળ જતાં ભારતીય શૈલીની ઢબ પર યુરોપીય રંગાવટની અસરનું મિશ્રણ કરીને પોતાની આગવી ઢબ વિકસાવી એક અચ્છા પ્રયોગવીર તરીકે ખ્યાતિ મેળવી. પશ્ચિમી પદ્ધતિમાં તાલીમ પામ્યા છતાં તેમની કૃતિઓમાં ભારતીયતા જાળવી રાખવામાં એમની સિદ્ધિ છે. એ પ્રેરક પરિચય તો લાંબો છે, પણ તે સાથે પ્રકટ કરેલી એમની કૃતિઓની વાનગી તથા કલાકારની પ્રગતિ વિષેના એમના મતનું એક અવતરણ જોઈએ. તેઓના મતે 'કલાકારની પોતાની પ્રગતિ સાથે અવનવી ટેકનિક પણ આગળ ચાલવી જ જોઈએ. લોકોની પ્રશંસા કે ધનોપાર્જન માટે સહેલું સાધન મળ્યાના સંતોષ વડે જો તે પોતાની જ શૈલીમાંથી બહાર ન નીકળી શકે તો તેના જેવું મોત કલાકાર માટે બીજું એકેય નથી, પોતાની શૈલી કુશળ રીતે હસ્તગત કર્યા પછી તેમાં પુરાઈ રહેવાને બદલે વધુ ફેરફારવાળી નવીનવી અનેક શૈલીની શોધમાં કલાકારે રહેવું જોઈએ.' ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની 'માંદગીનાં મૂળ' લેખમાળામાં ત્યારે પ્રકટ થએલા 'ડિફ્થેરિયા અને સાઈનસાઇટિસ'માં એમણે ડિફ્થેરિયા વિષેની માહિતી આજે યે એટલી જ ઉપયોગી હોઈ અહીં તારવીએ: ખાસ કરીને દસેક વર્ષની ઉંમર સુધીમાં બાળકોને લાગુ પડતો આ રોગ ચેપી છે. તેમાં ગળામાં શોળિયા કે ગળજીભી ઉપર કરોળિયાના ઘર જેવું ગંદા ધોળા રંગનું પડ જામે છે, જેમાં રાખોડિયા, ગંદા પીળા કે મેલા લીલા રંગનાં બિંદુઓ હોય છે. શરૂઆતમાં ટાઢ વાઇને ૧૦૧ થી ૧૦૪ અંશ જેટલો તાવ આવીને તે આઠદસ દિવસ રહે છે. જો કે રોગની ઉગ્રતા અને તાપમાન વચ્ચે કોઈ સંબંધ નથી. દર્દી એકદમ નંખાઈ જાય છે. રક્તક્ષય અને ફિક્કાશના કારણે બાળકનો ચહેરો ધોળો ફક્ક દેખાય છે. ગળાની ગાંઠો ફૂલી આવી જીભ ઉપર સફેદ થર બાઝે છે ને મોંમાંથી દુર્ગંધ આવે છે. શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે અને પાણી કે દવા નાક વાટે નીકળી જાય છે. અવાજ બેસી જાય છે. આ રોગ જીવલેણ પણ બની રહે છે. ગૂંગણો અવાજ, ખાવા-પીવાનું ગળવામાં મુશ્કેલી, પડી ગએલા ખભા ને ઢળતું માથું તથા લથડતી ચાલ એ રોગ મટયા પછીની માઠી અસરો છે. રસી મુકાવવાની અગમચેતી તથા આરંભથી જ યોગ્ય સારવાર કરવામાં આવે તો આ રોગની ભયંકરતામાંથી બાળકને ઉગારી શકાય છે.

આજે તો ગિરમાં સિંહદર્શનની બહુ નવાઈ નથી રહી, પણ પચ્ચીસ વર્ષ પહેલાં એ એક રોમાંચક અનુભવ ગણાતો. કવિ 'સુન્દરમે' ત્યારે એવા અનુભવનું સુંદર વર્ણન એ અંકમાં આપેલું. રેડિયો અને ટેલિવિઝન વિષે સમજણ આપતો ગિરીશ વિ. દેસાઇનો લેખ; એ કાળે સ્વતંત્ર ભારતની ભૂમિ પર ટકી રહેલા ફિરંગી સંસ્થાન ગોવાનો માહિતીપ્રદ પરિચય; ગુજરાતમાં નાગપૂજા અને તેનાં શિલ્પ વિષેનો ડૉ. ઉમાકાન્ત શાહનો અભ્યસનીય લેખ વગેરે પણ એ અંકનાં મુખ્ય આકર્ષણો હતાં. □







પણિક્કરની ત્રણ કૃતિઓ–ઉપરથી અનુક્રમે : 'વરઘોડો' (જલરંગી ચિત્ર), 'મલબારની માતા' અને 'મંદિરે'. આ તૈલચિત્ર પારીસમાં વખણાએલું અને વેચાઈ ગએલું.

❑ સ્વામી આનંદનાં પ્રકાશિત લખાણોમાંથી ચૂંટેલી સામગ્રીના સંચય 'ધરતીની આરસી'નું પુનર્મુદ્રણ તા. ૨ ઑક્ટોબરે–ગાંધી જયંતીના દિવસે પ્રકટ થશે. એની કિંમત તો છે ૧૬/- રૂ., પણ ૩૧ ઑક્ટોબર સુધી તે લોકમિલાપ (સરદારનગર, ભાવનગર અને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)ના ભંડારો પરથી રૂ. ૮/-માં મળી શકશે. (ટપાલ ખર્ચ અલગ) આગોતરા ગ્રાહક રૂ. ૮ (+ રૂ. ૪ ટપાલ રવાનગીના) અગાઉથી ભરી દઈ પાવતી મેળવી લઈને પોતાની નકલ સુરક્ષિત કરાવી શકશે. આ પુનર્મુદ્રણની માત્ર ૩૦૦૦ નકલ જ છપાઈ રહી છે.

❑ સ્વ. શ્રી ભૃગુરાય અંજારિયાના પત્રો ગ્રંથસ્થ કરવાની યોજના તેમનાં પત્ની પ્રો. સુધાબહેને કરી છે. જેમની પાસે શ્રી ભૃગુરાયના પત્રો હોય તે ભાઈ-બહેનોને એ 'પરિચય ટ્રસ્ટ' (મહાત્મા ગાંધી મેમોરીઅલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ–૪૦૦૦૦૨)ને મોકલવા વિનતિ છે. પત્રોની નકલ કરાવીને મૂળ પત્રો યથાવત્ સ્થિતિમાં પાછા મોકલી આપવાની ખાતરી આપવામાં આવે છે.



જો કે ઈસ્લામ ધર્મમાં ધાર્મિક સંજ્ઞા રૂપે કોઈ નિશ્ચિત સંજ્ઞા નથી, પણ માણસને વિચારણા માટે કોઈ ને કોઈ સ્વરૂપે કંઈક આલંબન જોઇએ છે, જ્યાં એ પોતાના ભાવ, વિચારો ને આસ્થાને કેન્દ્રિત કરી શકે. કુરાનમાંથી ઉતારેલાં ધર્મસૂત્રોનાં સુલેખન ને તેના બહોળા પ્રસારની પાછળ કદાચ આવા જ કોઈ આધારનાં બીજ હશે. મક્કાના પવિત્ર કાબાની છબી પણ ઈસ્લામની એક સંજ્ઞા સમી બની ગઈ છે. પણ ઈસ્લામની સૂચક સૌથી વધુ જાણીતી સંજ્ઞા છે 'ચાંદ-તારા'ની. જો કે આ કે આવી અન્ય કોઈ સંજ્ઞા-સંકેતોનો તેમની પ્રાર્થનાપૂજામાં વિધિવત્ ઉપયોગ થતો નથી.

મનાય છે કે ચાંદતારાની સંજ્ઞા સાથે અસલ તો ચંદ્રપૂજા જેવી ભાવના સંકળાએલી હોવી જોઈએ. બાયઝેન્ટીઅમ પ્રજામાં ચાંદતારાની સંજ્ઞા વપરાતી હતી અને બાયઝેન્ટીઅન સામ્રાજ્ય જીત્યા પછી ઑટોમન તુર્કોએ પોતાના લશ્કરમાં એક ચિહ્ન તરીકે તેનો ઉપયોગ કરવા માંડ્યો હતો. મુસ્લિમ સૈન્યોમાં આ સંકેતનો બહોળો વપરાશ થવા માંડતાં ધીરેધીરે એ ઈસ્લામી સંસ્કૃતિની એક સંજ્ઞા રૂપે જાણીતી બની ગઈ, અને પછી તો મુસ્લિમ રાષ્ટ્રોના ધ્વજમાં, એમની મુદ્રાઓમાં અને તેમનાં ધર્મસ્થાનોનાં ગુંબજ અને મિનારાઓની ટોચે પણ તેનો ઉપયોગ થવા લાગ્યો, ચાંદતારા ઈસ્લામ સંસ્કૃતિના પ્રતીકરૂપ બની ગયા. ઈસ્લામી રાષ્ટ્રોની ટપાલ-ટિકિટો પર પણ એ જોવા મળે છે.

મધ્ય પૂર્વના મુસ્લિમ દેશોના ધગધગતા રણપ્રદેશમાં થાકેલા મુસાફરને ચંદ્રનો મંદ પ્રકાશ જે શાતા આપે, અને તારાના આધારે એ પોતાના લક્ષ્યસ્થળની દિશા નક્કી કરી શકે છે તેમ ઈસ્લામ પણ વિટંબણાઓભર્યા જીવનમાંથી પસાર થતા મુસાફર માનવીને ચાંદતારા શાતા અને માર્ગદર્શન આપી તેના અંતિમ લક્ષ્ય અલ્લાહ પ્રતિ દોરી જાય છે, આવું કંઈક અર્થઘટન ચાંદતારાની સંજ્ઞા સાથે વણાઈ ગયું છે. બીજ-ચંદ્રની ચડતી કળા ઉત્તરોત્તર વિકાસની પણ સૂચક છે. કાળગણનામાં પણ મુસલમાનોએ ચાંદ્રવર્ષ અપનાવેલું છે. □





ને કર્મ સૌ પરિપક્વ ફળ શાં જાય ખરી ભૂમિતલે,
સંન્યસ્તની ગરવી ધ્વજા લઈ વિચરવું વસુધા પરે,
અવિશ્રાન્ત કોઈ પરિક્રમે,
બસ ચાલવું, બસ ચાલવું – સંમુખે –
છો માર્ગમાં કંઈ લક્ષધા સિદ્ધિ મળે!

—રતિલાલ છાયા

સ્વ. જ્યોતીન્દ્ર દવે

જેમના નામનો માત્ર ઉલ્લેખ પણ વાચકો કે શ્રોતાઓને હસાવવા માટે પૂરતો થઈ પડે એટલો જેમનો જાદુ હતો એ, ગુજરાતના વિદ્વાન સાક્ષર અને સર્વશ્રેષ્ઠ હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવેનું ગુરુવાર તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ મધરાતે મુંબઈમાં અવસાન થયું. ઘરમાં હિંચકે બેસવા જતાં પડી જવાથી ડાબા પગમાં થએલા અસ્થિભંગથી તેઓને હૉસ્પિટલમાં દાખલ કરવા પડેલા ને ત્યાંથી જ તેમણે ચિરવિદાય લઈ લીધી. ગુજરાતના મોં પરથી હાસ્ય વિલાઈ ગયું.

જ્યોતીન્દ્રભાઈનો જન્મ સુરતની વડનગરા નાગર-બ્રાહ્મણ જ્ઞાતિમાં ઈ. ૧૯૦૧ના ઑક્ટોબરની ૨૧મી તારીખે, એટલે કે સંવત ૧૯૫૭ની આસો સુદ નોમના દિવસે થએલો. પિતા હરિહરશંકર ભાનુશંકર દવે ઘણા સુશિક્ષિત હતા, પણ એમની છત્રછાયા બચપણમાં જ ગુમાવી બેઠેલા જ્યોતીન્દ્રનો ઉછેર માતામહ છબિલારામ દીક્ષિતની દેખભાળમાં થયો હતો.

સૂરતમાં નર્મદના આવાસ 'સરસ્વતી મંદિર'ની બાજુમાં એક પાઠશાળામાં એમણે બચપણથી સંસ્કૃતનો અભ્યાસ આરંભ્યો હતો. એક ઉત્તમ વિદ્વાનની કક્ષા સુધીના એમના આ ભાષાના જ્ઞાનનાં બીજ અહીં રોપાયાં હતાં. ઈ. ૧૯૧૯માં એમણે સૂરતની સાર્વજનિક હાઈસ્કૂલમાંથી મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. ૧૯૨૩માં ત્યાંની જ એમ. ટી. બી. સાર્વજનિક આર્ટ્સ કૉલેજમાંથી સંસ્કૃત તથા ગુજરાતીના ઐચ્છિક વિષયો સાથે તેઓ બીજા વર્ગમાં બી. એ. થયા અને એ જ કૉલેજમાં બે વર્ષ ફેલો તરીકે રહીને ૧૯૨૫માં એમ.એ.ની પરીક્ષા પસાર કરી.

કૉલેજકાળ દરમિયાન ધીરેધીરે રચાએલા ઈષ્ટ મિત્રોના વર્તુળને તે સૌએ 'ઑલ ટૅલન્ટ્સ ક્લબ' નામ આપેલું. કદાચ આ મંડળમાં જ એમની વિનોદશક્તિને ખીલવા-વિકસવાની પર્યાપ્ત ભૂમિકા મળી રહી હશે. વિનોદમય રેખાચિત્રો લખવાનું એમણે આ અરસામાં જ ચાલુ કરેલું અને કૉલેજના મૅગેઝિનમાં એમનો લેખ 'લૉટરીનું પરિણામ' છપાએલો. એ વખતે પણ એમનાં લખાણોમાં શૈલીની શિષ્ટતા જણાતી હતી.

પરંતુ એ સમયમાં એમણે કવિતાઓ લખવામાં જે રસ દાખવ્યો હતો તેમાં, આગળ જતાં તેઓ હાસ્યલેખક બનશે તેવો અણસાર પણ કળાતો નહોતો. મિત્રવર્તુળમાં ને કૉલેજમાં એમની ખ્યાતિ લેખક તરીકે નહિ, એક આશાસ્પદ કવિ તરીકેની હતી.



એમ. એ. થયા પછી ૧૯૨૬માં તેઓ મુનશીજીને તેમના 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' સંપાદિત કરવાના કાર્યમાં સહાયક તરીકે જોડાયા, તે પછી મુનશીજીના 'ગુજરાત' માસિકના સંપાદનમાં પણ તેઓ કામ કરતા. ૧૯૩૦માં મુનશીજીને રાષ્ટ્રીય લડતમાં જેલમાં જવાનું થયું એટલે જ્યોતીન્દ્રભાઈ મુંબઈની કબીબાઈ હિંદુ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા અને ૧૯૩૩ સુધી ત્યાં રહ્યા. આ દરમિયાન મુંબઈમાં નવા શરૂ થએલા સાપ્તાહિક 'રવિવાર'માં એમણે 'મોચીડાનો મોચીડો' નામે એક લેખમાળા લખવા માંડેલી. 'મુંબઈ' નામના એક બીજા

સાપ્તાહિકમાં પણ એમણે મુંબઈના જીવન વિશેની પોતાની વિશિષ્ટ લેખમાળા આપવા માંડેલી, જે આગળ જતાં 'રંગતરંગ'ના એક ભાગ રૂપે પ્રકટ થઈ છે.

કવીબાઈ હાઈસ્કૂલ છોડયા પછી તેઓએ સુરતની કૉલેજમાં ૧૯૩૭ સુધી ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું ને ત્યાર બાદ મુંબઈ સરકારના ઓરીએન્ટલ ટ્રાન્સલેટરના સેકન્ડ આસિસ્ટંટ, ત્રણેક માસ પછી ફર્સ્ટ આસિસ્ટંટ ને ૧૯૩૮માં ઓરીએન્ટલ ટ્રાન્સલેટરના પદે એક વર્ષ કામચલાઉ પદે કામ કર્યું. ૧૯૩૯માં તેમને એ પદે કાયમી નિમણૂક મળી. આ પદેથી નિવૃત્ત થયા ત્યારે મુનશીજીએ એમને ભારતીય વિદ્યાભવનમાં સમાવી લીધા. ફરી તેઓ પ્રાધ્યાપક બન્યા અને ઘાટકોપરમાં સોમૈયા કૉલેજ, અંધેરીની નવી કૉલેજમાં સેવા આપી. કચ્છ માંડવીની કૉમર્સ કૉલેજમાં આચાર્ય પણ બનેલા.

પોતાના પરિચયમાં લખ્યા પ્રમાણે એમણે ૧૯૨૫માં સુરત કૉલેજના વિદ્યાર્થીઓને ભજવવા માટે હાસ્ય ઉત્પન્ન કરે એવી એક પણ લીટી વિનાનું, 'વિષપાન' નામનું એક કરુણાંત નાટક લખેલું. બેન્જામિન કિડના 'સામાજિક ઉત્ક્રાંતિ' નામના પુસ્તકનો પ્રસન્નવદન દીક્ષિતની સાથે અનુવાદ કર્યો, જે ૧૯૩૦માં 'ગાયકવાડ ગ્રંથમાળા'માં પ્રસિદ્ધ થયો છે. 'એક ચ પ્યાલા' નામનું એક મરાઠી નાટક પણ ગુજરાતીમાં ઉતાર્યું.

'ગુજરાત' સાપ્તાહિકમાં 'ગુપ્તા' ઉપનામથી જ્યારે એમણે લેખનનો આરંભ કર્યો ત્યારે એમની આગવી કલમે એક નવું જ કુતૂહલ પ્રકટાવ્યું હતું. પણ પછી એમણે એ ઉપનામ છોડી દીધેલું. જો કે 'ગુપ્તાની નોંધપોથી'માં હજી એ ઉપનામ સચવાયું છે.

'રંગતરંગ'નો પહેલો ભાગ એ એમની કીર્તિદા હાસ્યકૃતિઓનું પ્રથમ પુસ્તક. ૧૯૩૨માં એ પ્રકટ થયું. પછી 'મારી નોંધપોથી', ધનસુખલાલ મહેતા સાથે લખેલું 'અમે બધાં', 'રંગતરંગ'ના બીજા પાંચ ભાગ, 'પાનનાં બીડાં', 'રેતીની રોટલી', 'નજર લાંબી અને ટૂંકી', 'રોગ, યોગ અને પ્રયોગ' વગેરે એમના હાસ્યલેખોના વિખ્યાત સંગ્રહો છે. 'હાસ્યતરંગ', 'જ્યોતીન્દ્રના હાસ્યલેખો' અને 'જ્યોતીન્દ્ર તરંગ'માં એમના હાસ્યનિબંધો છે. મોલીએરના 'માઈઝર' પરથી એમણે 'વડ અને ટેટા' નાટક કરેલું. 'અલ્પાત્માનું આત્મપુરાણ'માં એમનું આત્મકથન છે.

જો કે એમની સવિશેષ ખ્યાતિ તો ઉત્તમ ને માર્મિક હાસ્યકાર તરીકેની છે, પરંતુ સાહિત્યના ઊંડા મર્મજ્ઞ વિવેચક તરીકે પણ એમની શક્તિઓ અછતી નથી. આપણા ગણ્યાગાંઠયા વિદ્વાન વિવેચકોમાં એમની પણ ગણના છે. ગુજરાતી સાહિત્ય સભાની ૧૯૩૪ની ગ્રંથસ્થ વાઙ્મય સમીક્ષા એમણે કરી હતી. ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં રસસિદ્ધાંત વિષેનાં એમનાં પ્રવચનો પણ બહુ ખ્યાતિ પામ્યાં હતાં. એમનું વક્તવ્ય પણ ઘણું લોકપ્રિય હતું. એમના લેખ વિના કોઈ પણ સામયિકના દિપોત્સવી અંકમાં ઊણપ વરતાતી. કવિસંમેલનો અને મુશાયરાઓમાં એમનું સંચાલન એક અનોખી રંગત ઉમેરતું. મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષામાં ગુજરાતીના પરીક્ષક અને મોડરેટર તરીકે, તથા બી.એ.માં ગુજરાતીના પરીક્ષક તરીકે પણ તેમણે કામ કરેલું. વિવિધ સાહિત્યસ્વરૂપો ઉપરાંત બીજા પણ અનેક વિષયોમાં તેમને રસ હતો. સંગીતના તેઓ અચ્છા જાણકાર હતા.

ગલિયારા પારિતોષિક, રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ અને હીરક મહોત્સવ વગેરે માનથી ગુજરાતે એમને નવાજ્યા છે. એમના હાસ્ય સાથે ઉચ્ચ જીવનચિંતન પણ વણાયેલું રહેતું. પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એમની ગદ્યશૈલી વિષે લખ્યું છે કે, 'તે ઠોકર વગરની, મંદ પણ એકધારા પ્રવાહવાળી, વિશાળ વાચન વડે સુવાસિત, કુમાશદાર ને ઠાવકી, ચાંપલી નહિ પણ મરોડદાર, અર્થે ચોકસાઈ તથા પહેલી નજરે ન સમજાય એવા ભરાવવાળી, અને શબ્દે, મધુર છે.' અને આગળ ઉમેરતાં લખે છે: 'હાસ્યકાર તો તેઓ નાનપણથી જ છે, પણ ચિરંજીવ સાહિત્યકાર લેખે તેઓ સ્થાન લેશે. તેમનામાં વ્યાપક એવા બે ગુણોથી – એક, શૈલીનું સૌંદર્ય, બીજું મર્મની બુદ્ધિલક્ષિતા.' પ્રા. મોહનલાલ દવેએ પણ ઉચિત રીતે જ લખ્યું છે: 'અનુભવ અને અભ્યાસ, પ્રતિભા અને પંડિતાઇ, વિનોદ અને વિચાર, અવલોકન શક્તિ અને વર્ણન શક્તિ, કલ્પના અને વાક્છટા, એ સઘળાં તત્ત્વોના પ્રભાવે હાસ્યરસની રચનાઓમાં જ્યોતીન્દ્રે અસામાન્ય, કુશળતા પ્રાપ્ત કરી છે. એમની આ હાસ્યરચનાઓને સામાન્ય કરતાં વિશેષ સૂક્ષ્મતા, સચોટતા અને સામર્થ્ય આપવામાં કોઈ પણ ઊંડું અને વ્યાપક તત્ત્વ કારણભૂત હોય તો તે એમની વિદ્વત્તા છે. એ વિદ્વત્તા દેખાઈ આવતી નથી – છુપાએલી રહે છે, છતાં એ નિઃસંશય ત્યાં હોય છે.…હાસ્યસિદ્ધિ માટે જ એમણે પાંડિત્ય કામમાં લીધું છે. એ પાંડિત્ય એમના હાસ્યનો આધાર નહિ પણ અલંકાર છે.' ગુજરાતને એમના જેવી બીજી પ્રતિભા મળવી સરળ નથી જ. ગુજરાતી સાહિત્યમાં એમનું સ્થાન સદા આગવું ને અનોખું રહેશે.



(સંકલિત)

ગધેડો

કોઇને ગધેડો કહેવો એ એનું અપમાન કરવા બરાબર છે એવી માન્યતા કેવળ આપણે ત્યાં જ છે એવું નથી. પશ્ચિમમાં પણ ગધેડાને જક્કીપણાનું, મૂર્ખાઈનું પ્રતીક ગણવામાં આવે છે, અને કોઈ આડોડાઈ કરતું હોય તો એને એમ પણ કહેવાય છે કે: 'ડૉન્ટ બી એન એસ.' આમ છતાં અમેરિકાનું પ્રમુખપદ પ્રાપ્ત કરવા માટે જે બે પક્ષો–ડેમૉક્રેટિક અને રીપબ્લિકનમાંના એક ડેમૉક્રેટિક પક્ષના પ્રતીક તરીકે ગધેડાની પસંદગી આશ્ચર્ય પ્રકટાવે એ સ્વાભાવિક છે. પણ તે અંગેની કેટલીક માહિતી જાણવા જેવી અને રસપ્રદ છે. આ પ્રતીકની સ્વીકૃતિમાં ગધેડા અંગેનું એક કાર્ટૂન કારણભૂત બન્યું હતું.

બન્યું એવું કે અમેરિકા પરનું બ્રિટનનું સાંસ્થાનિક શાસન ખતમ થયા પછી અમેરિકામાં દક્ષિણનાં અને ઉત્તરનાં રાજ્યો વચ્ચે આંતર યુદ્ધ ફાટી નીકળ્યું હતું. આ આંતરયુદ્ધમાં ઉત્તરનાં રાજ્યોનાં જે તત્ત્વો દક્ષિણનાં રાજ્યો પ્રત્યે સહાનુભૂતિ બતાવતાં તેમને માટે 'કૉપરહેડ્ઝ' જેવો ધૃણાયુક્ત શબ્દ વાપરવામાં આવતો, (કૉપરહેડ એક પ્રકારનો સાપ છે.) ને આવા કૉપરહેડ વગેરે ટેકો આપનાર અખબારો 'કૉપરહેડ પ્રેસ' કહેવાતાં. ત્યાંનું વિખ્યાત સામયિક 'હાર્પર્સ મૅગેઝિન' પણ આવું કૉપરહેડ અખબાર ગણાતું. તેમાં ૧૮૭૦ની ૧૫ જાન્યુઆરીએ એક એવું કાર્ટૂન છપાયું હતું જેમાં કૉપરહેડ રૂપી ગધેડો એક મરેલા સિંહ રૂપી રીપબ્લિકન પક્ષના નેતા એડવર્ડ સ્ટેન્ટનને લાત મારતો બતાવવામાં આવ્યો હતો. ટૉમસ નાસ્ટ નામના એક કાર્ટૂનિસ્ટે એ ચીતર્યું હતું. આ કાર્ટૂનને મળેલી લોકપ્રિયતાના કારણે પછી તો નાસ્ટે સમગ્ર ડેમૉક્રેટિક પક્ષ માટે પણ ગધેડાનાં ચિહ્નોનો ઉપયોગ કરવા માંડયો હતો અને આ ચિહ્નનો કાર્ટૂનો દ્વારા એટલો બધો પ્રચાર થયો હતો કે ખુદ ડેમૉક્રેટિક પક્ષે પણ આખરે ગધેડાને પોતાના પ્રતીક તરીકે અપનાવી લીધો.

નાસ્ટે ગધેડાના ચિહ્નનો ઉપયોગ શરૂ કર્યા પછી ચાર વર્ષે રીપબ્લિકન પક્ષ માટે દોરેલા એક કાર્ટૂનમાં એ પક્ષ ઘણો વધારે પડતો મોટો થઈ ગયો છે અને ખૂબ શિથિલ તથા આળસુ બની ગયો છે એવું બતાવવા તેણે હાથીનું પ્રતીક વાપર્યું હતું. એ સમયે હાર્પર્સ મૅગેઝિન અને ટૉમસ નાસ્ટની લોકપ્રિયતા એવી હતી કે એ હાથીનું પ્રતીક રીપબ્લિકન પક્ષે પણ અપનાવી લીધું. અલબત્ત, આજે કોઈ અમેરિકન ડેમૉક્રેટને પૂછીએ કે 'તમે ગધેડાનું પ્રતીક કેમ અપનાવ્યું છે' તો એ એવો ખુલાસો કરશે

ઈ. સ. પૂર્વે ૨૦૦ વર્ષ પહેલાંની એક ચીની ઢાલ ઉપર ગધેડાની કોતરણી; ઇજિપ્તના પ્રાચીન અવશેષોમાં ઈ. સ. પૂર્વે ૨૭૦૦–૨૬૦૦નું ગધેડાના ટોળાનું ભાસ્કર્ય; ઈ. પૂર્વે પાંચમી સદીના એક ગ્રીક સિક્કા ઉપર ખચ્ચરગાડી અને જમણી બાજુ છેડે ઈટાલીમાં ભારગાડી ખેંચતો ગધેડો. સદીઓથી ગધેડા (અને ખચ્ચર)ને માનવી જુદીજુદી રીતે પ્રયોજતો રહ્યો છે.

કે, 'ગધેડો કેવું પ્રામાણિક અને બધાં જ કામમાં ઉપયોગી એવું પ્રાણી છે!' જ્યારે રીપબ્લિકન પોતાના પ્રતીક વિષે 'હાથી કેટલું બળવાન અને બુદ્ધિશાળી પ્રાણી છે!' એમ કહેશે.

હાથીના મહિમાથી તો આપણે સુપરિચિત છીએ. એનું રાજવી ગૌરવ સદીઓ જૂનું છે. મ્હૈસુરના રાજાઓની હાથીની સવારી જોવા તો વિદેશથી પણ લોકો આવતા. પણ એક જમાનામાં – ઈસુના જન્મ પહેલાં કાળના મધ્ય પૂર્વના પ્રદેશોમાં ગધેડાને રાજસવારીનું માન મળતું હતું. અને હકીકતમાં યે ગધેડો માનવજાત માટે વધુ ઉપકારી નીવડ્યો છે. છેલ્લાં ૩૦૦૦ વર્ષથી એ માણસની સેવા કરતો આવ્યો છે.

ઓગણીસમી સદીના અંત ભાગમાં વિરોધીઓ ટીકા કરતા કે, ડેમૉક્રેટિક પક્ષ તો ગધેડા જેવો પણ નથી—એ તો ખચ્ચર જેવો છે. પોતાના વંશનું એ અભિમાન લઈ શકે તેમ નથી, અને એની ભાવિ પ્રજા તો એ વાત જ કરી શકે તેમ નથી.' ખચ્ચર એ ઘોડી અને ગધેડાના સંસર્ગથી પેદા કરેલું વર્ણસંકર પ્રાણી છે, અને નર ખચ્ચરમાં પ્રજોત્પત્તિની ક્ષમતા નથી એ હકીકતને અનુલક્ષીને વિરોધીઓએ ડેમૉક્રેટિક પક્ષને ખચ્ચર સાથે સરખાવ્યો હતો.

પરંતુ આ તુલના યે યથાર્થ નથી. પિલગ્રિમ ફાધર્સ અમેરિકા જઈ વસ્યા તે પછી વર્ષો સુધી જો ગધેડા તથા તેના દ્વારા ઉત્પન્ન કરેલાં ખચ્ચરની સહાય ન મળી હોત તો અમેરિકાનો વિકાસ કદાચ વિલંબમાં પડી જાત. ખચ્ચર ગમે તેવા ડુંગરાળ, બરફીલા કે રેતાળ પ્રદેશમાં, ભારે યાતના વેઠીને પણ સેવા આપે છે. ક્યારેક તે આડોડાઈ કરતું લાગે તો તે તેના ઉછેરનારની ખામીના કારણે હોય છે. બાકી પદ્ધતિસર તાલીમ આપીને તેની પાસેથી ધાર્યું કામ લઈ શકાય છે. અઢારમી સદીમાં તો સ્પેઈન, ઈટાલી અને ફ્રાંસમાં ખચ્ચરની પેદાશનો મોટો ઉદ્યોગ ચાલતો હતો. અમેરિકાના રાષ્ટ્રપિતા જ્યૉર્જ વૉશિંગ્ટન તો ખચ્ચરનો ઉપયોગ વધારવાના હિમાયતી હતા. આગળ જતાં અમેરિકાના પૂર્વ-પશ્ચિમ કિનારા વચ્ચે ખચ્ચર-ગાડીનો રીતસરનો વ્યવહાર ચાલુ થયો હતો. ચાળીસ ખચ્ચરો સાથે વીસવીસ ટન જેટલો ભાર ભરેલાં બે વેગનોવાળી 'મ્યુલ ટ્રેન' ત્યારે પૂર્વ-પશ્ચિમ કિનારે માલ પહોંચાડતી. આ ખચ્ચરગાડી માટે જોઈતાં ખચ્ચરો પેદા કરવા સારુ ખાસ જાતવાન ગધેડા સેંકડોની સંખ્યામાં સ્પેઈનથી લાવવામાં આવતા, અને એક વર્ષમાં દોઢથી બે લાખ ખચ્ચરો ગધેડાની સહાયથી પેદા કરવામાં આવતાં. આ માટે નામી ગધેડાની સહાય અંગે અખબારોમાં જાહેર-ખબરો પણ છપાતી રહેતી. હિંદુસ્તાન જીતવામાં અંગ્રેજ સૈન્યોને ખચ્ચરના ઉપયોગની પણ એક મોટી સહાય હતી. દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં ફસાઈ પડેલા કૅપ્ટન સ્કૉટને શોધવા ગએલી ટુકડીએ પણ 'સ્લેજ' ખેંચવા ખચ્ચરોનો ઉપયોગ કરેલો, ને એ ખચ્ચરો બ્રિટિશ લશ્કરે હિંદુસ્તાનમાં ઉછેરેલાં હતાં. ખચ્ચર બહુ બળુકું પ્રાણી છે. એની પાછલા પગની લાત જીવલેણ પણ બની શકે. પથરાળ અને ચઢાવ-ઉતારવાળા માર્ગો પર એ થાક્યા કે હાંફ્યા વિના માઈલો સુધી ભાર વેંઢારી શકે છે. ડુંગરો ચડવાઊતરવામાં એના પગ બહુ સારું સમતોલન જાળવી શકે છે.

ઘોડી અને ગધેડાના સંસર્ગથી પેદા થતાં તથા ગધેડી અને ઘોડાના સંસર્ગથી થતાં બંને પ્રાણીઓને આપણે ખચ્ચર કહીએ છીએ, પણ અંગ્રેજીમાં ઘોડી-ગધેડાની સંકર ઓલાદને 'મ્યુલ' અને ઘોડા-ગધેડીની ઓલાદને 'હિન્ની' કહે છે. હિન્ની મ્યુલ કરતાં વધુ જીવે છે અને સવારી કરવા માટે પણ સારાં છે. પણ સામાન્ય ઉપયોગમાં હિન્ની કરતાં મ્યુલની કિંમત વધારે છે.

એક સમય એવો યે હતો કે આ વર્ણસંકર પ્રાણીઓના પદ્ધતિસરના ઉછેર અને તાલીમ વિષે પુસ્તકો લખાતાં. હવે તો યાંત્રિક વાહનોએ તેમનું સ્થાન લઈ લીધું છે, પણ તેલની તંગી ફરી આ પ્રાણીઓનું મહત્ત્વ વધારે પણ ખરી. આમે ય હજી કેટલાક પ્રદેશોમાં ખચ્ચરો વપરાય છે જ અને ગધેડા પણ. સિંધના ગધેડા હજી હમણાં સુધી વખણાતા જ હતા.

('પ્રબુદ્ધજીવન') —મનુભાઈ મહેતા

અનુસંધાન] કૅપ્ટન જૉન સ્મિથ [પૃ. ૨૮૭થી

પોતાના માણસોની ગફલતથી એ અજાણ્યા રેડ ઇન્ડિયનોના હાથમાં સપડાઈ ગયો. તેઓ તેને સર્વોચ્ચ મુખી પૉહેટન પાસે લઈ ગયા.

પૉહેટનને પોતાની હિકમત અને વાક્ચાતુરીમાં લપટાવવાનો એણે પ્રયત્ન તો ઘણો કર્યો પણ એ મુખી છેતરાયો નહિ. જૉનની બધી કરામતો શાંતિથી જોઈ લીધા પછી તેણે તેને મોતની સજા ફરમાવી. અને મારાઓ સ્મિથનું માથું ભાંગે એ પહેલાં, આ પૉહેટનની તેરચૌદ વર્ષની લાડકી પુત્રી પૉકેહોન્ટાસે દયાથી પ્રેરાઇને બાપને વિનવણી કરીને એને બચાવી લીધો. એ પછી યે લગભગ દોઢ વર્ષ સુધી પૉકેહોન્ટાસે બાપથી છાનાં આ સ્મિથ અને તેની વસાહતને અવારનવાર ખોરાક પહોંચાડીને તથા આ વસાહતીઓને મારવા અંગેની એમની જાતિની યોજનાઓની જાણ કરી દઈને બચાવતી રહી હતી.

વર્જિનીઆની વિકાસકથા એ જૉન સ્મિથની જ કથા છે. કોઈ એક જ વ્યક્તિ પર આધારિત આવી કોઈ વિકાસકથા કદાચ નહિ મળે. વસાહતીઓમાં એણે ઉત્સાહ ટકાવી રાખ્યો. એણે જ એમને ખેતી કરતા અને ઘર બાંધતા કર્યા. વસાહતને વિસ્તારી અને આદિવાસીઓ સાથે આપલેના સંબંધો વિકસાવ્યા. વતનથી નવા વસાહતીઓ સાથે કંપનીએ તેને અહીં સોનું શોધવા, અને બને તો સાબુ અને કાચ બનાવવા હુકમો મોકલ્યા, સોનું તો ન મળ્યું પણ બીજાં કાર્યો એણે પાર પાડ્યાં. અહીંનું સીડર લાકડું પણ એણે ઇંગ્લૅન્ડ મોકલ્યું. અહીં એણે ભૂંડ અને કૂકડાં ઉછેર્યાં, શિયાળા માટે અનાજ સંઘરવા કોઠારો તૈયાર કરાવ્યા, હોલૅન્ડથી આવી ચડેલા વિઘ્નસંતોષીઓ રેડ-ઇન્ડિયનોને હથિયારો વેચતા અટકાવીને અહીંથી હાંકી કાઢ્યા. વસાહત આસપાસ ગઢ

કુમાર - આવતી કાલનાં નાગરિકોનું માસિક - વર્ષ ૫૭મું - અંક ૯ - સપ્ટેમ્બર ૧૯૮૦ - સળંગ અંક ૬૮૧

આંખો / ઉશનસ્

- શિખરિણી સૉનેટ -

જુઓ લ્યો, દેવોનું દગ નસીબ : આ પુત્ર ઈશનો
ઈસા; તે તો જાણે જગની બધી વેંઢારી ફિકરો
બિચારો જન્મ્યો છે નયન મહીં નિદ્રા સુખવણો !
–ન દેવોમાં આવો અવર દીઠ રહેરો દુખભર્યો;
અને આ બીજા તે અશી જ ફિકરોમાં જઈ ગળી
ગયા છે આંખોને મીંચી જ બસ, તે 'બુદ્ધ' જ વળી !

ન આવું જાગ્યાનું અગર ઊંઘવાનું મુજ ગજુ,
–મહારામાં જો કે ધબકી રહી એ માટી જ હજુ–
અનુકૂલે કિંતુ જગતત્રસ્ત ચીલે જ રહીને
હું થાકી જવામાં સમજું કૃષિનો ભાર વહીને.

પછી રાત્રે વાળુ, ગડ ગડ હુકાની, નત નીચી
પથારીમાં આડા પડી રહી જ આંખે અધમીંચી
ધીમી દીવી જેવી કજળી દગ હારી, પછી દઈ
બધું એને સોંપી, બસ ઊંઘી જવું નીરવ થઈ...

લાસ્ય ચગે ત્રિભુવનમાં / રઘુવીર ચૌધરી

- ગાન -

નીલ ગગન પર્વત નીંદરમાં,
ખળખળ વહેતાં વૃક્ષ પવનમાં.

યુગ યુગથી જે બંધ અવાચક
કર્ણમૂલ ઊઘડયાં શંકરનાં,
જટાજૂટથી મુક્ત જાહ્નવી
રમે તરવરે સચરાચરમાં.

ધરી સૂર્યનું તિલક પાર્વતી સજે પુષ્પ કાનનમાં.

શિલા શિલાનાં રંધ્ર સુવાસિત
ધરા શ્વસે કણકણમાં,
વરસ્યા બારે મેઘ ઝળુંબી
ઊગ્યાં દેવતરુ રણમાં.

તાંડવની સ્થિર મુદ્રા, આજે લાસ્ય ચગે ત્રિભુવનમાં.

હાઇકુ / સ્નેહરશ્મિ

તરતા બેટ
વાડી લીલી : જળમાં
ઊતર્યું વ્યોમ.

*

કાદવ ખૂંદ્યો :
લીલા ઘાસમાં પગે
અહો ! તાજગી !

*

આંધી : પ્રચંડ
મોજાં : હોડીમાં દૂર
ઝબૂકે દીવો.

પત્ર / વિનોદ જોશી

- ગઝલ -

અમે વળીને જોયું ને તમે વળ્યાં વળાંક
ગલીનો હોય કે પછી નજરનો હોય વાંક.

ચીલો આ તરફ કેમ વળે એ વિચારમાં
પસાર વેલડું થઈ ગયું અહીંથી કયાંક.

સુગંધની બજારમાં સોપો પડી ગયો
તમે જ કેશ મોકળા કર્યા હશે જરાક.

દમામ આમ હાથવગો હાથથી ગયો
છકેલ હાથ ચીંથરાં સમો સડેલ રાંક.

કલમના રાજપાટ પણ થયા હવે તો ડૂલ
ઉદાસ પત્ર પર ફરી રહી બીમાર ટાંક.

આંખો : ત્રણ ખંડમાં વહેંચાઈ જતું આ સૉનેટ ત્રણ વ્યક્તિની આંખો વિષે વાત કરે છે : એક ઈસુની, જેને દેવપુત્ર કલ્પવામાં આવ્યો છે; બીજી બુદ્ધની, જેને માનવપુત્ર લેખવામાં આવ્યો છે; ત્રીજી કાવ્યનાયકની નિજની, જેને પૂર્વોક્ત બન્નેનો વારસ ગણવામાં આવ્યો છે. ઈસુની ખુલ્લી આંખોનો સંદર્ભ દુઃખદર્દભર્યા વિશ્વજીવન પ્રત્યેની અપાર અનુકંપામાં જડે છે, બુદ્ધની નિમીલિત આંખોનો સંદર્ભ જગત-દુઃખોને દૂર કરવાની કરુણાભરી આંતરખોજમાં દેખાય છે, જ્યારે નિજના નેત્રનું શું? છેલ્લી છ પંક્તિમાં સૉનેટોચિત વિચાર વળાંક છે. પ્રથમ બે મહાનુભાવો કરતાં પોતાની આંખો જુદી જ અનુભવ કરે છે. એ તો જગત-મોસમના માર્ગ પર રહીને જીવનકૃષિ ખેડી નેત્રદીવલિયે થાકને બિસાડવામાં જ ગૌરવ અનુભવે છે. આ આંખો ય છે તો નિર્દોષ. એ માટે ઉપાન્ત્ય પંક્તિમાં એને 'ધીમી દીવી જેવી' કહી છે અને એના થાકને નિર્દેશવા 'કજળી' કહી છે. આ શ્રમિત આંખો છેવટે પૂર્વોક્ત બે મહાનાયકોને જ જાણે સોંપી દઈ કાવ્યનાયક નિદ્રાધીન થઈ જવામાં પરમ સંતોષ અનુભવે છે એમાં જીવનની પ્રવૃત્તિના સાર્થક્યનો મહિમા ગવાએલો સાંભળી શકાશે. વિષયનાવીન્ય, શૈલીપ્રૌઢતા, બાનીકસબ, છંદોલય દ્વારા કૃતિગત કલાસૌંદર્ય પણ નિખરી ઊઠેલું અનુભવી-આસ્વાદી શકાશે.

લાસ્ય ચગે ત્રિભુવનમાં : સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલા આનંદની અનુભૂતિ આ ગીતમાં સુભગરીતે અભિવ્યક્ત થઈ છે. શંકરનું રુદ્ર સ્વરૂપ જાણે સ્થગિત થઈ ગયું છે, કર્ણમૂલ ઊઘડયાં છે, જટાજૂટથી ગંગા હવે વહેવા લાગી છે. પણ જ્યાં સચરાચરની વાત આવી કે આખો સંદર્ભ બદલાઈ ગયો. અને પછી તો ભવ્ય ચિત્ર—પાર્વતીનું. ખુદ સૂર્યનું તિલક ધરી પાર્વતી કાનનમાં પુષ્પ સજે છે! એવી જ રીતે પવનમાં ડોલતાં વૃક્ષોનાં મધુર નાદ અને ગતિને 'ખળખળ' શબ્દથી વ્યંજિત કરવામાં આવ્યાં છે. શિલા શિલામાં સુવાસ વ્યાપી વળી છે. અને દેવતરુના ઉલ્લેખથી સમગ્ર વાતાવરણની દિવ્યતાનો ઈશારો કરી લેવાયો છે. જ્યાં સૃષ્ટિમાં આ અનુભવ થાય છે ત્યાં જ એની વ્યાપ્તિ બ્રહ્માંડ સુધી પહોંચી જાય છે—'આજે લાસ્ય ચગે ત્રિભુવનમાં.' પ્રથમ બે પંક્તિમાં સ્થિતિ ને ગતિના વિરોધથી આરંભાતું કાવ્ય ગતિમાં પાંગરે છે અને અંતે પણ 'સ્થિર' અને 'ચગે'ના વિરોધથી એક પ્રકારનું અનુભૂતિ-વલય પૂર્ણ કરે છે.

પત્ર : ગઝલનાયકના મનોભાવોને નવીન અભિવ્યક્તિથી અહીં ચોટ સાધક બનાવાયા છે તે માણી શકાશે. 'તમે વળાંક વળ્યાં' તેમાં ગલીનો વાંક કે નજરનો એવો પ્રશ્ન તીવ્ર સંવેદન પ્રકટ કરે છે, તો સુગંધની બજારમાં સોપો પડી ગયો તેના કારણરૂપે તેણે સહેજ કેશ મોકળા કર્યા હશેની કલ્પના ચમત્કારજન્ય આનંદાસ્વાદ કરાવી રહે છે. આવું બધું છે, છતાં ય નાયકચિત્ત ઉદાસી અનુભવે છે, કારણ કે નાયિકા અનુપસ્થિત છે. —ધી. પ.

આગે બઢો

બહાદુરશાહ પંડિત

હું નાનો હતો ત્યારે અમારા ઘરઆંગણે કોઈ સાધુ ભિક્ષા લેવા આવી ઊભા રહેતા તો તરત જ મારા પિતાજી કહેતા: 'મહારાજ, આગે બઢો.' સાધુને ભિક્ષા કે ચપટી લોટ તો મારી બા આપતી તેમ છતાં પિતાજી આ વાક્ય બોલ્યા સિવાય રહેતા નહિ. આમ વારંવાર આ વાક્ય સાંભળવા મળતાં મેં એક વાર પિતાજીને પૂછ્યું: 'બાપુજી, મારી બા લોટ આપે એ પછી સાધુ આગળ તો વધવાનો જ હોય છે. તેમ છતાં તમે એને 'આગે બઢો' શા માટે કહો છો?'

'બેટા, હું સાધુને આગે બઢો કહું છું એ માત્ર આગળના બીજા ઘેર જવાના અર્થમાં કહેતો નથી. હું તો એને એમ સૂચન કરું છું કે તમે આ ભગવાં કપડાં પહેરી સંસારનો ત્યાગ કર્યો એનો ઉપયોગ માત્ર ભિક્ષા માટે જ કરવાના બદલે તમારી સાધનામાં આગળ વધો. આ ભગવાં કપડાંને સાધ્ય બનાવવાના બદલે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા તરફ 'આગે બઢો.''

પિતાજીની વાત ભિક્ષા માગવા આવતા સાધુઓ બિચારા કેટલે અંશે સમજી શકતા હશે એ સવાલ છે, પણ આટલે વર્ષે હવે એ આદેશાનું રહસ્ય મને તો બરાબર સમજાયું છે.

ભૌતિક દૃષ્ટિએ વિચારીએ તો માનવજાતની પ્રગતિનો ઇતિહાસ એ 'આગે બઢો'ની આજ્ઞાના પાલનનું પરિણામ છે. જંગલમાં વૃક્ષો ઉપર કે પર્વતની ગુફામાં વસતો માનવી આજે ગામ કે નગરમાં સકુટુંબ સ્થિર, શાંત અને સલામત જીવન જીવે છે. એ એની 'આગે બઢો'ની વૃત્તિના અમલનું સુફળ છે, પરંતુ આગળ વધવાની આ પ્રવૃત્તિ બહિર્મુખ છે, દૈહિક છે. આ પ્રગતિનો આશય દેહને સલામત અને સુખી બનાવવાનો છે. એથી તો જંગલ છોડી શહેરના આલીશાન બંગલાના સુરક્ષિત શયનખંડમાં સૂતેલો છતાં આજનો માનવી મનની બેચેનીમાંથી મુક્ત થઈ શક્યો નથી.

સમાજના દરેક સ્તરના વિવિધ વ્યવસાયોમાં પડેલા માણસો પોતપોતાના ક્ષેત્રમાં આગળ વધવા પ્રયાસ કરતા જ હોય છે. શિક્ષક હેડમાસ્તર બનવા પ્રયાસ કરે છે તો પોલીસ ફોજદાર બનવાની ઝંખના કરતો હોય છે. સરકારી નોકરીમાં તો કારકુન કશો ય પ્રયાસ કર્યા વિના અમુક વર્ષો બાદ બઢતીના નિયમો મુજબ મામલતદાર બની શકે છે. પણ આવી કોઈ પ્રગતિ એ આગળ વધવાની પ્રવૃત્તિનું પરિણામ નથી. વધારે પગાર, વધારે આવક કે વધારે સત્તા એ માનવીની પ્રગતિની પારાશીશી નથી.

'આગે બઢવા'માં તો માણસે આંતરિક રીતે આગળ વધવાનું છે. સાચી પ્રગતિ પશુ મટી માણસ બનવામાં છે. આવી આંતરિક પ્રગતિની પહેલી શરત દૃઢ સંકલ્પ છે. હું જ્યાં છું ત્યાંથી એક ડગલું પણ આગળ વધવાનો નિર્ણય ના થાય ત્યાં સુધી પ્રગતિ શક્ય નથી.

પણ હું જ્યાં છું ત્યાં કેવો છું? એની શોધ એટલે આત્મખોજથી આરંભ થાય તો ગતિ ઝડપી બની શકે. એવી શોધ કરતાં 'મો સમ કૌન કુટિલ ખલ કામી' એવું માલૂમ પડે તો ગભરાઈ જવાની જરૂર નથી.

એક જ્ઞાનીએ માણસને ફાનસ સાથે સરખાવ્યો છે. ફાનસના ગોળા પર મેશ વળી જાય ને એનો પ્રકાશ બહાર આવી શકે નહિ એમ માણસના આત્માની આસપાસ શંકા, નિરાશા, દંભ, અપ્રામાણિકતા, મૂર્ખામી, આત્મશ્રદ્ધાનો અભાવ આદિની મેશ વળી ગઈ હોય છે. આ બધા દુર્ગુણો દૂર થાય તો અંદરનો પ્રકાશ બહાર આવી શકે. એ પ્રકાશની પ્રતીતિ થવી એટલે આધ્યાત્મિક પ્રગતિ.

આત્મખોજ કરનાર માણસ એક વાત તરત સમજી જશે કે માણસ એટલે એનો દેહ નહિ પણ એનું ચૈતન્ય, એનો આત્મા. દેહ જ જો માણસ હોત તો એનું ચૈતન્ય ચાલ્યા ગયા પછી આપણે એનો નાશ કરતા ના હોત, અને દેહ એ મનુષ્ય નથી એમ સમજનાર બીજા જ પગથિયે એ હકીકત પણ સ્વીકારશે કે આત્મા માલિક છે અને દેહ એનો ગુલામ છે. જગતના તમામ સંતોએ આ જ્ઞાનનો સ્વીકાર કરીને જ પ્રગતિ સાધી છે. ગાંધીજી કહેતા હતા કે દેહ તો ઇશ્વરે આપણને સોંપેલું સંપેતરું છે. એ એના મૂળ માલિકને હેમખેમ પહોંચાડી દેવું એ આપણું કર્તવ્ય છે.

આપણે દેહને માલિક માનીએ છીએ અને સંતો દેહને ગુલામ માને છે. એથી સંતો દેહને કદી તાબે થતા નથી પણ તેની પાસે પોતાની ઇચ્છા પ્રમાણે કાર્ય કરાવે છે.

સ્વામી વિવેકાનંદને સેવ ખાવાની આદત પડી ગઈ હતી. રોજ સવારે એ નાસ્તામાં સેવ ખાતા જ. એક દિવસ એમણે વિચાર્યું કે આ પણ એક વ્યસન છે, એમાંથી મુક્ત થવું જોઇએ. સેવ ખાવાની ઇચ્છા જીભને છે અને જીભ દેહનો એક ભાગ છે. એની ઇચ્છાને તાબે ના થવાય.

એ દિવસે એમણે ટેબલ પર સેવની રકાબી મુકાવી પણ એમાંથી જરા પણ સેવ ખાધી નહિ. બીજા દિવસે પણ રકાબી તો ટેબલ પર આવી પણ સાંજ સુધી એમ જ પડી રહી. એકાદ અઠવાડિયાના પ્રયોગ પછી સ્વાદેન્દ્રિય પર કાબૂ આવી ગયો અને સેવ એમના મનમાંથી નીકળી ગઈ.

આ જ રીતે મનના એકેએક દુર્ગુણને ધીમે-ધીમે ભૂંસી નાખીને માણસ સંયમી, સદાચારી, સચ્ચારિત્ર્યવાન અને અંતે સંત બની શકે. કોઈ સાશંક વ્યક્તિ એવી દલીલ કરી શકે કે આમ ષડ્‌રિપુ–કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર–નો નાશ કરવાનું સહેલું હોત તો જગતમાં આટલા બધા ધર્મો સ્થાપવાની અને આટલાં બધાં મંદિરો બાંધવાની જરૂર જ ના પડત. આવા સંશયાત્માએ શલ્ફ વાલ્ડો ટ્રાઇન નામના એક ફિલસૂફની નીચેની સલાહ ધ્યાનમાં લેવા જેવી છે. તેઓ કહે છે:

'આખું માનવજીવન કાર્યકારણના નિયમોને વશ છે. જીવનમાં કે સમગ્ર વિશ્વમાં અકારણ તો કશું થતું નથી. કુતર્કોમાંથી જે કંઈ જન્મે તેને નસીબ કહીને મન મનવાવામાં ખરો પુરુષાર્થ નથી; પરંતુ પુરુષાર્થ તો આત્મનિરીક્ષણ કરી, હૃદય વ્યાપારમાં ને મનોવ્યાપારમાં ઉચિત ફેરફારો દ્વારા સમગ્ર જીવનના સંજોગોને તથા વિષમ પરિસ્થિતિને પલટાવવામાં છે, કારણ કે આપણે જો મન અને હૃદય પર પૂરતો અંકુશ મેળવીશું તો જીવનમાં આપણું ધાર્યું જ થશે.'

અને જીવનમાં આપણું ધાર્યું કરવાની પ્રવૃત્તિ એ જ 'આગે બઢો'ની પ્રવૃત્તિ. એ પ્રવૃત્તિ કરવા માટે પેલા કવિના મુક્તકને સતત મમળાવ્યા કરવું જોઇએ.

રસ્તે પડ્યા તો રણમાં રસ્તા પડી ગયા,
ઊભા રહ્યા જે મંઝિલે એ ભૂલા પડી ગયા.

બાળપણથી જ તે પ્રતિભાશાળી હતો. તેની મા તેને એક અચ્છો ખેડૂત બનાવવા માગતી હતી. તેથી તેને ખેતરે કામ કરવામાં રોકતી. પણ તેનું મન ખેતીમાં નહોતું ચોંટતું. તેને તો જાતજાતના અખતરાઓ કરવામાં મઝા પડતી. સમય જાણવા માટે તેણે ઘરની બારી પર સનડાયલ બનાવ્યો હતો. બુદ્ધિ વિચક્ષણ હોવા છતાં શાળામાં અભ્યાસ કરવામાં તેને રસ પડતો નહિ. પરિણામે વર્ગમાં તે નબળા વિદ્યાર્થી તરીકે ઓળખાતો. એક દિવસ એક શરારતી તોફાની છોકરા સાથે તેને ઝઘડો થઈ ગયો, તેથી તેણે તેને બરાબર સીધોદોર કરી નાખ્યો. પછી તેને થયું એ તોફાની છોકરાને મારામારીમાં પછાડ્યો તેમ તેને અભ્યાસમાં પણ પછાડું તો મજા આવે. બસ ત્યાર પછી અભ્યાસ પ્રત્યેની તેની બેદરકારી અને નિષ્કાળજીનો અંત આવી ગયો. થોડા જ સમયમાં તે પ્રથમ પંક્તિનો હોશિયાર વિદ્યાર્થી બની ગયો. એ બાળક હતો પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઇઝૅક ન્યૂટન.

—બિપિન પટેલ

કૅપ્ટન જ્હૉન સ્મિથ

શૂરવીરતા, હિંમત અને હિકમત વડે યુરોપનાં ધર્મયુદ્ધોમાં આપબળે પોતાની ઉજ્જવળ અને રોમાંચક કારકિર્દી ઘડનાર તથા અમેરિકાની ભૂમિ ઉપર સૌપ્રથમ અંગ્રેજ વસાહતને કાયમ કરી વિકસાવનાર સત્તરમી સદીનો અલ્પ-પ્રીછયો સાહસવીર



કૅપ્ટન જ્હૉન સ્મિથ. ૧૬૧૬માં પ્રગટ થએલા એના પુસ્તક 'ડીસ્ક્રિપ્શન ઑવ ન્યૂ-ઇંગ્લૅન્ડ'માં સાઇમન વાન દ પાસ દ્વારા આલેખાએલી, અને એકમાત્ર માપ્ય છબી.

આજના કરતાં ઓછા સામ્ય ગણાતા કાળમાં જ્યારે કાંડાં અને ખાંડાંના બળે વીર શૂરવીરો કીર્તિ અને કલદાર રળવામાં ગૌરવ સમજતા હતા ત્યારની આ એક જીવનકથા છે. એક તરફ આહ્વાન આપતા પ્રતિસ્પર્ધીનું માથું ધડ ઉપરથી પલકવારમાં ઉતારી લે, તો બીજી બાજુ સાલસ સ્ત્રી કરતાં યે વધુ નરમાશ બતાવે એવા ઉમદા વીર માટેના એ સમયના ખયાલો પ્રમાણે ખરા અર્થમાં શૂરા અને સજ્જન ગણાએલા કૅપ્ટન જ્હૉન સ્મિથની આ વાત છે. છતાં સર વૉલ્ટર રેલે અને ફ્રાન્સિસ ડ્રેઈક જેવી ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિઓના સમકાલીન એ સાહસવીરની જે યાદ જળવાઈ રહી છે એથી તો એ ક્યાંયે વિશેષ હતો. યુરોપમાં ખેલાએલાં ધર્મયુદ્ધોમાં એણે બતાવેલાં પરાક્રમોને સ્કૉટે લખેલી સાહસકથાઓ પણ આંબી શકે તેમ નથી. વર્જિનીઆમાં જેઈમ્સ નદીના કાંઠા પાસે એની એક પ્રતિમા છે. આજે યુનાઇટેડ સ્ટેટ્સ તરીકે ઓળખાતા વિશાળ દેશનું જ્યાં બીજ રોપાયું હતું તે, સૌપ્રથમ વસેલી અને ટકી રહેલી અંગ્રેજ વસાહત જેઈમ્સ-ટાઉનનું એ સ્થાન છે. એ વસાહતને પોતાના શૌર્ય, સાહસ અને આ-વડતથી ટકાવી રાખનાર આ જ્હૉન સ્મિથ જ હતો. પણ એનાં ગીતો જોડા-યાં નથી. એના જ સમકાલીન હોવા છતાં એના પરાક્રમશીલ જીવનમાંથી શેક્સપીઅરે પોતાનાં નાટકો માટે કંઈ પ્રેરણા લીધી પણ જણાતી નથી.

લિંકનશાયરમાં વિલોબી મુકામે ઈ. ૧૫૮૦માં એનો જન્મ થયો. એ રીતે આ એની ચોથી જન્મશતાબ્દીનું વર્ષ ચાલે છે. નાનીશી ઇસ્કા-મતવાળા એક ખેડૂત જમીનદારનાં ત્રણ સંતાનોમાં એ સૌથી મોટો હતો. ચાંચિયાઓનાં દરિયાઈ યુદ્ધો, ટકી રહેવા માટે સતત લડી રહેલા ઇંગ્લૅન્ડની યુદ્ધકથાઓ, સ્પેનિશ કાફલાઓના દરિયાઈ વિજયો અને અજાણ્યા મુલકોની શોધમાં આખી દુનિયાના દરિયા ડખોળતાં દેશ-દેશનાં વહાણોનાં સાહસોનાં વર્ણનો તો એ ગળથૂથીમાંથી સાંભળતો આવ્યો હતો. દરિયામાં કે જમીન ઉપર, રાજ રાજ વચ્ચે, કૅથોલિકો અને પ્રૉટેસ્ટંટો વચ્ચે, ઇસાઈ અને મુસલમાનો વચ્ચે રાજ યા ધર્મને માટે ક્યાંક ને ક્યાંક ખાંડાં ખખડયાં જ કરતાં. તેની વાતોમાં નાના જ્હૉનને અત્યંત રસ પડતો. આલ્ફ્રેડ અને લાઉથની ગ્રામર સ્કૂલમાં ભણવાને બદલે દરિયા પારના દેશો જોવાના ને ભાલાંભરછી ને તીરતલ-વાર જેવા મર્દોના શણગાર સજવાના એને કોડ થતા. પિતા તો એ માટે રજા જ આપે, એટલે એણે ઘેરથી નાસી જવાના મનસૂબા ઘડવા માંડયા.

પણ એ મુરાદ બર ન આવી. પિતાનું અવસાન થયું. માતા તો એ પહેલાં જ સિધાવી ગઈ હતી. નોધારાં થઈ ગએલાં એ ત્રણે ભાંડુઓને લંડનમાં કોઈ સગાને આશરે જવું પડયું. રોકટોક કંઈ રહી નહિ, એટલે જ્હૉન ખારવા ને માછીમારોની વસ્તીમાં ભટકતો થઈ ગયો. ભણવાને બદલે એ વહાણવટાની વાતો શીખવા લાગ્યો. દરિયામાં પડીપડીને એ ઉસ્તાદ તરવૈયો બની ગયો.

વાલીઓએ એને ધંધે વળગાડવા નજીકના ગામમાં એક વેપારી ટૉમસ સેન્ડલની દુકાનમાં નોકરીએ ચડાવી દીધો. પણ કાંધે જોતર પડે ત્યારે કૂણા પડી જાય એવામાંનો જ્હૉન નહોતો. સોનું લાદેલા વહાણનો મોટો માલમ બનીને કેડે તલવાર ખણખણાવતો પોતે તૂતક ઉપરથી હુકમો છોડતો હોય એવાં સ્વપ્નાં એને હજી યે આવતાં હતાં. દુકાન-ના કામમાં એનો જીવ પરોવાતો ન જોઇને શેઠે એક વાર એને ઠપકો આપ્યો, અને એણે નોકરી છોડી દીધી. પગપાળો એ લંડનમાં વાલી પાસે પહોંચ્યો અને પરદેશ જવા માટે પૈસા માગ્યા. એ તો મળ્યા નહિ, પણ વાલીએ એને ફ્રાંસ જઈ રહેલા લૉર્ડ વિલોબીના અમીરજાદા પેરી-ગ્રીન બર્ટીના સાથે નોકર તરીકે ભળાવી દીધો. વાટખર્ચી માટે દસેક શિલિંગ પણ આપ્યા, અને જ્હૉનને તો આ ભાવતું મળી ગયું.

પોતાના માલિક સાથે એ દોઢેક માસ ઑર્લિયન્સમાં રહ્યો ત્યાં તો ધરાઈ ગયો. માલિક પાસેથી એણે રજા માગી. વણમાગી સલાહો અને ઘેર પહોંચવા માટે થોડા પૈસા મેળવી એ ચાલી નીકળ્યો. ઘેર નહિ, પારી(સ) તરફ, ત્યાં ચાલી રહેલી લડાઇમાં જોડાવા. પણ એ પહોંચ્યો ત્યારે તો ત્યાં શાંતિ સ્થપાઈ ગઈ હતી. પારી(સ)નો એનો મોહ ઊતરી ગયો. ડૅવિડ હ્યુમ નામનો એક સ્કૉટ એને ત્યાં મળી ગયો. એને થોડા પૈસાની જરૂર હતી. સ્મિથે તે આપ્યા એટલે આ અંગ્રેજ છોકરા પર એ ખુશ થઈ ગયો. સ્કૉટલૅન્ડમાં પોતાની વગવાળા માણસો પર એણે ચિઠ્ઠીઓ લખી આપી અને સ્મિથને રાજા જેઈમ્સનો દરબાર બતાવવાની પણ લાલચ તેમાં ઉમેરી દીધી.

પરંતુ જ્હોનનાં ખિસ્સાં હવે ખાલી થઈ ગયાં હતાં. સ્વાભાવિક જ એ દરિયાકાંઠા તરફ ઊપડયો અને રૉવન પહોંચ્યો. અહીં એણે પહેલી-વાર રણશિંગાં ફૂંકતા ને નગારાં વગાડતા લશ્કરના હથિયાર ખખડાવતા સૈનિકોને તાલબદ્ધ કૂચ કરતા જોયા અને દરિયાઈ પરાક્રમોની એની ધૂન સરી ગઈ. પડઘમના તાલે એનું હૃદય ધડકવા લાગ્યું. ફ્રેંચ સૈન્ય-માં એ જોડાવા ગયો, પણ અજાણ્યા અંગ્રેજ છોકરાને કોણ રાખે? છતાં નીચાણના ફ્રેંચ પ્રદેશમાં કૅપ્ટન ડક્સબરીની એક ટુકડીમાં એને સ્થાન મળી ગયું. બેએક વર્ષ એ નેધરલૅન્ડ્સના પ્રદેશોમાં લડયા

પછી એના એ ઓરતા પણ શમી ગયા. એનું મન વળી નવાં પરાક્રમો ખોળવા માંડયું. હજી યે સાચવી રાખેલી ડૅવિડ હ્યુમની ચિઠ્ઠીઓ એને યાદ આવી ગઈ અને એ સ્કૉટલૅન્ડ જતા વહાણમાં ચડી બેઠો. આ વહાણને તોફાન નડયું, તેમાં દરિયાના બરફ જેવા ઠંડા પાણીમાં ફેંકાઈ પડેલો સ્મિથ નાનપણથી જ તરવૈયો ન હોત તો ડૂબી જ મરત. તરતોતરતો એ એક અજાણ્યા બેટ પર પહોંચી તો ગયો, પણ ઠંડીથી ચડેલા તાવના લીધે એને દિવસો સુધી ત્યાં રોકાઈ રહેવું પડયું. અંતે કોઈ માછીમારની સહાયથી એ સ્કૉટલૅન્ડ પહોંચી ગયો. પેલા હ્યુમની ચિઠ્ઠીઓના પ્રતાપે એને ત્યાં આવકાર પણ મળ્યો. થોડા દિવસો ત્યાં રહીને પછી એ પોતાની જન્મભૂમિ તરફ ઊપડયો.

ગામ છોડીને ગયો ત્યારે તો એ શેખચલ્લી જેવો તરંગી છોકરો દેખાતો હતો, પણ હવે એ વીર જવાન બનીને પાછો ફર્યો હતો. પ્રોટેસ્ટંટ ઈંગ્લૅન્ડ અને કૅથોલિક સ્પેઈન વચ્ચે ત્યારે આડવેર હતાં અને ગામનો આ નવયુવાન એ શત્રુ સ્પેઈન સામે લડીને આવ્યો હતો. લંડન અને પારી(સ) જેવાં મોટાં પાટનગરો એણે જોયાં હતાં ને સ્કૉટલૅન્ડમાં પણ એ ઘૂમી આવ્યો હતો. સૌએ તેને માનપાનથી વધાવી લીધો. પણ એશ-આરામમાં રાચે એવો એ નહોતો. થોડા દિવસ મોજ કરી એણે પોતાની શક્તિઓને પુનઃ સતેજ કરવા યોજના ઘડી કાઢી. બેચાર દિવસે નિયમિત એને ખોરાક પહોંચતો રહે તેવી વ્યવસ્થા કરીને એ પોતાનો ઘોડા તથા હથિયારો અને થોડાં પુસ્તકો લઈને ગામથી દૂર જંગલમાં એક શાંત સ્થળે એકલો રહેવા ચાલ્યો ગયો. અહીં એકાંતમાં એ ઘોડેસવારીના અઘરા પ્રયોગો કરતો, તલવારબાજીના અવનવા દાવ અજમાવતો ને સાથે આણેલી ચોપડીઓમાંથી યુદ્ધકળાના પેચ અને લડાઈની વ્યૂહરચનાઓનો અભ્યાસ કરતો, વૃક્ષોને શત્રુ સમજી તેના પર પોતાનું કાંડાબળ અજમાવતો. કંઈ પણ ડખલ વિના એકાગ્ર ચિત્તે કરેલી એ એકાકી યુદ્ધસાધનાથી એનાં કાંડાં સાબૂત થયાં, દૃષ્ટિ વેધક બની, તલવારબાજીમાં કુશળતા ને શરીરમાં ચપળતા તથા ઘોડેસવારીમાં કાબેલિયત આવી. યુદ્ધની વિવિધ વ્યૂહરચનાનો એ અચ્છો જાણકાર બની ગયો.

ફરી એને રણમેદાનમાં પહોંચી જવાની તલપ લાગી. અહીં ઑવલિકન દ્વારા એક દરબારી સાથે એ ટૅટરશેલ ઊપડયો. ત્યાં એને કૉન્સ્ટન્ટિનોપલથી આગળ વધીને યુરોપના મુલકોને ધમરોળતાં તુર્ક ધાડાંઓનાં આક્રમણો અને ખ્રિસ્તી પ્રજા પરના એમના અત્યાચારોની વાતો સાંભળવા મળતી. અંદરોઅંદર બાખડતા પ્રોટેસ્ટંટ અને કૅથોલિક ખ્રિસ્તીઓમાં લડવાને બદલે ઈસાઈ ધર્મના દુશ્મન તુર્કો સામે લડવું એને વધુ યોગ્ય લાગ્યું, અને એ હંગેરી જવા પાછો ફર્યો.

માર્ગમાં એને ચાર ફ્રેંચ ઠગ ભેટી ગયા. એકલા મુસાફરી કરતા આ વીસેક વર્ષના દેખાવડા અંગ્રેજ યુવાનને છૂટે હાથે પૈસા ખર્ચતો જોઇને એમણે સ્મિથને પોતાનો શિકાર બનાવ્યો. તેનાથી ભોળવાઈને એ તેમની સાથે ફ્રાંસ જવા જહાજમાં ચડયો. આ જહાજનો કપ્તાન પણ પેલા ઠગોનો મળતીઓ હતો. એક રાતે એણે ઠગોને જહાજમાંથી એક હોડી કાઢી આપી અને તેમાં પેલા ચોરો સ્મિથનાં કિંમતી કપડાં, પૈસા અને બીજો સરસામાન લઈ નાસી ગયા.

અંતે ફ્રાંસના કિનારે ઊતરી એ ચાલતો બ્રિટાની ગયો. ત્યાંથી માર્સેલ્સ અને ત્યાંથી રોમ જવા વહાણમાં ચડયો. માર્ગમાં ભયંકર તોફાન નડયું. પ્રવાસીઓમાં સ્મિથ સિવાય બધા કૅથોલિક યાત્રાળુઓ જ હતા. પોતાની વચ્ચે આ એક માત્ર પ્રોટેસ્ટંટ અંગ્રેજને જોઈને તેઓ એને જ આ કુદરતી કોપનું કારણ ગણવા લાગ્યા. આમાંથી થોડી બોલાચાલી થઈ અને પેલા યાત્રાળુઓએ એકઠા થઈને સ્મિથને દરિયામાં ફેંકી દીધો. તરતો તરતો સ્મિથ નજીકના સેન્ટ મેરી ટાપુ પર જઈ ચડયો. ફરી એક વાર પહેરેલાં કપડાં સિવાય એની પાસે કશું જ રહ્યું નહિ. એ નિર્જન ટાપુ પર એકલા રહેવામાં એ તો સમર્થ હતો, પણ નસીબજોગે ચાંચિયાઓનું એક વહાણ ત્યાં આવી ચડયું અને તેણે સ્મિથને ઉગારી લીધો. આવા ચાંચિયાઓ સાથે ભળવા તો એણે પહેલી વાર ઘર છોડયું હતું. આજ અનાયાસ એવી તક મળી ગઈ અને સ્મિથે એ ઝડપી લીધી. બે દિવસ સુધી શિકારની રાહ જોયા પછી હિંદુસ્તાનમાંથી કિંમતી માલ ભરીને જતું વેનિસનું એક વહાણ ભેટી ગયું. ગોળીબાર ને પછી તલવારોની રમઝટ બોલી. ચાંચિયાઓએ પેલા જહાજમાંથી પોતાના જહાજમાં સમાય તેટલો માલ ભરી તેને ડુબાડી દીધું.

ચાંચિયાગીરીનો લહાવો પણ લેવાઈ ગયો એટલે સ્મિથને ફરી તુર્કો યાદ આવ્યા. કપ્તાનની એણે રજા માગી. લડાઈમાં સ્મિથે જે બહાદુરી બતાવી હતી તેથી ખુશ થએલા કપ્તાને લૂંટમાંથી પાંચસો પાઉન્ડ ભેટ આપીને એને ઈટાલીના કિનારે ઉતારી દીધો.

ઈટાલીમાં જોવા લાયક સ્થળો જોઈ લઈને સ્મિથ તુર્કો સામે લડવા માટે હંગેરિયન લશ્કરમાં જોડાઈ ગયો. પોતાની ઘોડેસવારીની કરામતો બતાવીને તેણે લશ્કરના કેટલાક ઉચ્ચ અમલદારો સાથે પરિચય વધાર્યો. આમાંનો એક બેરન ઈબર્સબાટ કંઈક વધુ વિચારશીલ અને યોજનાપૂર્વકની યુદ્ધશૈલીમાં મળનારો હતો. જૉને એની સાથે લાંબા અંતરેથી સંદેશાની આપલે કરવાની એક નવી જ સંજ્ઞાપદ્ધતિ યોજી. રાતે બળતી મશાલોને અમુક નિશ્ચિત રીતે હલાવીને તેના અમુક અર્થ તેઓએ નક્કી કર્યા અને તેની સફળ અજમાયેશ પણ કરી જોઈ.

આ પછી ઈબર્સબાટને લિમ્બાક નગરના રક્ષણાર્થે જવું પડયું. એ શહેર કબજે કરીને એણે એમાં પ્રવેશ તો કર્યો, પણ ૨૦,૦૦૦ તુર્કોએ એને નગર બહારથી ઘેરી લીધો. ઈબર્સબાટના બચાવ માટે જે કુમક મોકલવામાં આવી તેમાં સ્મિથ પણ સામેલ હતો. આ લોકોનું સંખ્યાબળ તુર્કોને પહોંચી વળે એટલું તો નહોતું જ, પરંતુ જો ગઢમાંથી ઈબર્સબાટ અને બહારથી આ સૈન્ય એક સામટો હલ્લો કરે તો કંઈક બની શકે. પણ આ હલ્લાનો સમય નક્કી કેમ કરવો? ગઢની ચારે બાજુ તો તુર્કસેના ઘેરો ઘાલીને પડી હતી.

જૉન સ્મિથે સૈન્યના સરદારને મળીને ઈબર્સબાટ સાથે સંપર્ક સાધવા પોતાની સંજ્ઞા-પદ્ધતિ અજમાવવાની રજા મેળવી. બેત્રણ જણને લઈને એ નજીકની એક ઊંચી ટેકરી પર પહોંચી ગયો. દૂર દૂર પેલા ગઢમાંથી આ ટેકરીની ટોચ માત્ર દેખાતી હતી. અને રાત પડતાં એણે મશાલો પેટાવીને સંકેતો કરવા માંડયાં. ઈબર્સબાટ આ જોશે, કે જોશે તો તેને પેલી સંજ્ઞાઓ યાદ હશે કે નહિ તે એ નહોતો જાણતો, પણ થોડી વાર પછી એણે ગઢમાંથી પણ બળતી મશાલની વળતી સંજ્ઞા જોઈ. યુક્તિ ફળી, અને સ્મિથે જરૂરી સંદેશાની આપલે કરી લીધી.

નિશ્ચય કર્યા પ્રમાણે બંને બાજુથી એકસાથે હુમલો થયો. તુર્કો વિમાસણમાં પડી ગયા અને એથી હાર્યા. આ બદલ સ્મિથને ૨૫૦ ઘોડેસવારની ટુકડીનું નેતૃત્વ મળ્યું અને એ કૅપ્ટન જૉન સ્મિથ બન્યો. આગળ જતાં આથી યે વિશેષ માન અને પદ એણે પ્રાપ્ત કર્યા હતાં પણ એ સદાય કૅપ્ટન જૉન સ્મિથ તરીકે જ ઓળખાયો છે.

યુરોપમાં યુદ્ધો દરમિયાન આવી તો ઘણી યુક્તિઓ એણે અજમાવેલી અને અનેક સાહસો કરેલાં પણ તેની લાંબી કથા અહીં સમાવવી શક્ય નથી. તુર્કો સામેની એક લડાઈમાં ઘાયલ થતાં એ પકડાઈ ગયો. એનો ભભકાદાર પોશાક અને રૂઆબ જોઈ શત્રુઓ એને કોઈ મોટો અમલદાર સમજીને બાન તરીકે ઈસ્તંબુલ ઉપાડી ગયા. પછી જ્યારે ખબર પડી કે મોટી રકમ આપીને એને કોઈ છોડાવી જાય તેમ નથી ત્યારે એને ગુલામ તરીકે વેચી નાખ્યો. અને એને ખરીદનાર બાશો બાગલે આ ગોરા ગુલામને પોતાની પ્રિયતમા ચરાટઝાને ભેટ તરીકે મોકલ્યો. પાસે ત્રેવીસ વર્ષના આ સોહામણા બહાદુર યુવાનને જોઈને ચરાટઝા બાશો બાગલને